
શ્રી સૂર્યવંશી વિજયતે

શ્રી લોહાણા મહાપરિષદ

સંનિષ્ઠા - સંગઠન - સેવા દ્વારા સિદ્ધિ



RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

VOL-9 • ISSUE NO.-4 • 5th November - 2021 • RETAIL PRICE : RS. 10 • PAGE - 96

ચાલો, એક દીપ પ્રગટાવી તો જોઈએ
અંધારાને દુર હડસેલી તો જોઈએ
મંઝીલ મળે ભલે થોડી વહેલી કે મોડી
ચાલો, આપણે રસ્તો બનાવી તો જોઈએ !

## સૌને
## શુભ દીપાવલી
## નૂતન વર્ષાભિનંદન

# Centralised location for Pilgrims & Tourists



## Khimji Bhagwandas Arogya Bhavan



Khimji Bhagwandas Arogyabhavan is strategically located on the banks of the holi river, in Panchavati.This place is known for pilgrimage & has significant religious significance for Hindus with a temple complex on the bend of the Godavari river, which includes Kalaram Temple.
Driving distance from highway (Dwarka Naka) is approx 10min.

Profit if any earned from this Arogya Bhavan is utilized for Charity purpose

Tariff and Facilitie

| Tariff | Non Lohana Community | Lohana Community |
|---|---|---|
| Deluxe A/c Room (River View) | Rs.2500 (2 Pax) | Rs.1850 (2 Pax) |
| Deluxe A/c Room (City View) | Rs.2250 (2 Pax) | Rs.1550 (2 Pax) |
| Extra Bed (Maxi.Extra 2 Person/per room)* | Rs.1000 for each Pax | Rs.650 for each Pax |
| Dormitory Room | Not Applicable | Rs. 250 Per Bed |
| Driver Accommodation | Rs.200 Per Person | Rs. 200 Per Person |
| *Up to 2 children under the age of 5 are accommodated for free in their parent's Room* | | |
| Room Check in Time - 01.00 pm | | Room Check Out Time - 10.00 am |

* Include Breakfast, Lunch, Evening Tea & Dinner

**Taxes As Applicable**

| FACILITIES | |
|---|---|
| Deluxe A/c Rooms with attached bathroom | Laundry Services, |
| Hot and cold running water | Power Back up |
| LCD Television | Indoor Parking Facility |
| Wi-Fi Connectivity | Sight Seeing arrangements. |

**2 Air Conditioned Banquet Halls Measuring About 4000 Sq.Ft. Each**

A/c Banquet Hall Rs. 31,000/- per day - Timing 7.00 am to 10.00 pm

Non A/c Banquet Hall Rs. 15,000/- per day - Timing 7.00 am to 10.00 pm

Address : Sardar Chowk, Muthe Gali, Panchavati, Nashik - 422003 (Mah.) India
Phone No.: (0253) 2512724 / 2510426 Fax :- +91 0253-2512724

Email :- khimjibhagwandas@gmail.com
Website : www.khimjibhagwandascharitytrust.org

નવેમ્બર - 2021

માલિક
**શ્રી લોહાણા મહાપરિષદ**

પ્રકાશક / પ્રમુખ : સતિષ ડી. વિઠ્ઠલાણી
તત્કાલિન પ્રમુખ : પ્રવિણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હરીશ બી. ઠક્કર

માર્ગદર્શકશ્રીઓ :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

**શ્રી લોહાણા મહાપરિષદ પત્ર વ્યવહારનું સરનામું :**

**રજીસ્ટર્ડ ઓફિસ**
શ્રી લોહાણા મહાપરિષદ
શ્રી લોહાણા કન્યા શાળા, નેતાજી સુભાષચંદ્ર બોઝ રોડ,
મુલુંડ પોલીસ સ્ટેશન પાસે, મુલુંડ (પશ્ચિમ),
મુંબઇ - ૪૦૦૦૮૦. ભારત
ફોન : +૯૧ ૨૨ ૨૫૬૧૭૩૨૫૦

**સભ્યપદ :**
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-

**ઈમેઈલ :**
contact@lohanamahaparishad.org

**વેબસાઇટ**
www.lohanamahaparishad.org

**હેલ્પલાઈન નં. :**
+91 22 256173250
+91 99099 99308

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ....................................૪
તંત્રી સ્થાનેથી ....................................૬
મહામંત્રીશ્રીઓનું નિવેદન ....................................૭
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તુ લઈજા - ધીરુભાઈ મીરાણી..........૧૧
પ્રથમ કારોબારી સમિતિનો અહેવાલ ....................................૧૩
ચિંતન શિબિરનો અહેવાલ ....................................૧૭
સ્થાયી સમિતિઓના અહેવાલ ....................................૩૫
શુભેચ્છા મુલાકાત ....................................૭૫
વિભાગીય સમાચાર ....................................૮૧
સંસ્થા સમાચાર ....................................૮૮
ભાગ્યશાળી દાતાશ્રી યોજના ....................................૯૦
શાબાશ રઘુવંશી ....................................૯૨
શ્રી લોહાણા મહાપરીષદ અમદાવાદ કાર્યાલયનું ઉદ્‌ઘાટન ...........૯૪

પ્રતિ,
માનદ ટ્રસ્ટીશ્રીઓ, મધ્યસ્થ મહાસમિતિ તેમજ કારોબારી સભ્યો, મહાજનો, સંસ્થાઓ અને જ્ઞાતિ અગ્રણીઓ

સુજ્ઞ મહોદયો,
આપણી સંસ્થાનું રજિસ્ટર્ડ કાર્યાલય મુંબઈ ખેતવાડીથી ખસેડી મુલુંડ મુંબઈના નીચેના સરાનામે શરુ કરવામાં આવ્યું છે.

**રજીસ્ટર્ડ ઓફિસ**
શ્રી લોહાણા મહાપરિષદ
શ્રી લોહાણા કન્યા શાળા, નેતાજી સુભાષચંદ્ર બોઝ રોડ,
મુલુંડ પોલીસ સ્ટેશન પાસે, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૮૦. ભારત
ફોન : +91 22 256173250
ઈમેઈલ : contact@lohanamahaparishad.org

ડૉ. સુરેશ પોપટ
મહામંત્રીશ્રી

શ્રી હરીશ ઠક્કર
મહામંત્રીશ્રી



## પ્રકાશના મંગલ પર્વે...

**આદરણીય સૌ વડિલો, ભાઈઓ - બહેનો અને યુવાન દોસ્તો,**

**સૌને જય જલારામ.... જય રઘુવંશ... જય મહાપરિષદ....**

દિવાળીનો તહેવાર પ્રકાશપર્વ તરીકે ઉજવાય છે. એક દીપથી અનેક દીપ પ્રગટાવી, એનાથી ઉદ્ભવતા પ્રકાશ દ્વારા કિરતારની કલાકૃતિ સમી સૃષ્ટિને સુશોભિત કરવાનું શ્રેષ્ઠપર્વ એટલે દિવાળી. આ પર્વ પર બહાર તો દીવા પ્રગટાવવાના જ, પરંતુ ખરો દીવો તો દિલમાં પ્રગટવો જોઈએ. દીવો એ જ્ઞાનનું પ્રતિક છે. દિલમાં દીવો કરવો એટલે ચોક્કસ પ્રકારની સમજ સાથે દિવાળીનો ઉત્સવ ઉજવવો. આ દિવસે મહાલક્ષ્મીજી અને સરસ્વતીની પૂજા થાય છે. દિવાળી એટલે "તમસો મા જ્યોતિર્ગમય" મંત્રની સાધના કરતાં કરતાં આપણે આપણા અને અન્યના જીવનપથને માતૃસંસ્થા મહાપરિષદના માધ્યમથી પ્રકાશિત કરવાનો અવસર છે.

આપણે એવું કહીએ છીએ કે દિવાળી એટલે વૈશ્યોનાં ચોપડા પૂજનનો દિવસ. સમગ્ર વર્ષનું સરવૈયું કાઢવાનો દિવસ. આ દિવસે માણસે પણ પોતાના જીવનનું, પ્રવૃત્તિઓનું સરવૈયું કાઢવું જોઈએ અને જીવનમાંથી રાગ-દ્વેષ, વેરઝેર, ઈર્ષ્યા અને કટુતા દૂર કરી પુરાંતમાં સત્ય, પ્રેમ, ધર્મ, શ્રદ્ધા, એકતા, સંગઠન, નિસ્વાર્થ ભાવ, પરોપકાર, ભલાઈ અને ઉમંગ તથા ઉત્સાહ રહે તેનું ધ્યાન રાખવું જોઈએ. આપ સૌ જાણો છો કે આપણે ગત તા. ૨૫, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ આવા જ એક ભાવ અને હેતુથી મારા પ્રમુખ તરીકેના કાર્યકાળના છેલ્લા નવ માસનું સરવૈયું કાઢવા જ આપણા સૌ હોદ્દેદારોની ચિંતન શિબિરનું અમદાવાદ ખાતે સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ ચિંતન શિબિરે ખરા અર્થમાં એક વલોણાનું કામ કર્યું અને જેમ દહીં વલોવીને સરસ મજાનું માખણ નીકળે તેમ આ શિબિરના ફલશ્રુતિ રૂપે ઘણા નવા વિચારો, પ્રકલ્પો, આયોજનો માખણના સ્વરૂપે પ્રાપ્ત થયા, જેનો વિગતવાર અહેવાલ આ અંકમાં અલગથી આપેલો છે. ચિંતન શિબિરની સાંગોપાંગ સફળતા માટે હું સૌ ટ્રસ્ટીઓ, વરિષ્ઠ ઉપપ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ, સ્થાયી સમિતિના સૌ અધ્યક્ષશ્રીઓ, ઝોન પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ, રિજન પ્રમુખશ્રીઓ અને તેના મંત્રીશ્રીઓ તેમજ સૌ આયોજકોને હૃદયથી અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કરું છું. સાથે સાથે શ્રદ્ધા વ્યક્ત કરું છું કે આ શિબિરમાં વિચારોના વલોણા દ્વારા જે કંઈ પ્રકલ્પોના નિર્ણયો થયા છે તે ખૂબ ઝડપથી જ્ઞાતિના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચી તેનો લાભ સૌને પ્રાપ્ત થાય અને એ રીતે રઘુવંશી સમાજનો વિકાસ થાય.



દિવાળી પછીનો દિવસ એટલે નૂતન વર્ષ. મારી દૃષ્ટિએ આ દિવસ એટલે શુભ સંકલ્પનો દિવસ. નૂતન વર્ષે મનનો અંધકાર ધોઈ નાંખી, અંતરને અજવાળીને, ગેરસમજો દૂર કરીને, પરસ્પર સદભાવ, સંપ, એકતા તેમજ શુભેચ્છાના ફૂલો વેરીને આપણા અને અન્યના જીવનમાં સુગંધ ભરીએ, ઉજાસ પાથરીએ, મીઠાશ અને મધુરતાનો અનુભવ કરીએ અને કરાવીએ. વિક્રમ સંવતના નૂતન વર્ષે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના માધ્યમથી આપણા તમામ પ્રકલ્પો અને પ્રવૃત્તિઓને સત્તા અને સામર્થ્યના વિકેન્દ્રિકરણ દ્વારા જ્ઞાતિના જન જન સુધી પહોંચાડવા તન, મન, અને ધનથી આપણે આપણી શક્તિને સમજ અને વિવેકપૂર્વક કામે લગાડીએ. એમાં જાગૃતિ, ઉત્સાહ, સાવધાની, ચીવટ, નિષ્ઠા જેવી ઘણી બધી સાત્વિક સંપત્તિનું રોકાણ કરીએ. માતૃસંસ્થા મહાપરિષદ સાથે જોડાયેલા આપણે સૌને આટલી ખબર અચુક છે જ કે "સૌના હિતમાં આપણું હિત એજ આપણા સંસ્કાર છે."

ચાલો, દીપાવલીના પુનિત પર્વ પર આપણે શુભ સંકલ્પ કરીએ કે અજ્ઞાનના અંધકારને કારણે સમાજમાં કોઈ ગેરસમજ અને નકારાત્મક્તા તેમજ ખોટી રૂઢીઓ તથા પરંપરાઓ ન વ્યાપે. આ માટે આપણે સૌ વિવેક રૂપી દિવાના પ્રકાશથી તેને દૂર કરીએ અને સમાજમાં સ્વસ્થ પરંપરાઓની સ્થાપના કરીએ. આ પર્વ પર આતશબાજી અને ફટાકડા પાછળ ખોટો ખર્ચ કરવાના બદલે પોતાના અંતર મનમાં તથા પરિવારમાં, સમાજમાં શાંતિ અને સંગઠનના પ્રકાશને આમંત્રણ આપીએ. આવી સુંદર સમજ નિર્દેશ તો જ્ઞાનદીપક સૌ રઘુવંશીઓના દિલમાં પ્રગટે અને આપણું જીવન દીપોત્સવ સમું બની રહે તેવી સૌને પ્રકાશના આ પર્વે હૃદયપૂર્વકની શુભકામનાઓ સહ નૂતન વર્ષાભિનંદન.

**સતિષ ડી. વિઠલાણી**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**



# દીપોત્સવ અને નૂતન વર્ષે આપણી સંકલ્પના

દીપોત્સવ આપણા રાષ્ટ્રનો મહા ઉત્સવ છે. એ આપણા દેશનું સાર્વજનિક પર્વ છે. ગુલાબ, સૂરજમુખી, કમળ, ડહાલીયા વગેરે પુષ્પોથી બનતા 'પુષ્પ ગુચ્છ' ની જેમ દિપોત્સવ એટલે વાઘબારસ, ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, નૂતનવર્ષ, ભાઈબીજ, લાભપાંચમ જેવા એક સાથે વિવિધ તહેવારોનો "તહેવાર ગુચ્છ" છે. કેલેન્ડરમાં એક એક દિવસનું ખાનું પૂરીને દિવાળી નથી આવતી, દિપોત્સવની દીપમાળાને હર્ષોલ્લાસથી વધાવવા આખેઆખું એક વર્ષ આતુરતાપૂર્વક રાહ જોવાતી હોય છે. અમાસે આવતી આ દિવાળી એટલે અંધકારને ફેંડવા દીપ પ્રાગટ્ય કરી પ્રકાશના ઉજાસના સત્કારનો સ્વીકાર. પર્વોની મહારાણી દિવાળી દરેક જણને રાજા બનાવી દે છે. દીપમાલા સ્વયં પોતે જ આનંદ-ઉલ્લાસ અને સ્ફૂર્તિની પ્રેરક છે. દીવડાઓની હારમાળા સાથે લોકોના દિલ પણ ઝળાંહળાં થઈ જાય છે. પ્રકાશનું આ પર્વ ગયા વર્ષના લેખાજોખા કાઢીને નવીન વર્ષનું રંગેચંગે સ્વાગત કરે છે.

આપણી ઉપરથી ગડથોલાં ખાતી દિવાળી આમ તો કાનમાં ઘણું બધું કહેતી હોય છે. વર્ષો આપણામાં કે આપણે વર્ષોમાં ઉમેરાઈએ છીએ એ જાતને પૂછવાની જરૂર છે. માણસ જેમ જેમ દિવાળી વધારે જુએ એમ એમ ક્વોન્ટિટીની સાથે ક્વોલિટી પણ વધવી જોઈએ. ઘણા લોકોને આપણે એવું બોલતા સાંભળીએ છીએ કે "મેં તો આવી ઘણી દિવાળી જોઈ નાખી." "તમારા કરતાં તો વધુ દિવાળીઓ અમે જોઈ છે." પરંતુ શું વધુ દિવાળી જોવાથી આપણે વધુ સમજણા બન્યા ખરા? જેટલી આપણે દિવાળી જોઈ છે એટલી એના બધા જ દિવસો આપણે સારી રીતે પસાર કરીએ છીએ? જીવનમાં કંઈક નવીનતમ કરીએ છીએ? આપણા દોષોનું દહન કરીએ છીએ? બધા વિચારો નૂતન વર્ષના આરંભે કરવા રહ્યા. ભગવાનશ્રી સ્વામીનારાયણે સ્વયં ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮માં વચનામૃતમાં કહ્યું છે કે, "વેપારી જેમ દિવાળી આવે હિસાબ તૈયાર કરે છે તેમ આપણે સૌ કોઈએ આપણે આ વર્ષમાં આગળ વધ્યા કે ઘટ્યા તેનો હિસાબ અવશ્ય રાખવો જ જોઈએ."

આપણે આ દિવાળીના પર્વમાં રંગબેરંગી રંગોળી પૂરીએ છીએ તેમ આપણા જીવનમાં અનેક સદગુણોની રંગોળી પૂરીએ. દિવાળીમાં જેમ ઘરની સફાઈ થાય છે તેમ આપણે મનની સફાઈ પણ કરીએ. આખું વર્ષ પાળી પોષીને મોટા કરેલા હઠાગ્રહ, દુરાગ્રહ, પૂર્વાગ્રહ, આગ્રહ તથા જીદને કોરાણે મૂકી ન ગમતા વ્યક્તિને પણ ગળે વળગાડીએ. સંબંધોમાં 'ટણીઓ' સંબંધની દૂરી વધારે છે, એ ન ભૂલવું જોઈએ. આ ઉપરાંત શ્રદ્ધા કેરા દિપકને સદાય જીવતો રાખી જીવનને અંજલિ બનાવવાનો આ અવસર એટલે દિપોત્સવ અને નૂતનવર્ષ.

સંવત ૨૦૭૮ના શુભારંભે રઘુવંશી સમાજના જનજનના મનમાં ચેતનાના નૂતન આર્વિભાવ પ્રગટાવી સૌ કોઈને ઉજજવળ ભવિષ્યની નવી ક્ષિતિજો માટે પથદર્શક બની રહે તેવા પ્રકલ્પોના સંકલ્પો કરીએ. આ માટે લોહાણા જ્ઞાતિમાં જન્મેલા સંત શિરોમણી વિશ્વવંદનીય પૂ. યોગીજી મહારાજે ચીંધેલા "સંપ, એકતા અને સહૃદયતા"ના સંકલ્પો લઈએ. "સૌના ભલામાં આપણું ભલું" હોવાની પરમપૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની વાતને હૃદયમાં ઉતારીએ તેમજ આપણા મન, વચન, અને કર્મ શુદ્ધ રાખીએ કે જેનાથી અન્યને હાનિ થાય એવું આચરણ આપણા દ્વારા ન થાય. "સંપત્તિવાન થવું સહેલું છે, શીલવાન થવું અઘરું છે." સંત્તાવાન થવું આસાન છે, ગુણવાન થવું કઠિન છે." ચાલો, આપણે સંપત્તિ અને સંતોની સાથે શીલ, શાલીનતા, સહજતા, વિનમ્રતા અને ગુણવાન થવાની સંકલ્પના કરીએ. જીવનનું આ અમૃત શોધવા સાગરમંથન જરૂરી નથી, જરૂરી છે સારા થવા માટેનું આત્મમંથન - મનોમંથન.

ભાઈઓ-બહેનો, માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના માધ્યમથી તેના કર્મઠ અને નિષ્ઠાવાન પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના નેતૃત્વમાં શિક્ષણ, આરોગ્ય, મહિલા ઉત્કર્ષ, યુવા વિકાસ, પર્યાવરણ જાગૃતિ, થેલેસેમિયા અભિયાન, વેપાર વાણિજ્ય, રમતગમત, આદ્યાત્મીક વગેરે સ્વરૂપે પ્રજ્જવલીત વિવિધ દીવા વધુને વધુ પ્રકાશિત થઈ રઘુવંશી સમાજના જીવનમાં ઉજાશ ફેલાવે તેવી સૌને સ્નેહપૂર્વકની દીપોત્સવ અને નૂતનવર્ષ નિમિત્તે શુભેચ્છાઓ.

**- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના**

# આપણે, આપણા સંબંધો, વ્યવહારો અને સૌ સાથેની સાપેક્ષતા...

વ્હાલા રઘુવંશી ભાઈઓ-બહેનો અને વડીલો, સૌને જય મહાપરિષદ સહ સાદર વંદન

શાસ્ત્રોમાં કહેવાયું છે કે તન, મન, ધન કે મન, વચન અને કર્મથી આપણા દ્વારા જે કંઈ થાય તેના કોઈ ને કોઈ પ્રકારના પડઘા કે પ્રતિભાવ આવવાના જ. જેવો અવાજ એવો પડઘો, જેવો વિચાર એવો સંચાર. સંતો કહે છે કે આપણે ભલે પોતાને સૌથી અલગ હોવાનું માનીએ, પરંતુ હરેક પળ આપણે સૌની સાથેજ હોઈએ જ છીએ. આપણે આપણા વિષે વિચારતા અનિવાર્ય પણે આસપાસના અન્ય વિશેષ વિચારવાનું થતું જ હોય છે. તેથી જ સર્વથી નિરપેક્ષ થઈને આપણે રહી શકતા નથી. સૌ સાથેની આપણી સાપેક્ષતા સ્પષ્ટ હોય છે.

સંતો પાસેથી ઘણી વખત સાંભળ્યું છે કે શરીર અને પ્રાણ એ બે વસ્તુ મળીને પૂર્ણ વ્યક્તિ બને છે, તેવી જ રીતે ધર્મ પણ આંતરિક અને બાહ્ય એમ બે સ્વરૂપોમાં વહેંચાયેલો છે. ધર્મનું બાહ્ય સ્વરૂપ છે પૂજા - અર્ચના, દિન - આરતી આદિ કર્મકાંડ, પરંતુ તેનું આંતરિક સ્વરૂપ ભાવાત્મક છે જેનું નિર્માણ પરોપકાર, પ્રેમ અને સેવાથી થાય છે. સંતો એટલે જ કહે છે કે ધર્મ - પ્રશિક્ષણની પરિપૂર્ણતા જીવનને પ્રેમમય તથા સેવામય બનાવવામાં જ આવે છે, આના વગર ધર્મ મૃત છે નિર્જીવ છે.

બસ, આવા જ એક ઉમદા હેતુ અને ભાવ સાથે આપણા પૂર્વ જ્ઞાતિ શ્રેષ્ઠીઓએ શ્રી લોહાણા મહાપરિષદ ની સ્થાપના વર્ષો પહેલા કરેલી અને આજે પણ તેઓની આ પરંપરા અને ઉમદા વિચારોને વિવિધ પ્રકલ્પો દ્વારા અનુસરવાના સતત અને સઘન પ્રયત્નો કરી રહ્યા છે. એ પ્રકલ્પો સેવા અને પરોપકાર તેમજ પ્રેમ અને સહાનુભૂતિ સાથેના શિક્ષણ અને આરોગ્યના હોય, મહિલા સશક્તિકરણ કે યુવા વિકાસના હોય, લગ્ન વિષયક કે આધ્યાત્મિક વિકાસના હોય, પ્રોફેશનલ કે સ્વાસ્થ્ય સમાનતાના હોય કે પછી પર્યાવરણ જાગૃતિના હોય, આ દરેક પ્રવૃત્તિઓમાં આપણો મુખ્ય હેતુ ઉપરોક્ત ત્રણ ગુણોને જ ઉજાગર કરવાનો હોય છે.

તો ચાલો, વિક્રમ સંવત ૨૦૭૮ના નૂતનવર્ષના પ્રારંભે સંકલ્પના કરીએ કે આપણે સૌ માતૃસંસ્થાની તમામ પ્રવૃત્તિઓમાં પૂરી લગન અને ભાવ સાથે પોતપોતાના ક્ષેત્રની ફરજો અને જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી વિવિધ પ્રકલ્પોનો લાભ જ્ઞાતિના છેલ્લા વ્યક્તિ સુધી પહોંચાડવાના પ્રયત્નો કરી પરોપકાર, સંપ, સુહ્ર્દયતા અને બીજાને મદદરૂપ થવાની ભાવનાના દર્શન કરાવીએ અને રઘુવંશી સમાજને એકતા, પ્રેમ અને સેવાની ફોરમ મહકાવીએ.

સૌને શુભ દીપાવલી અને નૂતનવર્ષાભિનંદ...

**ડૉ. સુરેશ પોપટ**
**મહામંત્રીશ્રી**

**શ્રી હરીશ ઠક્કર**
**મહામંત્રીશ્રી**






***WITH BEST COMPLEMENTS***

**PAJWANI DEVELOPERS PRIVATE LIMITED**

**PAJWANI REALTORS LLP**

**F-112, Sarda Sankul, M. G. Road,**
**Nashik - 422001.**
**Ph - 0253-2577725**
**Nirav Pajwani - 9823311911**
**Purav Pajwani - 9823411711**


With Best Compliments from...
"Where Dreams
Comes True"
Raghuvir Builders Pvt. Ltd.
SINCE 1955
An ISO 9001:2015 Certified
309-310, Raghuvir City Center,
Bhalej Road, Anand - 388001.
web : www.raghuvir.in
email : info@raghuvir.in

**Only For Gujarati**
**Promo Code - GUJ10**

# DARSHAN LUXURY VILLA LONAVALA

FOR BOOKING.-88889 21235/94221 60657/ 8888 360 777

WEB-www.darshanvilla.com MAIL-darshanvilakasa2020@gmail.com

# FOUR A C BED ROOMS # HALL WITH DINING
# PRIVATE POOL # FIVE REST ROOM
# TWO GARDEN # MUSIC SYSTEM
# FULL FURNISHED KITCHEN# FREE WI FI
# 100 % PRIVACY. # NEAR TO MARKET
# TWO CAR PARKING. # POWER BACK UP

# પ્રવાસોમાં નવભારત રસોઈનો રસથાળ



## સ્ટેચ્યૂ ઑફ યુનિટી

૧-૨ દિવસના પ્રવાસ, 2x2 AC વાહન
ચા-નાસ્તો, બન્ને સમય ભોજનમાં મિઠાઈ
+ ૨૦૦ મી.લી. પાણીની બોટલ અનલીમીટેડ,
રૂ. ૫૮૦/- એન્ટ્રન્સ ફી સામેલ

રૂા. ૧૮૫૦/- પ્રતિ વ્યક્તિ

## રેલ્વે/AIR/બસ દ્વારા પ્રવાસો

કુલુ-મનાલી-કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ-નોર્થ ઈસ્ટ-આંદામાન-કેરાલા
દક્ષિણ ભારત-જગન્નાથ પુરી

**હોટલ પેકેજ** ઉદેપુર • ઉજ્જૈન • કુંભલગઢ • હૈદરાબાદ • સાપુતારા
(૨ થી ૩ દિવસના પ્રવાસો) સોમનાથ • દ્વારકા • દીવ • પંજીમ ગોવા • સાસણગીર

AC વાહન, ૪ થી ૫૬ સીટ વાહન ભાડે મળશે.

(રાજ નીતિન ઠક્કર)
**નવભારત** ટુરીઝમ

૩-૪, ગણેશ પ્લાઝા, નવરંગપુરા બસ સ્ટેન્ડ સામે, અમદાવાદ.

99784 51551
079-4848 4222
079-4848 4999

# ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા..

સતત બે વર્ષ સુધી કોવિદ ના ભય જનક ઓથાર નીચે જીવન આપણે બધા એ વિતાવ્યું, આપણે બધા તો ઉત્સવ પ્રિય પ્રજા છીએ, ઘરમાં ભરાઈ રહીને સતત ભય સાથે જીવવાની આદત જ નહીં. જોવાની ખૂબી તો એ છે કે કોનો ડર લાગે છે તે પણ સ્પષ્ટ રીતે નક્કી થઈ શકતું નથી કારણ કે જેનો ભય લાગે છે તે તો ક્યાંય નરી આંખે તો દેખાતો નથી.

આવા સંજોગોમાં અનેક વ્યક્તિઓ ને માનસિક બીમારી લાગુ પડી ગઈ, કેટલાય સ્વજનો પ્રભુને પ્રિય થઈ ગયા, કેટલાય લોકો બેકાર થઈ ગયા, ઘરના સભ્યોને બે ટાઈમ અનાજ મળવું મુશ્કેલ થઈ ગયું હતું.

થોડા સમય થી હવે કંઈક રાહત દેખાય છે, પણ તે રાહત સાથે મનમાં સતત એક અજ્ઞાત ભય રહ્યા કરે છે કે આટલી બધી ભીડ એકઠી થાય છે, આટલા બધા માણસો બહાર ફરવા નીકળ્યા છે તો પાછી એ મહામારી ડોકાશે તો નહીં ને ?

મીડિયા પર સતત અનેક દેશોમાં ફરીથી કોવિડની મહામારીના સમાચાર આવે છે, તો આપણે ત્યાં આ ફરીથી પ્રગટ તો નહીં થાયને !

આ સતત નકારાત્મક વિચારના કારણે માનસિક બીમારી લાગુ પડે છે. આપણો દેશ ધર્મ અને અધ્યાત્મ સાથે જોડાયેલો છે એટલે આપણું મન તેમાંથી આશ્વાસન મેળવવાની કોશિષ કરે છે.

આપણું મન એ લોખંડના ટૂકડા જેવું છે, લોખંડના ટુકડાને પાણીમાં નાખીએ તો તે ડૂબી જાય, પણ તેને જો લાકડા સાથે જડી દેવાય તો તે લોખંડ લાકડા સાથે પાણી પર તરવા લાગે.આપણા મન નું પણ તેવું જ છે. આપણે આગળ વાત કરી તેવો અજ્ઞાત ભય મનને લાગુ પડે તો તે નકારાત્મક વિચારમાં ડૂબવા લાગે, પણ મન ને ધર્મ અથવા અધ્યાત્મ રૂપી લાકડા સાથે જડી દેવાય તો મગજ શાંત થશે અને ભય ઓછો થશે અને નકારાત્મક વિચાર દૂર થઈને મન સકારાત્મક વિચાર કરશે, કોઈ પણ પરિસ્થિતી કાયમી હોતી નથી તેથી આ ખરાબ દિવસો પણ જતા રહેશે.

આવા નકારાત્મક વિચારમાં થી બહાર નીકળી શકાય અને મન પ્રફુલ્લિત રહે તે માટે આપણા ઋષી મુનિઓએ અને આપણા અનુભવી પૂર્વજોએ સમયાંતરે જાતજાતના તહેવારોની ઉજવણી કરવાનું શરૂ કર્યું હશે, રોજબરોજની જીંદગીમાં કંઈક અલગ કાર્ય થાય, નવીનતા આવે અને સાથે સાથે ધર્મ અને અધ્યાત્મ માં મન જોડાયેલું રહે, શરીર અને મન બંને સ્વસ્થ રહે તેવી ભાવના સાથે તહેવારોની ગોઠવણી કરી છે.

ચોમાસા દરમ્યાન જઠરાગ્નિ મંદ પડે, તેથી ઉપવાસ અને એકટાના સાથે ઉત્સવ ઉજવાય તેવી ગોઠવણ કરી છે. ચોમાસું પુરૂં થાય અને શિયાળામાં જઠરાગ્નિ પ્રદિપ્ત થાય તેની ઉજવણી કરવા પર્વાધિરાજ દીપોત્સવી ના પાંચ દિવસના સત્ર નું આયોજન કર્યું છે, આ પર્વાધિરાજ ફક્ત ઉત્સવ બની રહે નહીં પરંતુ સાથે સાથે મન ને કંઈક અલગ જાણવા મળે તેવી ગોઠવણ પણ કરી છે.

આપણે નોર્મલી દીવાળી પર્વ ધન તેરસ થી ઉજવીએ છીએ, પણ ખરેખર તો તેની શરૂઆત આપણે જેને વાઘ બારસ કહીએ છીએ ત્યાં થી થાય છે વાઘ બારસ એ જોડણી ના કારણે અપભ્રંશ થયેલો શબ્દ છે, બારસ સાથે જોડાયેલો આ શબ્દ વાઘ (tiger) નથી, પણ વાક્ એટલે કે વાણી છે, વાક્ એટલે વાણી ની અધિષ્ઠાત્રી દેવી છે મહા સરસ્વતી, ધન તેરસ ની અધિષ્ઠાત્રી દેવી છે મહાલક્ષ્મી અને કાળી ચૌદસ ને આપણે અશુભ માનીએ છીએ પણ હકીકત માં તે કાળી (black) નથી પણ મહાકાળી એટલે શક્તિની આરાધના છે અને તેની અધિષ્ઠાત્રી દેવી છે મહા કાળી.

જીવનમાં જેણે પોતાની વાણી નો સદુપયોગ કરી ને મા સરસ્વતીની આરાધના કરી છે, પોતાને પ્રાપ્ત થયેલી લક્ષ્મી નો સદુપયોગ કરી ને લક્ષ્મીનું મહાલક્ષ્મી માં પરિવર્તન કર્યું છે, ઈશ્વર દત્ત શક્તિનો સદુપયોગ સમાજ અને સંસ્કૃતિના રક્ષણ માટે કર્યો હોય તો આ ત્રણે અધિષ્ઠાત્રી દેવી ઓ તે વ્યક્તિ પર પ્રસન્ન થઈ ને આશીર્વાદ વરસાવે છે, આ પછી ના દિવસે આવતી ઘોર અંધારી અમાસની રાતે પણ તે વ્યક્તિના જીવનમાં હજારો દિવડા પ્રગટે અને તે સાચા અર્થમાં દીવાળી મનાવી શકે છે.

આવી જાગૃત વ્યક્તિ આપણા રઘુવંશી તત્વચિંતક સ્વ શ્રી હરિભાઈ કોઠારી કહેતા તેમ કહી શકે છે કે "દિપકના અજવાળે દિલને પાવન કરતી આવી દિવાળી, અંતરમાં અજવાળા કરતી, જ્યોત જગાવતી આવી દિવાળી".

ત્યાર પછી આવે બેસતું વર્ષ, તે દિવસે જૂના વેરઝેર ભૂલીને, જેની પણ સાથે મનદુઃખ થયું તે બધાં સાથે નમ્રતાથી મળીને એકબીજાને પ્રેમ પૂર્વક શુભેચ્છા આપીએ તો દીપોત્સવી પર્વ ની સાચી ઉજવણી થાય.

આ દીપોત્સવી પર્વના દિવસોમાં પરમ શક્તિને પ્રાર્થનાં કરીએ. "ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા"

**- ધીરૂભાઈ મીરાણી, મુંબઈ**

# DHAVAL
Agri Exports LLP

www.dhavalagri.com

## *Winning Trust* ***Through Quality***

*Manufacturer and Exporter of Premium Quality Hulled Sesame Seeds, Natural Sesame Seeds, Groudnuts & Spices*



Natural Sesame Seeds | Hulled Sesame Seeds | Black Sesame Seeds

Cumin Seeds | Fennel Seeds | Black Cumin Seeds




**Annam Organics Pvt. Ltd.**
Our Retail Division of
Agri Commodities

for business inquiry
info@annamorganics.com
+91 99242 99240

10th Consecutive year

*years of excellence*

*Its been Tenth Consecutive year that we have got Awarded by IOPEPC (Govt. of India) as No. 1 Exporter for Hulled & Natural Sesame Seeds.*

**Address**
A-75, New Market Yard,
Morbi Road, Bedi Village,
Rajkot-360003. Gujarat.

**Contact**
Ph. 0281-2790291/92,
Email: sales@dhavalagri.com
Website: www.dhavalagri.com

# પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ના પ્રમુખપદે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની સૌપ્રથમ કારોબારી સમિતિની મીટીંગ ઓનલાઇન તા. ૧૩ જૂન, ૨૦૨૧ ના રોજ સફળતાપૂર્વક યોજાઈ



વર્ષ ૨૦૨૦-૨૦૨૫ ના પાંચ વર્ષ માટે સમગ્ર વિશ્વમાં વસતા રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ પદે વરાયેલા શ્રી સતીષભાઈ વિઠલાણી દ્વારા તેમના પ્રમુખ પદ હેઠળ પ્રથમ કારોબારી સમિતિની સૌપ્રથમ બેઠક ઝૂમ એપ પર તા. ૧૩ જૂન, ૨૦૨૧ ના દિવસે મળી હતી. જેમાં ભારતભરના વિસ્તારો ઉપરાંત વિદેશમાં વસતા અમેરીકા, કેનેડા, યુ. કે., આફ્રિકા અને ગલ્ફ વિસ્તારમાં વસતા લોહાણા સમાજના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

આમ, ઈતિહાસમાં સૌપ્રથમ વખત આ મિટિંગમાં અનેક દેશોના શ્રેષ્ઠીઓએ ભાગ લીધો હતો. લગભગ ચાર કલાક સુધી ચાલેલી આ બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૦/૨૦૨૧ ના હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા અને તે મંજૂર કરવામાં આવ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અપાતી શિક્ષણ સહાય અને મેડીકલ સહાયની વિગતોથી સભ્યોને વાકેફ કરવામાં આવ્યા હતા.

શ્રી સતીષભાઈ વિઠલાણીએ પ્રમુખ પદ સંભાળ્યું ત્યાર પછી અત્યાર સુધી શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અન્ય સહયોગી દાતાઓની મદદ સાથે પાંચ મહિનામાં લગભગ રૂ ૬૫ લાખ જેટલી રકમ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે આપવામા આવી હતી, તેની વિગતવાર માહિતી સભ્યોને આપવામાં આવી હતી. સમાજ માટે થઈ રહેલી આ ઉત્તમ સેવાને સભ્યોએ વધાવી લીધી હતી.

લોહાણા સમાજના યુવાનો જેઓ UPSC જેવી ઉચ્ચ કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા ઈચ્છતા હશે તેમને માતૃસંસ્થા દ્વારા યોગ્ય માર્ગદર્શન અને સહાય આપવામા આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી, આવી ઉચ્ચ કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં માર્ગદર્શન માટે રઘુવંશી સમાજના આ કક્ષાએ પહોંચી ગયેલા અધિકારીઓ તથા અન્ય જાણકારોનું માર્ગદર્શન આપણા સમાજના ઈચ્છુક વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય એ માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ ઉપરાંત શ્રી લોહાણા મહાપરિષદની IT team દ્વારા ભારત ભરમાં વસતા રઘુવંશી ડોકટરો તથા સમાજ સેવકોનું ગ્રુપ બનાવીને કોવિડની મહામારીની બીજી લહેર વખતે જે સુંદર કામગીરી કરવામાં આવી તે બાબતે સર્વે સભ્યોને જાણકારી અપાઇ હતી.

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા કોવિડના રોગની વ્યવસ્થીત સાયન્ટિફિક જાણકારી માટે ડો. અગમ વોરા સાથે ઓનલાઈન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અને કોવિડ બાદ વિફરેલી બ્લેક ફંગસની મહામારીની વ્યવસ્થીત જાણકારી પ્રાપ્ત કરવા માટે રાજકોટના ડો. હિમાંશુભાઈ ઠક્કર દ્વારા ઓનલાઈન માર્ગદર્શન અપાયું હતું અને આ બધી વિગતો યુ ટ્યુબ, ફેસબુક અને અન્ય સોશ્યલ મીડિયાના માધ્યમથી દેશ વિદેશના સર્વ રઘુવંશી સમાજને પહોચાડવામાં આવી હતી તેની વિગતવાર માહિતી સભ્યોને આપવામાં આવી હતી.

કોવિડની આ મહામારી દરમ્યાન આપણા કેટલાય પરીવારજનો એ ચિર વિદાય લીધી અને કેટલાય લોકો માનસિક તાણ અનુભવતા હતા. ચિરવિદાય લીધેલા સર્વ પરિવાર જનો ની સદગતિ થાય અને માનસિક તાણ અનુભવતા લોકોને શાંતિ પ્રાપ્ત થાય તે માટે શ્રી લોહાણા

મહાપરિષદના ઝોન ૧૧ ના પદાધિકારીઓ દ્વારા સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહનું સુંદર આયોજન ઓનલાઈન કરવામા આવ્યું હતું અને યુ ટ્યુબ, ફેસબુક જેવા સોશ્યલ મીડિયા ના માધ્યમથી વિશ્વ ભરમાં વસતા રઘુવંશી સમાજના લોકો એ તેનો લાભ લીધો હતો તેની માહિતી સભ્યોને વિગતવાર અપાઇ હતી.

શ્રી લોહાણા મહાપરિષદ ની મૂલંડ ખાતે આવેલી તથા નાલાસોપારા ખાતે આવેલી મિલકતો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને તે બાબતે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માટે કારોબારી સમિતિના સભ્યો દ્વારા સર્વાનુમત્તે પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને સત્તા આપવામાં આવી હતી.

વિવિધ સમિતિઓના અધ્યક્ષો એ પોતપોતાની કામગીરી અંગે સભ્યોને માહિતગાર કર્યા હતા. મહિલા વિભાગના અધ્યક્ષ શ્રીમતી રશ્મીબેને મહિલા વિભાગની કામગીરી અને વિવિધ જિલ્લાઓ તથા રાજ્યોમાં બહેનો દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ અંગે માહિતી આપી હતી. કેનેડાથી ડો. વિપીનભાઈ મિથીયા અને આફ્રિકાથી શ્રી નવીનભાઈ કાનાબારે પણ ચર્ચા વિચારણામાં સક્રિય ભાગ લીધો હતો.

છેવાડાના જ્ઞાતિબંધુ સુધી પહોંચી શકાય તે માટે સંસ્થામાં જે વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે તેની સભ્યો દ્વારા મુકત મન એ સરાહના કરવામાં આવી હતી. પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી દ્વારા હમણાં જ વાવાઝોડામાં અસર પામેલા ઘોઘા વિસ્તારના ભાવનગર, ગારીયાધાર, રાજુલા, જાફરાબાદ, સાવરકુંડલા, ધારી, અમરેલી વગેરે વિસ્તારોની મુલાકાત લેવાઇ હતી અને ત્યાં ની પરિસ્થિતીનો ચિતાર પ્રમુખ દ્વારા આપવામા આવ્યો હતો. અસરગ્રસ્તો ને યોગ્ય સહાય કરવાનો નિર્ણય લેવાયો હતો.

છેલ્લા છ મહિનામાં ચિર વિદાય લઈ ગયેલા શ્રી નવીનભાઈ રવાણી, શ્રી જયસુખભાઈ પોપટ, શ્રી માધવલાલ પી. અનારકટ, શ્રી અન્તુભાઈ શોઢા, શ્રી યોગેશભાઈ પૂજારા, શ્રી કિશોરભાઈ પૂજારા, શ્રી કુંભનદાસ જસાણી અને અન્ય મહાનુભાવોની સેવાઓને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

---

## પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી દ્વારા અદ્યતન ટેકનોલોજી અને IT ટીમની મદદથી શ્રી લોહાણા મહાપરિષદની સેવાની સરવાણી છેવાડાના રઘુવંશી પરિવાર સુધી પ્રસરે તે માટે ઐતિહાસિક નિર્ણય

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ની વેબસાઈટમાં જરૂરી ફેરફાર કરવા તેમજ માતૃસંસ્થાના આશીર્વાદ અને સેવાની સુવાસ છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે તે માટે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થતા કાર્યોને વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવી દરરોજના સમાચારોને પ્રકાશિત કરવા માટે પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી અને IT & Digital Media સમિતિના અધ્યક્ષ શ્રી નીમેષભાઈ માણેકની હાજરીમાં મીટીગ યોજાઈ.

જેના અનુસંધાને આજરોજ તારીખ ૧૫ જૂન, ૨૦૨૧ ના રોજથી માતૃસંસ્થા દ્વારા Daily News (દરરોજના સમાચારો) આધુનિક ટેકનોલોજીના મદદથી પ્રકાશિત કરી છેવાડાના રઘુવંશી પ્રવાહમાં જોડાય તેવા સઘન પ્રયત્નો શરૂ કરવામાં આવેલ છે.




- Industrial Plots
- Agricultural Plots
- Commercial Plots
- Residential Plots

Together Towards Prosperity

THAKKERS
SINCE 1982

HOMES | OFFICES | SHOPS | PLOT & LAND

9822908925 | www.thakkersdevelopers.com

# BEST WISHES FROM RASHMI & SATISH VITHALANI

A touch of Art to turn
the ordinary into extraordinary.



When it's a matter of beauty and grace, there is always a need for a special touch of the extraordinary, to bring out the elegance within. This is where we come in. With over two decades of experience in the manufacture and export of a wide range of superior quality Beads, Chatons, Cup Chains, Hot Fix etc., Art Group has become a name to be reckoned with, both in the domestic and international market.

OUR PRODUCT RANGE

- Glass Seed Beads
- Pressed Glass Beads
- Fire Polished Faceted Glass Beads
- Machine Cut Glass Beads
- Machine Cut Loch Roses
- Machine Cut Chaton Roses (Hotfix)
- Machine Cut Chatons
- Brilliant / Extra Brilliant Chatons
- Fire Polished Moulded Chatons
- Cup Chains
- Sew on Cups



Art Group's products help embellish

• Fashion Jewellery • Hair Accessories • Garment Embellishments • Prayer bead chains and strings • Handicrafts • Ladies handbags and other fashion accessories • Decorative items • Trimmings • Footwear • Light Fittings • Curtains • Body Tattoos • Cell Phones • Laptops and other electronic devices.

Parent Brand KRUPA™

ART GROUP™

Head Office : 5/32, 2nd Panjrapole Lane, C.P. Tank Road, Mumbai 400004, India
Tel. - +91-22-2242 6064 / +91-22-2242 6080 | Fax - +91-22-2242 3376 | E-mail: sales@artgroupindia.com | Web : www.artgroupindia.com

# માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના નેતૃત્વમાં અમદાવાદ ખાતે સૌ હોદ્દેદારોની બે દિવસીય ચિંતન શિબિર સફળતાપૂર્વક સંપન્ન થઈ

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખૂબ જ કર્મઠ પ્રમુખ માનનીય શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના સબળ નેતૃત્વમાં સૌ હોદ્દેદારોની ચિંતન બેઠક ગત તા. ૨૫ અને ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટીઓ સર્વ શ્રી પરેશભાઈ ભૂપતાણી, શ્રી મોહનભાઈ ઠક્કર, પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ કોટક, પૂર્વ વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર, માતૃસંસ્થાના સલાહકાર માનનીય શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, પૂર્વ ખજાનચીશ્રી હિંમતભાઈ કોટક, ત્રણેય વરિષ્ઠ ઉપપ્રમુખશ્રીઓ, સર્વશ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, શ્રી જીતુભાઈ લાલ, શ્રી ધર્મેશભાઈ હરિયાણી, મહામંત્રીશ્રી શ્રી હરિશભાઈ ઠક્કર, ડૉ. શ્રી સુરેશભાઈ પોપટ, જ્ઞાતિશ્રેષ્ઠીશ્રીઓ શ્રી ગીરીશભાઈ કોટેચા, શ્રી હિંમતભાઈ સૌમેયા વગેરેની ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ. પૂરાય ભારતમાંથી ૧૭૫ જેટલી સંખ્યામાં પધારેલા વિવિધ ઝોનના પ્રમુખશ્રીઓ, ઝોન મંત્રીશ્રીઓ, રિજિયોનલ પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓ અને હોદ્દેદારો વચ્ચે બે દિવસ ખૂબ જ ઉપયોગી અને રસપ્રદ ચિંતનાત્મક વિચારોની આપલે થઈ તો સાથે સાથે સૌ હોદ્દેદારો નજીકથી એકબીજાના પરિચયમાં આવી નીકટતા કેળવી મહાપરિષદના મુખ્ય ધ્યેય 'સંગઠન'ને સાર્થક કરવાનો સફળ પ્રયત્ન પણ કર્યો.









પ્રથમ દિવસ શનિવારે સવારે ૯:૦૦ થી સૌનું આગમન, રજીસ્ટ્રેશન અને અલ્પાહાર થયા બાદ બરોબર ૧૦:૦૦ કલાકે પ્રથમ દિવસના પ્રથમ સત્રની શરૂઆત માતૃસંસ્થાના ધ્વજવંદન ગીતથી થઈ. ત્યારબાદ પ્રોફેસર ચન્દ્રકાન્ત તન્નાએ આ ચિંતન શિબિરનો હેતુ અને પૂર્વભૂમિકા રજૂ કરી મહામંત્રી શ્રી હરિશભાઈ ઠક્કરને સૌના સ્વાગત અને પ્રાસંગિક ઉદ્‌બોધન માટે આમંત્રણ આપતા શ્રી હરિશભાઈ ઠક્કરે હૃદયના ઉમળકાથી સૌને આવકારી મહાપરિષદની અત્યાર સુધીની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ શિક્ષણ અને આરોગ્ય તેમજ મહાજનના વિવિધ પ્રકલ્પો અને તેને લગતા ફોર્મ અને અન્ય ચેક લિસ્ટની માહિતી આપી તેમજ પ્રમુખશ્રી સતિષભાઈના વિઝન અને મિશનની વાત કરી સૌને રઘુવંશી સમાજના વિકાસમાં મહાપરિષદના માધ્યમથી જોડાવા અપીલ કરી હતી.

સૌના આવકાર બાદ મહાપરિષદના ચેતનવંતા પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આપ સૌ પૂરાય ભારતમાંથી આટલી મોટી સંખ્યામાં આપના રજાના શનિવાર-રવિવાર માતૃ સંસ્થા માટે ફાળવી અહીં પધાર્યા તે બદલ આભાર માન્યો. પોતાના વક્તવ્યમાં શ્રી








સતિષભાઈએ ભારપૂર્વક જણાવ્યું કે મારો અને આપણા સૌનો મુખ્ય હેતુ અને ધ્યેય મહાપરિષદના માધ્યમથી જ્ઞાતિમાં સંગઠન અને એકતા સાધવાનો છે અને જો એ થશે તો દેશના વહીવટમાં પણ આપણી જ્ઞાતિનું પ્રતિનિધિત્વ ધારાસભ્ય કે સંસદ સભ્યના સ્વરૂપે પ્રાપ્ત થશે. આ તકે તેઓ એ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ, પ્રદેશ અધ્યક્ષ શિવરાજ પાટીલ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો વિશેષ આભાર માની જણાવ્યું કે તેઓ એ માનનીય નિમાબેન આચાર્યને ગુજરાતના વિધાનસભામાં પ્રથમ મહિલા સ્પીકર તરીકે નિમણૂક આપી આપણી વિનંતીને માન આપ્યુ અને આપણને ગૌરવ બક્ષ્યું છે. વધુમાં તેઓ એ શિક્ષણ અને આરોગ્યના મુખ્ય પ્રકલ્પો સાથે જ્ઞાતિ વિકાસ સાધવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી સૌને તન, મન અને ધનથી સહકાર આપવા વિનંતી કરી હતી તો સાથે સાથે યુવા અને મહિલા ઉત્કર્ષ પર ભાર મૂકી સુંદર ટીમ બની છે તે બદલ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. તેઓ એ ભાગ્યશાળી દાતા યોજનાની માહિતી આપી તેમજ શ્રી કે. સી. ઠક્કર, શ્રી પ્રતાપભાઈ દતાણી એ ઉચ્ચ શિક્ષણ માટે આપેલ માતબર રકમ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

ચિંતન શિબિરની શરૂઆત ખૂબ જ સક્રિય અને ઉપયોગી શિક્ષણ સમિતિના પ્રેઝન્ટેશન પહેલાં શ્રી હસમુખભાઈ જોબનપુત્રા દ્વારા ઈન્કમટેક્ષ રી-ફોર્મસને લગતાં ફેરફારો અંગે લખાયેલ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ઉચ્ચ શિક્ષણ શિક્ષણ સમિતિ અધ્યક્ષ ડૉ. નિરવભાઈ ઠક્કરે શિક્ષણ સમિતિ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી જણાવ્યું હતું કે જ્ઞાતિનો એક પણ દીકરો કે દીકરી ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તેને અમો પ્રાધાન્ય આપી રહ્યા  છે તો સાથે સાથે યુપીએસસી, એસપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વધુને વધુ જ્ઞાતિના યુવાનો જોડાય તે માટેની જાગૃતિ અને કોચિંગની વ્યવસ્થા આગામી સમયમાં કરીશું. પસંદગી પામેલા ૩૦ વિદ્યાર્થીઓને મહાપરિષદ સંપૂર્ણ ખર્ચ આપી પ્રોત્સાહિત કરશે. ત્યારબાદ પ્રાઈમરી શિક્ષણના અધ્યક્ષ ડૉ. જયેશભાઈ ઠક્કરે પોતાના વક્તવ્યમાં ધોરણ ૫ સુધીના વિદ્યાર્થીઓને રૂ. પંદર હજાર, માધ્યમિક માટે પચીસ હજાર અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ ચાલીસ હજાર સુધીની સહાય આપવાની મહાપરિષદ સ્કોલરશિપના રૂપે આપવાની નેમ ધરાવે છે તો સાથે સાથે વિવિધ સરકારી યોજનાની પણ માહિતી આપી હતી. આ સહાય આવતા વર્ષથી શરૂ કરવાની તેઓ એ જાહેરાત કરી હતી. સાથે સાથે દરેક ઝોન કક્ષાએ ધોરણ ૯ અને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ માટે કેરિયર કાઉન્સિલનું આયોજન તજજ્ઞ વક્તાઓ દ્વારા કરવામાં આવશે તેવું તેમણે જણાવ્યું હતું. ત્યારબાદ શિક્ષણ સમિતિના પૂર્વ અધ્યક્ષ અને વરિષ્ઠ ઉપપ્રમુખ તેમજ શિક્ષણ સહાય માટે વર્ષોથી ઉદાર સખાવત આપી રહેલા શ્રી ધર્મેશભાઈ હરીયાણી એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે છેલ્લાં પાંચ વર્ષના મારા અનુભવોને આધારે જણાવું છું કે જ્ઞાતિમાં અસંખ્ય તેજસ્વી વિદ્યાર્થીઓ આર્થિક સંકળામણને કારણે શિક્ષણથી વંચિત રહેતા હોય છે.આવા વિદ્યાર્થીઓ માટે અમોએ મહાપરિષદના માધ્યમથી એક યજ્ઞ શરૂ કર્યો છે અને એવા અસંખ્ય








વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યુ માટે અમદાવાદ આવવા જવાના ટિકિટના પૈસા પણ આપીએ છીએ. સૌને અપીલ કરતાં તેઓએ જણાવ્યું હતું કે સૌ હોદ્દેદારોને મારી વિનંતી છે કે આવા તેજસ્વી વિદ્યાર્થીઓને આપ મહાપરિષદ સુધી પહોંચાડો. તેઓએ લાયક વિદ્યાર્થીઓને અચુક મદદ મળશે અને આ માટે પ્રમુખશ્રી સતિષભાઈના ઉત્સાહને બિરદાવી ત્યારે સૌએ ઊભા થઈને તાળીઓથી વધાવ્યા હતા. આ પ્રસંગે શ્રી સતિષભાઈએ ધામેચા પરિવારની રૂ. ૩૮ લાખ જેવી ઉદાર સખાવતને વધાવી હતી. તેમજ માનનીય મહેન્દ્રભાઈ ઘેલાણી તેમજ ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર (નાસિક) પણ દરેક વિદ્યાર્થીને અપાતી સ્કોલરશીપના ૧૦ ટકા રકમ આપશે તેને બિરદાવી હતી. શ્રી ભરતભાઈ ઠક્કરે ઓનલાઇન એપ્લીકેશન અંગેની કોમન ઓનલાઇન અરજી સમજાવી તેથી હવે સૌ ઓછા સમયમાં સ્કોલરશીપ મેળવી શકશે. ત્યાર બાદ ડૉ. નિલયભાઈ ભૂપતાણી એ એમ.વાય.એસ.વાય. (મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના) અંગે તેમજ સરકારની વિવિધ યેજનાઓ અંગે વિગતે માહિતી આપતા જણાવ્યું કે સરકારની ઘણી યોજનાઓ સવર્ણો માટે પણ હોય છે જેના નાણા વપરાયા વગરના રહે છે, જે અંતર્ગત ૬ લાખની આવક સુધીના ધોરણ ૧૦ થી ધોરણ ૧૨માં ૮૦ પર્સનટાઇનથી વધુ માકર્સ હોય તેને સરકારી યોજનાનો લાભ લેવા સમજાવ્યું હતું અને તમામ માર્ગદર્શન અને મદદ માટે ખાત્રી આપી હતી. આ યોજનામાં રૂ. ૨ લાખ સુધીની મદદ મળતી હોય છે તેવું તેમણે જણાવ્યું હતું. ત્યાર બાદ શિક્ષણ સમિતિના અન્ય સભ્ય ડૉ. રાધાકૃષ્ણભાઈ પૂજારા જેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે તેઓ એ વિદેશ અભ્યાસ માટેની ખૂબ જ ઉપયોગી માહિતી આપી હતી. સી. એ. શ્રી ગોપાલ ઠક્કરે પોતાના વ્યક્તિગત અનુભવની વાત કરતાં જણાવેલું કે, મારા અંગત જીવનમાં અને મારી કારકિર્દી ઘડતરમાં લોહાણા સમાજ અને ખાસ કરીને શ્રી ધર્મેશભાઈ હરીયાણીનો આર્થિક સહયોગ તેમજ મોરલ સપોર્ટ ન મળ્યો હોત તો હું આજે અંહિ ન હોત, આવા અનેક ગરીબ પણ તેજસ્વી વિદ્યાર્થીઓને જ્ઞાતિ તરફથી સહાય અને સાથ સહકાર મળે છે તેનાથી અસંખ્ય પરિવારોના જીવન બદલાઈ જાય છે, અને પરિવાર પ્રગતિના પંથે આગળ વધે છે. શિક્ષણનો ઉમદા યજ્ઞ અવિરત ચાલતો રહે તેવી તેઓએ શુભકામનાઓ પાઠવી હતી. અંતમાં શ્રી ધીરજભાઈ પૂજારા એ પણ પોતાના સંઘર્ષ અને સફળતાની વાત દ્વારા સફળતાના રસ્તાઓ દર્શાવી પોતાની એકેડમી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. શિક્ષણ સમિતિ સેશનના અંતે માનનીય શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સતિષભાઈ માટે બધા એ ઘણું કહ્યું. હું પણ એવું માનતો હતો કે તેઓ ખૂબ દોડી રહ્યા છે, થોડા ધીમા ચાલો. પણ મારી આ માન્યતા ખોટી પડી. મને એવું લાગે છે કે તેઓ બરોબર યોગ્ય રસ્તે દોડી રહ્યા છે તેવું કહી મહાપરિષદની પ્રવૃત્તિઓને બિરદાવી હતી તેમજ શિક્ષણ સમિતિ દ્વારા થઈ રહેલી ઉમદા સહાયની પ્રશંસા કરી જણાવ્યું છે કે અસંખ્ય વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકીર્દિ બનવામાં આપ સૌ માધ્યમ બની રહ્યા છો તે સતત અને  અવિરત ચાલુ રાખવાનો તેઓ એ અનુરોધ કર્યો હતો. આ તકે મહેન્દ્રભાઈએ મુંબઈ ખાતેની કાનબાઈ











સંસ્થાની પણ વિગતવાર માહિતી આપી જણાવ્યું હતું કે, ૧૯૬૪માં શરૂ થયેલી આ સંસ્થા અત્યારે ૪૦૦ થી ૫૦૦ દીકરીઓને સમાવતી વટવૃક્ષ જેવી સંસ્થા બની ગઈ છે, જ્યાં ધોરણ પાંચ થી કૉલેજ સુધીની સુંદર વ્યવસ્થા સાથે સંસ્થા વિકાસ પામી રહી છે તેનો આનંદ અને ગૌરવ છે. અંતમાં તેઓ એ જણાવ્યું કે ધર્મેશભાઈ તમે આ શિક્ષણ યજ્ઞ દ્વારા બીજ વાવો છો, અને તેમાંથી આગળ જતાં નંદનવન બનશે.

પ્રથમ દિવસના લંચ બાદ બીજા સત્રની શરૂઆત મહાપરિષદના ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટ અને શ્રી યોગેશભાઈ ઠક્કર દ્વારા સંસ્થાના આવક-જાવકનું સરવૈયું ખૂબ જ ઉંડાણપૂર્વક રજૂ કરવામાં આવ્યું. છેલ્લા નવ મહિનાના ૬૦ લાખ ૪૩ હજાર ૭૦૦ રૂપિયાની શિક્ષણ સહાય સતિષભાઈના કાર્યકાળમાં અપાઈ તે ખૂબ જ ગૌરવની વાત છે. જેમાં સૌથી વધુ ૧૪ લાખથી વધુની સહાય સૌરાષ્ટ્ર ઝોન-૧ના વિસ્તારમાં ફાળવવામાં આવી. એજ રીતે ૫ લાખ ૧૧ હજાર જે સ્કોલરશિપ માટે અપાયેલ છે તેમાં પણ સૌથી વધુ ૬૨ ટકા રકમ સૌરાષ્ટ્રમાં ફાળવાઆ તેનો આપણને આનંદ છે. આ ઉપરાંત આરોગ્ય સહાય પેટે ૨૯ લાખ ૪૪ હજારની કુલ સહાય છેલ્લા ૯ માસમાં કરવામાં આવી. આ તકે તેઓ એ સૌ દાતાશ્રીઓનો આભાર માન્યો હતો.

ત્યારબાદ આવકના આંકડામાં તેઓ એ જણાવેલું કે છેલ્લા નવ માસમાં વિવિધ શીર્ષક અંતર્ગત સંસ્થાને ૭૫ લાખ ૨૪ હજાર પ્રાપ્ત થયા છે તે સૌ દાતાઓનો પણ આભાર માનું છું. આ તકે તેઓ એ ફાઉન્ડર દાતાશ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી કે. સી. ઠક્કર તેમજ શ્રી પ્રતાપરાય દતાણીનો પણ માતબર રકમના દાન બદલ આભાર માન્યો હતો. આ તકે શ્રી વસંતભાઈએ સૌ મહાજનને મહાપરિષદ સાથે સૌ યોજનાઓ માટે સુવ્યવસ્થિત સંકલન માટે વિનંતી  કરતા જણાવ્યું કે છેવાડાના વ્યક્તિ સુધી પહોંચવા આપ સૌએ કેટાલીસ્ટનું કામ કરવાનું છે એજ રીતે ભાગ્યશ્રી દાતા યોજનામાં પણ સૌ પોતાનું નામ, સરનામું અને મોબાઈલ નંબર આપે તો કામ સરળ થઈ જાય. સાથે સાથે તેઓ એ જણાવ્યું કે સંસ્થાનું મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વ પણ ખૂબ સુંદર રીતે માહિતીસભર અને કલરફુલ ઓપમાં પ્રસિદ્ધ થઈ રહ્યું છે ત્યારે તેના ખર્ચને પહોંચી વળવા સૌને પોતાના વ્યવસાય કે સંસ્થાના પ્રચાર-પ્રસાર માટે જાહેરાત આપવા પણ વિનંતી કરી હતી. શ્રી યોગેશભાઈ એ જણાવ્યું કે આપણું હિસાબોનું બધું જ કાર્ય ખૂબ જ નિયમિત રીતે થઈ રહ્યું છે અને અત્યારે બધાં જ હિસાબો ખૂબ જ પારદર્શક રીતે તૈયાર છે જેનો આપણને આનંદ છે.

બીજા સત્રમાં ત્યાર બાદ છાત્રાલય સમિતિ અધ્યક્ષશ્રી યોગેશભાઈ ઉનડકટ અને ઉપાધ્યક્ષ શ્રી હસમુખભાઈ જોબનપુત્રાએ વિગતો આપતા જણાવ્યું કે પૂરાય ભારતમાં અત્યારે ૬૮ છાત્રાલયો આવેલ છે, જેમાં અત્યારે માત્ર ૧૯ છાત્રાલયો સક્રિય રીતે છાત્રોને રાખીને ચાલી રહી છે. બાકીના સ્થળોમાં સંખ્યાના અભાવે અથવા એ વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓ ઉચ્ચ શિક્ષણ માટે પ્રતિષ્ઠિત ન હોવાથી બંધ પડી છે. આ બંધ પડેલી સંસ્થાઓ જો વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વિકાસ માટે ઉપયોગ કરે તો જ્ઞાતિના યુવક-યુવતીઓને લાભ મળે. આ ઉપરાંત અમુક સ્થળો એવા છે જ્યાં ઉચ્ચ શિક્ષણ માટે જ્ઞાતિના દીકરા-દીકરીઓ ખૂબ જાય છે જેમ કે, પૂના, રાજસ્થાન, ગાંધીનગર આવા





એજ્યુકેશનના હબ છે ત્યાં આપણી છાત્રાલયો સ્થપાય તે જરૂરી છે. છાત્રાલય જ્ઞાતિના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ રૂપ છે તેથી આપણે આવી સક્રિય છાત્રાલયોને પ્રોત્સાહન આપવું જોઈએ. શ્રી હસમુખભાઈ જોબનપુત્રા એ જણાવ્યું કે એક જંગી રકમ બંધ પડેલી છાત્રાલયમાં બ્લોક થયેલી છે. ત્યારે અમારું કાર્ય કોઈ છાત્રાલય પર કન્ટ્રોલ કરવાનું નથી, પરંતુ કેટાલીસ્ટનું કામ કરી જ્ઞાતિના દીકરા-દીકરીઓને યોગ્ય માર્ગદર્શન આપવાનું છે. તેઓ એ કહ્યું કે દેશમાં નવ હાયર એજ્યુકેશન હબ સીટી બનવા જઈ રહ્યા છે ત્યાં આપણી છાત્રાલયો (બેંગ્લોર, પૂના, કોટા, રાજસ્થાન, પૂના વગેરે) ઉભી કરવી જોઈએ. આપણે સંકલિત થવા માટે નેશનલ એલ્યુમની એસોસીએશન કરવું જોઈએ. વડાલાની છાત્રાલયનું ઉદાહરણ આપતા તેઓ એ જણાવ્યું કે અહીં ભૂતપૂર્વ વિદ્યાર્થી દર વર્ષે સંસ્થાના રૂ. ૫ હજાર આપે છે જે સંસ્થાને ખૂબ જ ઉપયોગી થાય છે. અન્ય સંસ્થાઓએ પણ આનું અનુકરણ કરવું જોઈએ. છાત્રાલય સમિતિ બાદ સ્કીલ ડેવલપમેન્ટ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ કમિટિની રજૂઆતની શરૂઆત વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી જીતેન્દ્રભાઈ ઠક્કરે સ્કીલ એટલે શું, તેની વિભાવના અને વ્યાખ્યા સ્પષ્ટ કરતા પૂ. પાંડુરંગ શાસ્ત્રીના ઉદાહરણ દ્વારા સમજાવ્યું હતું કે તેની શરૂઆત આપણાથી આપણા પરિવારથી કરવાની છે. સ્કીલ ડેવલપમેન્ટ એટલે પ્લાન્ટિંગ એ ટ્રી. ત્યાર બાદ અધ્યક્ષ શ્રી જીજ્ઞેશ ભજીયાવાળાએ સ્કીલના વિકાસ દ્વારા સમાજમાં જાગૃતિ અને પ્રગતિ કેવી રીતે થઈ શકે અને નવી પેઢીને કઈ રીતે સ્કિલ્ડ કરી શકાય તેની વિગતે વાત કરી હતી અને તેની શરૂઆત રાયપૂર અને આજુબાજુના વિસ્તારમાં પાંચ જગ્યા એ જુદા જુદા સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના કરવાથી થઈ તે બદલ આનંદ વ્યક્ત કર્યો હતો, તેમજ પોતાની સમિતિ દ્વારા આગામી કાર્યક્રમોની પણ રજૂઆત કરી હતી. તો સાથે સાથે રાજેશભાઈ ગાંધીએ પણ સ્કિલ ડેવલપમેન્ટ માટે પોતાના સેન્ટરની વિગતે વાત કરી હતી.

પ્રથમ દિવસના બીજા સત્રમાં ત્યાર બાદ મહાપરિષદમાં પ્રથમ વખત સ્થપાયેલ બિઝનેશ ડેવલપમેન્ટ સમિતિની પ્રસ્તાવના પ્રમુખશ્રી સતિષભાઈ વીઠલાણીએ આપતા જણાવ્યું કે આપણે બીઝનેસ કોમ્યુનિટી છીએ તો એના વિકાસથી આપણે વધુ જોબ ક્રિએટ કરી શકીએ છીએ. આપણા યુવાનો અને નવી પેઢીને જ્ઞાતિના પ્રવાહમાં જોડાવા માટે પણ આ સમિતિ કામ કરશે. જેના અધ્યક્ષશ્રી વિજયભાઈ કારીયા એ Gold (Global Lohana Business Devlopment Forum) એક્રોનિમ દ્વારા તેમની સાથે શ્રી જીજ્ઞેશભાઈ માધવાણી એ ખૂબ જ ઊંડાણપૂર્વક વિભાવના આપી લોહાણા જ્ઞાતિના બધા જ બિઝનેસમેન એક છત્ર નીચે વૈશ્વિક કક્ષાએ એકબીજા સાથે બિઝનેસ કરી શકે તેવી તકો અને પ્લેટફોર્મ ઊભું કરવાની પ્રતિબદ્ધતા એમણે રજૂ કરી લોહાણા કનેક્ટ કન્સેપ્ટ જે સતિષભાઈનો ડ્રીમ પ્રોજેક્ટ છે તેને પણ આ સાથે જોડી બિઝનેસ ફોરમ, જોબ પોર્ટલ, સેન્સસ જેવી ઉપયોગી બાબતો લોહાણા કનેક્ટ સાથે રાખી વૈશ્વિક કક્ષાએ ઉપયોગી થાય તેવું આયોજન કરવાની નેમ વ્યક્ત કરી હતી. સાથે વિદેશથી પણ શ્રી સમીરભાઈ, સુરેશભાઈ, શ્રી પ્રદિપભાઈ ધામેચા જોડાઈ રહ્યા છે તે બદલ સતિષભાઈ એ આનંદ વ્યક્ત કર્યો હતો.

પ્રથમ દિવસના ત્રીજા સત્રમાં શરૂઆત ગર્વનમેન્ટ કમિટિના અધ્યક્ષશ્રી પંકજભાઈ ઓંધીયા પોતાની સમિતિની રજૂઆત કરતાં





જણાવ્યું કે આપણા ડીએનએમાં તમામ પ્રકારની શક્તિઓ અને સામર્થ્ય પડેલા છે, બસ આપણા ઈગોને ઝીરો લેવલે પહોંચાડવાના છે. તેઓ એ જણાવ્યું કે દરેક ઝોન કે રિજીન કક્ષાએ કોઈ નવા સરકારી કર્મચારી આપણી જ્ઞાતિના આવે તો તેમને મળો, પ્રોત્સાહિત કરો અને જ્ઞાતિના તેમજ મહાપરિષદના પ્રવાહમાં તેમને જોળો અને એ રીતે સમાજને તેઓ હકારાત્મક રીતે ઉપયોગી થશે. તેઓ એ પણ જણાવ્યું કે જ્ઞાતિના યુવક-યુવતીઓને યુપીએસસી. એસપીએસસી જેવી ઘણી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પણ અમારી સમિતિ પ્રોત્સાહિત કરશે અને તમામ પ્રકારનું માર્ગદર્શન અને સપોર્ટ કરશે. આ પ્રસંગે સમિતિના અન્ય સભ્ય અને ડેપ્યુટી કલેક્ટર શ્રી શૈલેષભાઈ ગોકલાણી એ પોતાના અંગત જીવનની સનદી અધિકારી સુધીની સફરને પોતાના સંઘર્ષ અને સાહસિક નિર્ણયને વર્ણવી સમજાવ્યું કે જીવનમાં કોઈ એક તબક્કે જો યોગ્ય નિર્ણય યોગ્ય સમયે લેવાય તો જીવન બદલાઈ જતું હોય છે. આપણી જ્ઞાતિના  યુવાનોને આપણે આ માટે પ્રોત્સાહિત કરવા પડશે. આ તકે તેઓ એ પણ ભારપૂર્વક જણાવ્યું કે જ્ઞાતિના કોઈ પણ સરકારી અધિકારી જ્યાં હોય ત્યાં ત્યાંના લોકલ મહાજને તેઓને બોલાવી જ્ઞાતિના પ્રવાહમાં ભેળવવા તેઓને પ્રોત્સાહિત કરવા જોઈએ. અમો સૌ સમિતિ વત અમારે લાયક જ્ઞાતિ વિકાસની કોઈ પણ સેવા હોય તો તે માટે હંમેશા તત્પર રહીશું એમ જણાવી સૌનો આભાર માન્યો હતો. આ તકે શ્રી પંકજભાઈએ પોતોના પુસ્તક ''પાથેય'' મહાનુભાઓને અર્પણ કરી હતી.

શ્રી સતિષભાઈના કાર્યકાળમાં તેઓના વિઝનથી પ્રથમ વાર જ આધ્યાત્મિક સમિતિ દ્વારા પોતાની પ્રવૃત્તિઓની સુંદર રજૂઆત થઈ. અધ્યક્ષશ્રી ગીરીશભાઈ ડ્રેસવાલા એ જણાવ્યું કે સ્વથી સર્વને ઓળખવા અને સ્વરથી ઈશ્વરને પામવા એટલે આધ્યાત્મિક્તા. જ્ઞાતિમાં વેપાર, વાણિજ્ય, શિક્ષણ, આરોગ્યની સાથે સાથે ધર્મ, સંસ્કાર અને આધ્યાત્મિક્તાની  પણ એટલી જ જરૂર છે કે જેથી તે આપણા જીવનને સુખની સાથે શાંતિદાયક પણ બનાવે.

ગીરીશભાઈના ધર્મપત્ની શ્રીમતી ચારૂબેન દ્વારા સુંદર પ્રાર્થના રજૂ કરી વાતાવરણને પવિત્ર બનાવી દીધું હતું. ત્યાર બાદ પોતાની સમિતિના સૌ સભ્યોનો શ્રી ગીરીશભાઈ એ પરિચય કરાવ્યો હતો. તેમજ છેલ્લા નવ માસ દરમિયાન પોતાની સમિતિ દ્વારા થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો અને તેમાં શ્રી કિશનભાઈ મીરાણી, શ્રી અરવિંદભાઈ વગેરેના સહયોગથી થયેલ ભાગવત કથા, સુંદરકાંડ, રામનવમીની ઉજવણીને ખૂબ જ સફળ આધ્યાત્મિક પ્રવૃત્તિ ગણાવી હતી. આ ઉપરાંત મહેશભાઈ હીરાભાઈ ઠક્કરે પોતાના તરફથી કર્મના સિદ્ધાંત પુસ્તક દરેકને ભેટ રૂપે અર્પણ કર્યું હતું.

ગોરજ (બરોડા) સ્થિત પૂ. અનુબેન ઠક્કરના આશ્રમ ''મુનિ સેવાશ્રમ''થી પધારેલા શ્રી દિપકભાઈ અઢીયા સાહેબે આશ્રમની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે કેન્સર હોસ્પિટલ, અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, સ્કૂલ વગેરેની માહિતી સાથે પોતાના ડ્રીમ પ્રોજેક્ટ સોલાર એનર્જી અને પર્યાવરણ જાગૃતિ માટે પોતે શરૂ કરેલ એનજીઓની વાત કરી હતી. પોતાના વક્તવ્યના અંતે તેઓ એ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને





નારગોલ મુની સેવાશ્રમમાં આવી મહાપરિષદની ચિંતન બેઠક કે સભા યોજવા આમંત્રણ આપ્યું હતું.

પ્રથમ દિવસના અંતિમ સત્રના અંતિમ ભાગમાં મહાપરિષદના વિદેશના સૌ હોદેદારશ્રીઓ એલસી યુકેથી શ્રી ભરતભાઈ એ. સોઢા, શ્રી સુરેશભાઈ ઠક્કર (કેનેડા), શ્રી સુનીલભાઈ મજીઠીયા, શ્રીમતી પન્નાબેન રાજા, શ્રી અશોકભાઈ રાચ્છ, ડૉ. બીમલભાઈ ગણાત્રા, શ્રી પ્રકાશ મોદી, શ્રી વીપીનભાઈ મીથીયા, શ્રી સંજયભાઈ ઠક્કર, શ્રીમતી શીલ્પાબેન ઠક્કર, શ્રી સુરૂભાઈ માણેક (લોસ એન્જલસ), શ્રી રૂપારેલ, શ્રી હરીશભાઈ પવાણી (દુબઈ), શ્રી પ્રકાશભાઈ રાડીયા જોડાયા હતાં અને સૌએ પોતપોતાની સંસ્થાઓ દ્વારા થતી વિવિધ જ્ઞાતિ વિકાસ પ્રવૃત્તિઓની વિગતે માહિતી આપી હતી. તેમજ મહાપરિષદના તમામ પ્રકલ્પો અને પ્રવૃત્તિઓમાં તન, મન અને ધનથી જોડાવાની ખાતરી પણ ઉચ્ચારી હતી. શ્રી સતીષભાઈ વિઠ્ઠલાણી એ મહાપરિષદના સૌ વરિષ્ઠ હોદેદારો, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓનો પરિચય આપી મુખ્ય પ્રવૃત્તિઓથી વિદેશના સૌ હોદેદારશ્રીઓને વાકેફ કર્યાં હતાં. વિદેશના સૌ હોદેદારોશ્રીઓએ મહાપરિષદની તમામ પ્રવૃત્તિઓ અને પ્રકલ્પો બિરદાવી શ્રી સતીષભાઈ અને ટીમને અભિનંદન પાઠવ્યા હતાં.

વરિષ્ઠ ઉપપ્રમુખ જીતુભાઈ લાલ દ્વારા યુવા સમિતિ અને આઈ.ટી. સમિતિ સમાજ માટે અગત્યની બની શકશે. સમાજ, સંગઠન અને સંકલન દ્વારા જ સમૃદ્ધ બની શકે છે. આ ગુણ અપેક્ષા આ બન્ને સમિતિ તરફથી રાખી પ્રસાર પ્રચાર દ્વારા દરેક રઘુવંશી સુધી પહોચી શકીશું. પ્રિન્ટ ઈલેક્ટ્રીક મિડિયાનો યોગ્ય ઉપયોગ સરકારી યોજનાઓની જાણકારી હેતુ દરેક મહાજન સુધી માહિતિ પહોંચે તેની જવાબદારી લેવાની ખાત્રી ઉચ્ચારી હતી.

ચિંતન શિબિરના દ્વિતીય દિવસે પ્રથમ સત્રના પ્રારંભે રઘુકુળ ધ્વજવંદના બાદ લીગલ સમિતિની સ્થાપના હેતુ માતૃ સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ શ્રી સતીષભાઈ વિઠ્ઠલાણીના નિમંત્રણને માન આપી પધારેલ સુપ્રીમ કોર્ટના રીટાયર્ડ જસ્ટીસ શ્રી સી. કે. ઠક્કરને મંચ ઉપર શ્રી કૃણાલભાઈ વજાણી દોરી લાવ્યા હતાં. મંચ સ્થાને મહાનુભાવો પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠ્ઠલાણી, શ્રી સી. કે. ઠક્કર, શ્રી કૃણાલભાઈ વજાણી, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, શ્રી જીતુભાઈ લાલ, શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણીની ઉપસ્થિતિએ શરૂ થતી ચિંતન ચર્ચાના આરંભે જ બીન હરીફ ચુંટાયેલા ગુજરાત વિધાનસભાના સ્પીકર શ્રીમતી નીમાબેન આચાર્યનું પૂર્વ પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક સાથે આગમન થતાં સૌએ માનવંતા મહેમાનનું આદરપૂર્વક અભીવાદન કર્યું અને મંચસ્થ સ્થાન ગ્રહણ કરવા આમંત્રીત કર્યા. સત્રની ગતી જાળવતા કૃણાલભાઈ વજાણીએ કહ્યું, રઘુવંશી સમાજ આજે ઉત્તમ સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. શ્રીયુત સી. કે. ઠક્કરની ગૌરવવંતી ઓળખ આપતાં કહ્યું હતુ કે કાયદો બનાવનાર વિધાનસભાના અધ્યક્ષ અને કાયદાનો અમલ કરાવનાર જસ્ટીસ શ્રી સી. કે. ઠક્કરની ઉપસ્થિતિમાં લીગલ સમિતિનું ગઠન થઈ રહ્યું છે એ કુદરતનો શુભ સંકેત છે. વકીલાતના ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાએ રઘુવંશી નારી શક્તિની ઉપસ્થિતિ આનંદ અપાવનારી સ્થિતિ છે. સાથે જ યુવાનોએ પણ આ ક્ષેત્રે વધુ ગંભીર થવાની જરૂર છે.

જસ્ટીસ શ્રી સી. કે. ઠક્કર એ આશીર્વચનમાં જણાવ્યું હતું કે હું લોહાણા બોર્ડીંગ સ્કૂલમાં ભણી આગળ વધ્યો છું, એટલે જ્ઞાતી ગંગાનું આચમન કર્યું હોવાથી હું સતત રઘુવંશી સમાજ સાથે જોડાયેલો જ રહ્યો છું. મારી સમજ અને ક્ષમતાનુસાર જે સંભવ હશે તેટલી મદદ માર્ગદર્શન રૂપે આપવા તત્પર રહીશ.



ગુજરાત વિધાનસભાના બીન હરીફ ચુંટાયેલા અધ્યક્ષ શ્રીમતી નીમાબેન આચાર્ય એ આભાર વંદનામાં સૌના સાથ સહકારનો આભાર માનતાં કહ્યું હતું કે ૩૨ વર્ષની રાજકારણની સફરમાં ૨૫ વર્ષ ગાયનેક તરીકે મહીલાઓના સંપર્કમાં આવતાં ધ્યાને આવ્યું કે મહિલાઓને કઈ અને કેવી કેવી તકલીફો સહન કરવી પડે છે. તેથી જ જાહેર જીવનમાં આવી. આ પ્રસંગે સ્વ.શ્રી શંશીકાન્તભાઈ લાખાણી અને સ્વ.શ્રી હિંમતભાઈ મુલાણીને આદરપૂર્વક યાદ કરી પરંપરાને ગૌરવવંતી બનાવવા પુનઃ સૌ જ્ઞાતીજનોનો આભાર માનતાં જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભાની પ્રથમ મહિલા સ્પીકરના પદ સુધી પહોંચવાનું ગૌરવ એ મારું નહિ સમાજનું ગૌરવ છે. મહિલા સમિતિના અધ્યક્ષ શ્રીમતી રશ્મીબેન વિઠ્ઠલાણી એ શાલ ઓઢાડી જસ્ટીસ શ્રી સી. કે. ઠક્કર એ પુષ્પગુચ્છ આપી અને વર્તમાન પ્રમુખશ્રી સતીષભાઈ વિઠ્ઠલાણી તથા પૂર્વ પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક એ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિકની સ્મૃતિ ચિહન તરીકે સન્માન કર્યું હતું.

લીગલ સમિતિના વાઇસ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ યુવા એડવોકેટ શ્રી કૃણાલભાઈ વજાણીની વ્યસ્તતા અંગે સૌને હળવી શૈલીમાં વાકેફ કરી કહ્યું હતું કે, આ સ્થિતિ એ પણ જ્ઞાતી સંસ્થામાં જવાબદારી લીધી તે આપણાં સૌ માટે આનંદની બાબત છે. તે માટે કૃણાલભાઈને અભિનંદન આપી, સૌને કાયદાનું પાલન કરનારા બની સમાજને વધુ શ્રેષ્ઠ અને અનુકરણીય બનાવવા આહ્વાન કર્યું હતું.

લીગલ સમિતિના અધ્યક્ષ શ્રી કૃણાલભાઈ વજાણીએ જણાવ્યું કે ૨૫ ઝોન, ૪૯ રીજન વર્તમાન પ્રમુખની દૂરંદેશી એ નિર્મિત થવાથી આપણે સૌ સમાજના છેવાડાના વ્યક્તિ સુધી મદદ માટે પહોંચી શકીશું. સાથે જ જ્ઞાતિના યુવા વડીલોને સંગઠીત કરી વ્યાવસાયિક તકો પણ તેમને માટે નિર્મિત કરી શકીશું. ઉપરાંત લોહાણા જ્ઞાતિની કોઈ પણ સંસ્થા કાયદાકીય મુસીબત ભોગવતી હશે તે માટે લીગલ સમિતિ સંપૂર્ણ નિશુલ્ક સહકાર અને માર્ગદર્શન આપશે. જરૂર પડ્યે આદરણીય શ્રી સી. કે. ઠક્કર સાહેબનું માર્ગદર્શન પણ મેળવી શકીશું. વૈશ્વિક કક્ષાએ પણ જ્ઞાતિજનો કે ભારતીય નાગરીકોને મદદરૂપ બનવા સેતુ રૂપે કાર્ય કરી શકવાની આશા રાખી હતી.

પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠ્ઠલાણી એ શ્રીમતી નીમાબેન આચાર્યની ઉપસ્થિતિમાં આભારવશ લાગણી એ અનુમોદના સહ અભિનંદન આપી જ્ઞાતી જનોએ રાજકારણના ક્ષેત્રે સંગઠન અને સેવાનો ભાવ રાખી આગળ આવવા પ્રયત્નશીલ બનવા અને સંભવિત મદદ મેળવી આપવા સૂચન કર્યું હતું.

મહિલા સમિતિ દ્વારા સભા પ્રારંભે અધ્યક્ષા શ્રીમતી રશ્મીબેન વિઠ્ઠલાણી એ પોરંબદરની કુ. જાનુશ્રી રાજેન્દ્ર રાયચુરા (ઉ.વ. ૧૪) લીખીત ચાર અંગ્રેજી પુસ્તકોની ભેટ આપી સૌનું અભિવાદન પામી હતી. ત્યાર બાદ અધ્યક્ષશ્રીએ વિડીયો વિઝ્યુબલ દ્વારા મહિલા સમિતિ દ્વારા થયેલ પ્રવૃત્તિની જાણકારીઓ આપતાં જણાવ્યું હતું કે, વિવિધ ઝોન દ્વારા થયેલ કાર્યક્રમોમાં ઝુમ દ્વારા ડેમોન્સ્ટ્રેશન-કાયદાની સમજ-ફેસયોગ-ગરબા-કુકીંગ-આર્ટ-આત્મનિર્ભર નારી-હેલ્થ કેયર-થેલેસમીયા જાગૃતિ અભિયાન જેવી અનેકાનેક પ્રવૃત્તિની જાણકારી આપતાં કહ્યું હતું કે, વિસ્તૃત નહિ તો પણ સંક્ષેપ માહિતી આપવા બેસીએ તો બે કલાક સહેજે નીકળી જાય તેમ હોવાથી સમય મર્યાદામાં રહી. મુંબઈ-મહારાષ્ટ્રથી જ્યોતિબેન ઠક્કર, વિદર્ભશ્રી શીલાબેન પોપટ, ઉત્તર ગુજરાતથી શીતલ ચંદારાણા, પોરબંદરથી દુર્ગાબેન લાદીવાલા, સાઉથ ગુજરાત પ્રજ્ઞાબેન રાજા, દિલ્હીથી ગીતાબેન ગઢીયા, સેન્ટ્રલ ગુજરાતથી પ્રીતીબહેન નાગપુર રીજનથી





જયશ્રીબેનની ઉપસ્થિતિ સહ સંક્ષેપમાં પોતપોતાના વિસ્તારમાં થયેલ પ્રવૃત્તિઓ વિશેની જાણકારી આપી હતી. સાથે મહિલા અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી એ પ્રવૃત્તિઓના વ્યાપ દ્વારા ઘર ઘર શ્રી લોહાણા મહાપરિષદ પહોંચે તેની ખાતરી આપી હતી.

યુવા સમિતિના અધ્યક્ષ શ્રી ચિંતનભાઈ વસાણી એ સભાને જણાવ્યું હતું કે, વિવિધ ઝોન અને રીજનના યુવાઓ સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, હજી અનેક યુવાનોને માતૃ સંસ્થા અને તેની પ્રવૃત્તિઓ વિશેની સમજ કે જાણ જ નથી. આથી જ યુવા સંબંધિત પ્રવૃત્તિઓ અને કાર્યોના વ્યાપ દ્વારા વધુને વધુ યુવાનોને માતૃ સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ સાથે જોડવા પ્રયત્નશીલ રહીશું. આ પ્રવૃત્તિઓમાં યુવાઓ સાથે બહેનો તરફથી પણ સહકાર અને પ્રોત્સાહક પ્રત્યુત્તર રહે તે હેતુસરના વિશેષ પ્રયત્નો યુવા સમિતિ કરશે.

આ સભામાં લોહાણા પોર્ટલના નિર્માતા ચિંતન રાજાણી (જામનગર) એડ. શીખા ઠક્કર (ઝોન ૧૧), શ્રી પાર્થ કોટેચા (ઝોન ૩), સકારાત્મક માનસિક્તાના લાભ, શ્રી જનકભાઈ ઠક્કર (ઝોન ૬) કલા-સાંસ્કૃતિક અને રમતગમતત ક્ષેત્રે યુવાનોને આગળ વધવાની સંભાવનાઓ વિશે ભાવિ કાર્યોથી વાકેફ કર્યા હતાં જ્યારે પ્રશાંતભાઈ વિઠ્ઠલાણી (ઝોન ૬) દ્વારા વ્યવસાય વૃદ્ધિની બાબતો અંગે ચર્ચા કરી હતી અને પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠ્ઠલાણી દ્વારા યુવાનો માટે વ્યસન મુક્તિ અંગેની પ્રવૃત્તિ પણ ધ્યાને લેવાનું સૂચન કર્યું હતું.

મેડીકલ સમિતિના અધ્યક્ષ ડૉ. પ્રવીણ દૈયા એ નવી સમિતિની રચના વખતે કોરોના મહામારીથી દેશ ઝઝુમી રહ્યો હતો તે સ્થિતિ એ પ્રમુખશ્રીના સુચન દ્વારા જ્ઞાતીબંધુઓને રાહત પહોંચાડવા પ્રયત્નશીલ રહ્યા. ત્યાર બાદ સ્વાસ્થ્ય ક્ષેત્રે વિવિધ ડૉક્ટરો પ્રવૃત્ત છે તેમને જ્ઞાતી લાભ હેતુ સાંકળી લેવા પ્રયત્નશીલ છીએ જેથી સંભવિત આગળના સમયે ઘરે બેઠા દેશના કોઈ પણ ખૂણે રહેલ ડૉક્ટરની સલાહ દ્વારા સારવાર મેળવી શકવા અંગેની તૈયારીઓ વિશેની જાણકારી આપી હતી. સાથે જ જરૂરી સેવા રાહત કે નિઃશુલ્ક રીતે ક્યાંથી મળશે ? તેની પણ સમજ આપશું સાથે સાથે સ્વાસ્થ્ય સહાય માટેના ફોર્મ માટે સમય ન બગડે તે હેતુસર આગળના સમયે ઓનલાઈન નોંધણી દ્વારા સમયની બચત કરી આર્થિક મદદ પણ પહોંચાડી શકીશું અને જાન્યુઆરી ૨૦૨૧ થી સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા રૂ. ૨૯,૪૪,૮૩૨/-ની આર્થિક સહાય પહોંચાડવામાં આવ્યાની જાણકારી આપી હતી. આ આર્થિક સહાય શ્રી લોહાણા મહાપરિષદ, રઘુકુળ આરોગ્ય નિધિ, શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ખીમજી ભગવાન ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગે આપ્યાનું જણાવ્યું હતું. રજૂઆત સહયોગ ડૉ. સુરેશભાઈ પોપટે આપ્યો હતો.

શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ સંયુક્તપણે સહકાર ભાવથી વર્તમાને સ્વાસ્થ્ય સહાય આપવાની પદ્ધતીથી પારદર્શીતાને કારણે સમય, શક્તિ, ધનના વેડફાટથી બચી શક્યા છીએ. સાથે જ અરજીમાં ભલામણ નહિ પણ ચકાસણી દ્વારા જ મદદ પહોંચાડવાની વર્તમાને ગોઠવાયેલ પદ્ધતિ સંતોષકારક છે. સાથે જ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે દરેક ઝોન રીજનમાં ડૉક્ટરની નિમણૂક થાય તે પ્રયત્નો કરતાં ચકાસણી વધુ સૂક્ષ્મ અને સાતત્ય સભર બનશે.

પંકજભાઈ ઓંધીયા સરકારી કર્મચારી સમિતિના અધ્યક્ષ દ્વારા જૂનાગઢના જ્ઞાતીજનોને રૂ. ૫ લાખની સ્વાસ્થ્ય સહાય સરકારી યંત્રણા દ્વારા મેળવી આપી હતી તે અંગે જણાવતાં કહ્યું હતું સરકારી યંત્રણા દ્વારા સહાય મેળવી આપવામાં યોગ્ય સંપર્કનો ઉપયોગ કરવાની પણ જરૂરીયાત છે. જો મહાજનના જવાબદાર વ્યક્તિઓ, ઝોન-રીઝનના પદાધિકારીઓ સરકારી નિયમોની જાણકારી મેળવે તો તે જ્ઞાતિમાટે લાભકર્તા નીવડી શકે છે. આ અંગે જેમની તૈયારી હોય તેમને ઘર આંગણે જાણકાર જઈ પુરતી માહિતી દ્વારા જ્ઞાતી હિતમાં પ્રવૃત્ત થઈ શકવા અંગે તૈયારી દર્શાવી હતી.



કેમિસ્ટ સમિતિ દ્વારા પોર્ટલ દર્શાવતાં જણાવ્યું હતું કે, આ પોર્ટલ દ્વારા સંભવિત આપણાં જ્ઞાતીજનોને સ્વાસ્થ્ય બાબતે જરૂરી એવી સહાયતા દવાઓ પહોંચાડવાના આયોજન સાથે મેડીકલ સ્ટોર્સ કે જથ્થાબંધ વેપારના પ્રારંભ હેતુ જરૂરી માર્ગદર્શન આપવાનું કાર્ય પણ કેમિસ્ટ સમિતિ કરી શકશે. તેમજ પ્રાપ્ત ડૉક્ટર્સ માટેના સેમ્પલો પણ જ્ઞાતીજનોને મળે તો પણ રાહત મળી શકે. આ તબક્કે શ્રી હર્ષદરાય ઠક્કર (અમદાવાદ)ની ગુજરાત સ્ટેટ ફેડરેશન (કેમિસ્ટ)માં નિયુક્તિ બાબતે શુભેચ્છા આપી હતી.

દ્વિતીય દિવસના દ્વિતીય સત્રમાં મહારાષ્ટ્ર ઝોનના પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા અને ઝોનલ મંત્રી શ્રી હર્ષદરાય મણીધર ની સંયુક્ત રજૂઆત કોંકણ રીજીયન, પશ્ચિમ મહારાષ્ટ્ર, ઉત્તર મહારાષ્ટ્ર અને મરાઠાવાડા વિસ્તારના પરિવારો અને રઘુવંશી સમાજના સભ્યોની સંખ્યા તેમજ મહાજનો અને સંસ્થાઓ દ્વારા થતી પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ વિસ્તાર સંગઠનમાં પાયારૂપ શ્રી હિંમતભાઈ સોમૈયા, શ્રી મોહનલાલ ઠક્કર નો આભાર પ્રગટ કર્યો હતો. ડો. શ્રી સુરેશભાઈ પોપટની ઉપસ્થિતિ એ દરેક મહાજનો સાથેના સંપર્ક દ્વારા સંકલન અને સંગઠનની પ્રક્રિયા વિશેની વિસ્તૃત માહિતી આપી હતી.

મુંબઈના ઝોનલ પ્રમુખ શ્રી પિયુષભાઈ ગંઠાએ સભ્યોશ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રીમતી રશ્મીબેન વિઠલાણી, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, ડૉ. પ્રવિણભાઈ દૈયા, શ્રી પ્રકાશભાઈ મગદાણી, શ્રી પંકજભાઈ ગણાત્રા, શ્રી નિખીલભાઈ સુબા, શ્રી કેતનભાઈ પોપટ, શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, શ્રી ચિંતનભાઈ વસાણી, શ્રી જનકભાઈ ઠક્કર ઉપસ્થીતી હતી.

મુંબઈના ઝોનલ પ્રમુખ શ્રી પિયુષભાઈ ગંઠાએ મુંબઈને લોહાણાનું કેપિટલ હોવા અંગેના કારણો દર્શાવતાં જણાવ્યું હતું કે મહાજનવાડી, કુમાર કન્યા છાત્રાલય, સ્કૂલ - કોલેજ, સેનેટોરીયમ, નીવાસગૃહો, નિર્વાસિત ગૃહો, નિર્માણ કરી અન્ય જ્ઞાતિજનો માટે દ્રષ્ટાંતરૂપ બન્યા છીએ. સમાજનો પાયો શિક્ષણ ઉપર નિર્મિત થાય છે, દેશના અન્ય રાજ્યોમાંથી યુવક-યુવતીઓ મુંબઈ તરફની સગવડનો લાભ કદાચ જાણકારીના અભાવે નહી લઈ શકતા હોય, જેટલો લાભ ગુજરાત અને સૌરાષ્ટ્ર લઈ રહ્યા છે. આ સંદર્ભે તમામ ઝોનલ પ્રમુખોને પ્રસ્તુત સગવડોના પ્રચાર-પ્રસારની જવાબદારી લેવા વિનંતી કરી હતી.

ભૂતકાળ વાડાભેદનો હતો ત્યાં હવે વિસ્તાર ભેદ ઊભો થતો જાય છે આવા વિંતડાવાદથી સમાજના પાયાના પરિવારોને નુકસાન થાય છે. સંગઠન શક્તિને સમાજ ઉત્કર્ષના માર્ગે વાળવા વિનંતીનો સુર દાખવ્યો હતો. વડીલ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી એ શ્રી લોહાણા મહાપરિષદ અને મુંબઈના સંબંધો સ્થાપના કાળથી સંસ્મરણો વાગોળતા કહ્યું હતું કે આ ભૂતકાળનાં વિચારો, સંસ્મરણોને અધિકારનો નહી પણ ઈતિહાસનો ગણી ચાલજો.

લગ્ન વિષયક સમિતિ વતી શ્રી અંબરીશભાઈ સોઢા અને શ્રી જયેન્દ્રભાઈ સોઢાએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે લગ્ન વિષયક નું પોર્ટલ બનાવી વિશ્વના કોઈપણ ખૂણેથી જ્ઞાતિજન પોતાના સંતાનોની વિગતો મૂકી પાત્ર પસંદગીનો લાભ લઈ શકશે. અત્યંત સુરક્ષિત એવું આ પોર્ટલ અન્નજળ અવસર નામની લગ્ન વિષયક સલાહ કેન્દ્ર જે નિઃશુલ્ક ચલાવાય છે તેના નેજા હેઠળ બનેલ અને વપરાશ હેઠળની આ પોર્ટલ શ્રી વિનોદભાઈ અને તેમના પુત્ર શ્રી હર્ષભાઈ દ્વારા બનાવવામાં આવી છે, જે હવે માતૃસંસ્થાના નેજા હેઠળ વપરાશમાં આવશે.

આ તબક્કે પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી એ પ્રસ્તુત સોફ્ટવેર ની ઉપયોગીતા અને સ્વીકૃતિ આપતાં સોઢા બંધુઓની ઉદારતાને બિરદાવી હતી.



શ્રી જયંતભાઈ સોઢા દ્વારા લગ્ન વિષયક બાબતો ઉપરાંત છૂટાછેડા ન થાય તે હેતુસરના વૈચારિક મતભેદો દૂર કરવાના પણ પ્રયત્ન કરીશું. સાથે જ છુટાછેડા લીધેલ, વિધુર - વિધવા સંતાન સાથેના ઉમેદવારો બાબતે પણ સમાજએ ઉદારભાવ કેળવવો જોઈએ તેવી વિનંતી કરી હતી.

"કર્મનો સિદ્ધાંત" અત્યંત પ્રસિદ્ધિ પ્રાપ્ત પુસ્તક ના લેખક સ્વ. શ્રી હિરાભાઇ ઠક્કરના પુત્ર શ્રી મહેશભાઈ ઠક્કરએ ઉપસ્થિત સર્વે મહાનુભાવો ને પુસ્તક આપવાની લાગણી ને માન આપતા નવી આવૃત્તિ નું પ્રથમ પુસ્તક પ્રમુખશ્રી ને અર્પણ કરતાં આ પુસ્તકના પ્રસાર-પ્રચાર માટે કાર્ય કરનારા સ્વ. શ્રી ગંગારામભાઈ ગંઠા અને સ્વ. શ્રી હરિભાઈ ડ્રેસવાલાને શ્રદ્ધા સુમન આપ્યા હતા.

ભાગ્યશાળી દાતાશ્રી યોજના હેઠળ રૂપિયા ૨૧૦૦ નું અનુદાન લઈ ૧૦૦ દાતાશ્રીઓની સંખ્યા થતા લકી ડ્રો કરવામાં આવે છે, જેમાંથી ભાગ્યશાળી દાદાશ્રીનું નામ ડ્રો દ્વારા વિજેતા તરીકે જાહેર કરવામાં આવે છે. જે ઉચ્ચ શિક્ષણ અભ્યાસ હેતુ વિજેતા દાતાશ્રીના નામે ખર્ચ કરવામાં આવે છે. કચ્છ ઝોન વતી ૧૦૦ દાતાશ્રીઓની સંખ્યા પૂર્ણ થતા ની આજરોજ ડ્રો ની ચીઠ્ઠી શ્રીમતી ડો. ક્રિપાલી ચિંતન વસાણી ના વરદ્ હસ્તે કાઢવામાં આવતા ૭૦ નંબર જાહેર થયું હતું, જે કચ્છ મુન્દ્રાના શ્રીમતી કુસુમબેન ગુગળીયા પરિવાર નું નામ જાહેર થયું હતું.

પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ રજૂઆત પ્રારંભે જ કહ્યું હતું કે પ્રમુખશ્રીની સલાહ સૂચનથી પર્યાવરણ સમિતિ દ્વારા સજીવ ખેતી, સોલાર એનર્જી, ઈ-વેસ્ટ રિસાઈકલિંગ, જળ સિંચન જેવા મુદ્દા ઉપર વિશેષ ધ્યાન આપવાનું કહેવામાં આવ્યું હોવાથી તેનો યોગ્ય રીતે અમલ કરવા પ્રયત્નશીલ રહીશું. પ્રમુખશ્રી દ્વારા પ્રાપ્ત માર્ગદર્શન અને પ્રોત્સાહનનું ઉદાહરણ આપતા અમદાવાદની અમરાપુર વાવની સફાઈ હેતુ તત્કાલિક ઉપસ્થિત રહેવાનું સ્વીકાર્યું હતું, જેમાં મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરએ પણ હાજરી આપી પ્રોત્સાહિત કર્યા હતા. ૧૦ ઝોનલ પ્રમુખો, ૧૨૫ સભ્યોની નિયુક્તિ સાથે પ્રવૃત્તિ પર્યાવરણ સમિતિ ગતિશીલ બની છે.

રિ-સાયકલ ઈ-વેસ્ટ ઉપર કાર્ય કરતા મુંબઈના શ્રી કરણભાઈ ઠક્કરની સલાહ સુચન મુજબ કાર્ય કરી રહ્યાનું જણાવ્યું હતું. શ્રી દિપકભાઈ ગઢીયા દ્વારા સોલર એનર્જી વિશે જાણકારી મેળવતા આ ક્ષેત્રે સંભવિત આવક અને વ્યવસાયિક તત્વોની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. સજીવ ખેતી માટે શ્રી મુકુંદભાઈ ઠક્કર, ઈ-વેસ્ટ રિસાઈકલિંગ બાબતે શ્રી કિરણભાઈ ઠક્કર, જળ સિંચન બાબતે શ્રી નીલેશભાઈ ઠક્કર એ રજૂઆત કરી હતી.

ઉત્તર ગુજરાત ઝોનના પ્રમુખ શ્રી ભગવાનદાસ બંધુએ પોતાની ઉર્જાત્મક શૈલીમાં વિસ્તાર ક્ષેત્ર સ્થિત મહાજનો, સંસ્થા, મંદિરોની વિગતો અને પ્રવૃત્તિ વિશે વિગતો આપી હતી અને ડીસાના ભાગ્યશાળી દાતાશ્રી માં જહેમત લેનાર શ્રી મહેશભાઈ ઉદેચા અને શ્રી લીલાધરભાઈ ને બિરદાવ્યા હતા.

મધ્યભારત ઝોન ક્રમાંક ૧૧ ના પ્રમુખ શ્રી કીશનભાઈ મીરાણી પારિવારિક જવાબદારીને કારણે રજૂઆતથી થોડીક જ વાર પહેલાં નીકળવું રહ્યું હોવાથી ઝોનના મંત્રીશ્રી હિતેશભાઈ રાયચુરાએ ઝોનના કાર્યોની રજૂઆતની જવાબદારી સંભાળતા મધ્ય ભારત ઝોન દ્વારા આયોજીત કાર્યક્રમોની સચિત્ર રજૂઆત કરી માતૃસંસ્થાના પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણી અને વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી જીતુભાઈની ઝોન ૧૧ ની મુલાકાતો દ્વારા પ્રાપ્ત પ્રોત્સાહનને બિરદાવ્યું હતું. નિયુક્ત વિવિધ સમિતિઓના પદાધિકારીની સચિત્ર ઓળખ આપી હતી. તેમજ ઓનલાઈન શ્રીમદ ભાગવત કથાના આયોજન દ્વારા રૂ. ૧૧,૨૭,૫૪૦ શ્રી લોહાણા મહાપરિષદને શિક્ષણ હેતુ અનુદાન એકત્રિત કર્યાની માહિતી આપી હતી. તેમજ પર્સનાલીટી ડેવલપમેન્ટના નેજા હેઠળ સમિતિ અધ્યક્ષ શ્રી જીગ્નેશભાઈ ભજીયાવાળાના ઉપસ્થિતિએ નિ:શુલ્ક






કોમ્પ્યુટર પ્રશિક્ષણ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રવૃત્તિઓ સાથે ઝોનમાં રઘુવંશી પરિવારોની ૧૦૯૮ ની સંખ્યા હોવાનું તેમજ ૫૨૧૭ સભ્યો હોવાનું જણાવ્યું હતું.

રીઝનલ પ્રમુખ (છતીસગઢ) શ્રી પ્રકાશભાઈ દાવડાએ ચિંતન શિબીરના આયોજન માટે ખૂબ ખૂબ આભાર માનતાં વિવિધ સમિતિઓની જવાબદારી હેઠળની દરેક પ્રવૃતિએ કાર્યરત કરવાની ખાતરી ઉચ્ચારી હતી. વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કરએ ઝોન ૧૧ દ્વારા રઘુવંશી પરિવારના દરેક સભ્યોની પ્રવૃત્તિ અને તેમના સંતાનોના અભ્યાસની જામકારી ઉપલબ્ધ કરી માર્ગદર્શન આપવાની પ્રવૃત્તિને બીરદાવી હતી. ઝોનલ રજૂઆતની પૂર્તીએ સ્મૃતિચિત્રોનું પુસ્તક પ્રમુખશ્રી સતીષભાઈ વીઠલાણીને અર્પણ કર્યું હતું.

દક્ષિણ ભારત ઝોન-૧૩ ના અધ્યક્ષ શ્રી પ્રફુલભાઈ સેજપાલ દ્વારા જ્ઞાતિ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ ઉપરાંત ધર્મ-પરંપરાની જાળવણી ઉપર પણ ભાર આપ્યો હતો. ઝોનલ મંત્રીશ્રી સુધીરભાઈ ઠક્કરએ ચિંતન શિબિર માટે ખૂબ આભાર માન્યો હતો. રીઝનલ પ્રમુખશ્રી રમેશભાઈ સાકરીયાએ દક્ષિણ ભારત વિસ્તારની સંસ્થાઓ મહાજનોની પ્રવૃત્તિઓ સાથે જવાબદારી હેઠળના વિસ્તાર ગોવા-તેલંગણા-કર્ણાટક-કેરળ-તામીલનાડુ-પોંડિચેરી-આંધ્ર પ્રદેશ વિસ્તારમાં રહેતાં દરેક રઘુવંશી પરિવારોની માહિતીઓ સાથે સંપર્કમાં હોવાનું જણાવ્યું હતું. બેગ્લોર, સીકંદરાબાદ, હૈદ્રાબાદ, ગોવા, ચેન્નઈ, મેંગ્લોર, કોઈમ્બતુર, બેલગામ, કાલીકટ, સાલેમ, કોચીન, એરોર્ડ, તીરૂપુર, હુબલી-ધારવાડ વિસ્તારથી સંકલન કરી દરેક રીઝનના પ્રતીનીધીઓનો સમાવેશ કર્યાનું જણાવ્યું હતું. સાથે જ દક્ષિણ ભારતનું વસ્તીપત્રક બનાવવાનું શ્રી ધીરેન્દ્રભાઈ ઈશ્વરલાલ (મેગ્લોર)ના નેતૃત્વ હેઠળ ચાલી રહ્યાનું જણાવ્યું હતું. અને ટોક્યો ઓલોમ્પીકમાં ભારત વતી ચિ. વરૂણ ઠક્કર એ સેઈલીંગ ઈવેન્ટમાં ભાગ લીધો હોવાનું ગૌરવભેર નોંધ લીધી હતી. ઝોનલ પ્રમુખશ્રી પ્રફુલભાઈ સેજપાલ એ કન્યાકુમારી ખાતે કારોબારી સમિતિની સભાનું આયોજન કરવા હેતુ નિમંત્રણ આપ્યું હતું.

વિદર્ભ ઝોન ૧૨ ના અધ્યક્ષ શ્રી રાજેશભાઈ ખખ્ખર દ્વારા વિદર્ભ વિસ્તાર સ્થિત મહાજનોની વિગતો અને પ્રવૃત્તિઓ અંગેની સંક્ષેપ માહીતી આપતાં જણાવ્યું હતું કે વિદર્ભમાં ૧૯ મહાજનો છે. વર્તમાન કોવીડ મહામારીમાં વિસ્તારમાં જરૂરી સહયોગ જ્ઞાતિજનોને પહોંચાડવા શ્રી નિલેશભાઈ ગઢીયા, શ્રી મનીષભાઈ ગંડેચા, શ્રી ચંદ્રકાંતભાઈ પોપટ, શ્રી નંદકીશોરભાઈ લોહાણાએ યોગ્ય સહકાર આપ્યો હતો. જેમાં ઓક્સિજન અને દવાઓની મદદ હેતુ જરૂરિયાત ઉપર પુરતી ધ્યાન આપી શક્યા હતાં.

મહામારીના સમયે સ્વાસ્થ્ય, ટીફીન વ્યવસ્થા, રાશન, ઓક્સિજન, ડોક્ટર, આર્તિક જેવી બાબતોએ જ્ઞાતિજનોને મદદરૂપ થવા ટીમ બનાવવામાં આવી હતી.

રઘુકુળ વિશ્વના તંત્રી શ્રી ચંદ્રકાંતભાઈ તન્નાએ ''ચાલ એક દિપ પ્રગટાવી તો જઈએ, અંધારાને દૂર હડસેલી તો જોઈએ. મંઝીલ ભલે મળે વહેલી કે મોડી, ચાલ આપણે રસ્તો બતાવી તો જોઈએ.'' ના કવીસત્વ દ્વારા ચિંતન શીબીરના આયોજનને બીરદાવી, મહાજનો, સંસ્થાઓ જ્ઞાતિજનોની સમાજ હીતની પ્રવૃત્તિઓ કે સિદ્ધિઓને રઘુવંશીઓના ઘર ઘર સુધી પહોંચાડવાનું કાર્ય ''શ્રી રઘુકુળ વિશ્વ'' કરી રહ્યું છે. નિતિ સૂત્રમાં કહ્યું છે ને અખબાર એ લોકતંત્રનો ચોથો પાયો છે. રાજા-પ્રજા-ધર્મ અને વિચારોનો પ્રસાર, પ્રચાર આ મુખ્ય ચાર પાયા છે. ''રઘુકુળ વિશ્વ''ને મુદ્રણ ઉપરાંત, ડીઝીટલાઈઝ કરવા તરફના સ્તુત્ય પંગલાંને આધુનિક અને વધુ સક્ષમ પગલું ગણાવ્યું હતું. ૧૯૫૨ માં ''શ્રી લોહાણા મહાપરિષદ'' નામે સાપ્તાહિક શરૂ કરાયાનું નોંધ મેળવી હોવાનું જણાવ્યું હતું. ૧૯૮૦ માં ''લોહાણા પરિવાર''ના નામે પુનઃ

મુખપત્ર શરૂ થયું. પંચમ અધિવેશન પછી ''અસ્મીતા''ના નામે મુખપત્ર પ્રકાશિત કરવામાં આવ્યું અને ૧૯૯૮ માં '' શ્રી રઘુકુળ વિશ્વ'' નામાધિન સાથે અવીરત મુખપત્ર રઘુકુળ પરિવારોના ઘરેઘર માહિતીઓ પહોંચાડવાનું કાર્ય કરી રહ્યું છે. જેનો પ્રથમ અંક તત્કાલીન પ્રમુખશ્રી મથુરભાઈ મજેઠીયાના હસ્તે શ્રી કચ્છિ લોહાણા મહાજન-મુંબઈનાં યજમાન પદ હેઠળની કારોબારી સમિતિની સભામાં વિમોચન થયું હતું. મલ્ટીકલર ''શ્રી રઘુકુળ વિશ્વ'' ૨૦૧૦ થી તત્કાલીન પ્રમુખશ્રી યોગેશભઆઈ લાખાણીના કાર્યકાળ દરમ્યાન પ્રસિદ્ધ થવાનું શરૂ થયું હતું. જયારે તેમના અનુગામી પ્રમુખશ્રી પ્રવીણભાઈ કોટકના પ્રમુખપદ હેઠળ ''શ્રી રઘુકુળ વિશ્વ'' ડીઝીટલાઈઝ થયાની નોંધ આવી. વર્તમાન વૈશ્વિક સમુદાય સાથે વધુ ઉત્તમ સંપર્ક સ્થાપી શકીએ તે હેતુસર અંગ્રેજી ભાષા સાથે પ્રસારીત કરવાનો ધ્યેય વર્તમાન પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણીનું છે. તેમ જણાવ્યું હતું અને ભાષાંતર માટે સમાજમાંથી સભ્યો આગળ આવે તેવી ઈચ્છા દર્શાવી હતી.

પ્રમુખશ્રી સતીષભાઈ વીઠલાણીએ તંત્રીશ્રી ચંદ્રકાંતભાઈ તન્નાની સાહિત્યીક, વક્તૃત્વ ક્ષમતાને બીરદાવી હતી. વર્તમાને ઔપચારીક પ્રક્રીયાના કારણે મુદ્રણ તરફ જવામાં અડચણો આવતી હતી. જે પ્રક્રિયા સત્વરે આ અઠવાડીએ પૂર્ણ કરી આવતા માસથી નીયમીત રીતે પ્રસીદ્ધ કરવામાં આવશે.

રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી વિશાલભાઈ ઠક્કર એ રમતગમતના ક્ષેત્રને શારીરિક, માનસીક ઉન્નતી સાથે કારકીર્દી ઘડતરમાં નેતૃત્વ શક્તિનો વિકાસ પણ થાય છે. આપણે વ્યાપારી પ્રજા છીએ પણ હવે રમતગમત ક્ષેત્રને પણ ગંભીરતાપૂર્વક લઈ રહ્યા હોવાથી વિવિધક્ષેત્રે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ જ્ઞાતિ યુવક-યુવતીઓ પણ આગળ આવી શક્યા છે. રમત-ગમતના ક્ષેત્રે અનેક બાબતો એવી છે જેમાં કારકીર્દિ બનાવી શકાય છે. તે બાબતે માહિતીઓ રસપ્રદ રીતે રજુ કરી હતી.

આ તબક્કે પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણીએ જણાવ્યું હતું કે આર્થિક બાબતોસર આપણા કોઈ પણ યુવાનો અટકે નહી તે જોવાની જવાબદારી શ્રી લોહાણા મહાપરિષદ સંભાળશે. છાત્રાલય, એજ્યુકેશન, સ્કીલ સાથે સ્પોર્ટ્સ પણ યુવાનોના ઉત્કર્ષ માટે જવાબદારી સંભાળી શકે તેવી આશા રાખી રહ્યાનું જણાવ્યું હતું.

ઉત્તર પૂર્વ ભારત ઝોનના પ્રમુખ શ્રી હેમંતભાઈ કાથરાણી એ બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા રાજ્ય વિસ્તારમાં સંગઠનની પ્રવૃત્તિઓ અને પરિવારની જરૂરિયાતોની પૂર્તિ અંગેની જાણકારી આપી હતી. જ્ઞાતિ સહાય માટે પગભર રહી શકવા ઉપરાંત ધર્મ, સંસ્કૃતિ અને વીશેષ કરી ગુજરાતી ભાષાને ગૌરવવંતી બનાવવા માટેના પ્રયત્નો, કાર્યોની જાણકારી આપી હતી. પૂરક માહિતી ઝોનલ મંત્રી શ્રી મોહનભાઈ મજેઠિયાએ રજૂ કરી હતી.

શ્રી મહેન્દ્રભાઈ રાયચાએ અમદાવાદ ખાતે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના કાર્યાલય હેતુ પોતાની જગ્યા સંપૂર્ણ ફર્નિચર સાથે ઉપયોગે લેવા આપી છે તેની જાહેરાત કરવામાં આવી હતી, પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી દ્વારા શ્રી મહેન્દ્રભાઈનું બટન પહેરાવી કર્યું હતું.

દક્ષિણ ગુજરાત ઝોનના અધ્યક્ષ શ્રી શૈલેષભાઈ સોનપાલ એ સુરત સ્થિત જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા થતી જ્ઞાતિ ઉત્કર્ષ અને સંગઠનના કાર્યો અંગે શ્રી કનુભાઈ ગોટેચા અને શ્રી ચંદુભાઈ ખખ્ખરએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે ભાગ્યશાળી દાતાશ્રી યોજનામાં ૪૦૦ સભ્યોની નોંધણી સ્નેહમિલનના કાર્યક્રમમાં ફક્ત ૬૮ પરિવાર દ્વારા પ્રાપ્ત કરી શકયા છીએ, આ સાથે જ ભવિષ્યમાં પણ વધુને વધુ આ









બાબતે સકારાત્મક રીતે પ્રવૃત્ત રહી છે શ્રી લોહાણા મહાપરિષદના ધ્યેયને મૂર્તિમંત કરવા પ્રયત્નશીલ રહીશું.

કચ્છ વિભાગના અધ્યક્ષ શ્રી કે.સી. ઠક્કર દ્વારા કચ્છથી સંગાથે આવેલ પ્રતીનીધીઓ અને વિવિધ રીઝનના પદાધિકારીઓની ઓળખ કરવી હતી. શ્રી દિપકભાઈ રેલોન (પ. કચ્છ રીઝન) શ્રી સુરેશભાઈ ઠક્કર (માંડવી-મુદ્રા રીઝન) શ્રી અશોકભાઈ (આદીપુર-ગાંધીધામ-અંજાર રીઝન) શ્રી શામજીભાઈ (ઝોનલ મંત્રી) હસમુખભાઈ કોડરાણી (અંજાર રીઝનલ મંત્રી) ગીરીષ સોનાઘેલા (નખત્રાણા-દયાપર-અબડાસા ઝોનલ પ્રમુખ) મુકેશભાઈ (રાપર) દિનેશભાઈ રાજદે, રમેશભાઈ (માંડવી) અને જણાવ્યું હતું કે અમો સૌ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફ પૂર્ણ સમર્પિત અને સકારાત્મક ભાવ સાથે કાર્ય કરનારા છીએ.

૧૪૦૦૦ પરિવાર ૭૦,૦૦૦ વસ્તી ૪૭ મહાજન, ૨૨ સંસ્થા, હાલના તબક્કે રેકોર્ડ ઉપર છે. ૧૦૦ થી વધુ મધ્યસ્થના સભ્યો છે. વર્તમાન સમિતિએ કાર્યભાર સંભાળ્યો તે સમય કોરોના મહામારીનો તબક્કો હતો અને આવા મહામારીના સમયે સ્વાસ્થ્ય સંબંધી કાર્ય કરવાની મહત્વની જવાબદારી સંભાળવાની આવી જે ઈશ્વર કૃપા અને સાક્ષીઓના સંગાથે સુપરે નીભાવી શક્યા, જેમાં જરૂર હતી ત્યાં ટીફીન સેવા, આર્થિક સહાય, હોસ્પીટલ કે દવાઓની ઉપલબ્ધીનું કાર્ય પણ કર્યું. સમયાંતરે વેક્સીનેશન કેમ્પ દ્વારા પણ મદદરૂપ બનવા પ્રયત્ન કર્યો. પર્યાવરણ અને સ્કીલ ડેવલપમેન્ટ સમિતિના કાર્યોને પણ ઝોનમાં પ્રવૃતમય કર્યા. ભાગ્યશાળી દાતાશ્રીની યોજના દ્વારા કરેલ પ્રવૃત્તિ સાથે આ વિચારને મૂર્તિમંત કરવા બદલ પ્રમુખશ્રીને અભિનંદન આપ્યા હતાં. શ્રી સુરેશભાઈ ઠક્કર (મુદ્રા) દ્વારા યુવા સંગઠનને વિકસિત મજબૂત બનાવવા સમિતિ અધ્યક્ષ શ્રી ચિંતનભાઈ વસાણીને કચ્છ યાત્રા માટે નિમંત્રણ આપ્યું હતું.

ઝોનલ પ્રમુખ શ્રી અરવિંદભાઈ પાબારી વતી શ્રી નીલેશભાઈ કાનાણીએ વિભાગીય માહિતી આપતાં જણાવ્યું હતું કે હાલાર અને પોરબંદર વિસ્તારના ૨૭ મહાજનો છે. જેમાં જામનગર, દ્વારકા દેવભૂમિ જીલ્લાના વિસ્તારમાં ૨૨ મહાજનો સાથે મળી જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યો કરે છે. આ ભગીરથ કાર્યમાં ૨૭ જલારામ મંદીરોની પ્રવૃત્તિઓ પણ ટેકારૂપ ભાગ ભજવી રહી છે. વર્તમાન વર્ષે થયેલ અતિવૃષ્ટી તરમ્યાન ૧૭૭ અસરગ્રસ્ત પરિવારોમાંથી ૧૫ જેટલા જરૂરતમંદ પરિવારોને રૂ. ૧૫૦૦૦ ની આર્થિક સહાય સંસ્થાઓના સહયોગે આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું. થેલેસીમીયા જાગૃતી અભિયાન હેઠળ ઝોનના ૯૦ ટકા પરિવારોએ ચકાસણી કરાવી લીધી હોવાની જાણકારી આપી હતી.

શિક્ષણ ક્ષેત્ર સરકારી કેન્દ્રો મારફત સરકારી યોજનાનો લાભ મળે તે હેતુસર જ્ઞાતિના નિવૃત્ત કર્મચારીઓની સેવા લેવામાં આવે છે અને આરોગ્ય તથા શિક્ષણ ક્ષેત્ર શક્ય તેટલી સહાય અપાવી માતૃસંસ્થા ઉપર જવાબદારીઓમાં સહાયરૂપ થવા પ્રયત્નશીલ બનીએ છીએ. આ તબક્કે પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણીએ જામનગર સ્થિત વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ લાલને આહવાન કર્યું હતું કે આપના જવાબદારી હેઠળના સૌરાષ્ટ્ર ઝોન ૧-૨-૩-૪ અને કચ્છ જીલ્લામાં પણ આજ રીતનું તંત્ર ગોઠવવા મદદરૂપ બનવું જોઈએ. જેનો વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ લાલએ સહર્ષ સકારાત્મક પ્રત્યુતર આપ્યો હતો.

રમતગમતના ક્ષેત્રે યુવાઓને પુરતી મદદ કરી રહ્યા હોવાનું જણાવી પુરક માહિતી આપતાં કહ્યું હતું કે જામનગરની કુ. રિધ્ધી રૂપારેલ અન્ડર ૧૯ કેપ્ટન છે, જ્યારે અન્ય એક દીકરી અન્ડર ૧૪ માં વિકેટ કીપર તરીકે રાષ્ટ્રીય સ્તરે સ્થાન અંકે કર્યું છે.

વિશેષમાં ઝોનનના સંભવિત દરેક મહાજનો વચ્ચે સંકલન કરી એકના એક કાર્યક્રમ બધાય મહાજનો ન કરતાં કાર્યક્રમોની વહેંચણી દ્વારા યોગ્ય સમયપત્રકના આયોજન સાથે સમય, શક્તિ અને ધનના વેડફાટને બચાવવા સફળ થયાનું જણાવતાં સંલગ્ન દરેક મહાજનોનો આભાર માન્યો હતો. અહીં વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ લાલ એ શુકનનો ૧/- ૨-રૂપીયો લઈ આદર્શ લગ્ન મહાજન દ્વારા કરાવી આપવામાં આવે છે, વર્તમાને થતાં કાર્યો ઉપરાંત ભાવી કાર્યક્રમોની રૂપરેખા પણ આપી હતી.

આઈ. ટી. ટીમ તરફથી અધ્યક્ષ શ્રી નીમેશભાઈ માણેકએ રજુઆત પ્રારંભે જ જણાવ્યું હતું કે આઈ.ટી. ટીમમાં પ્રારંભના ચાર

સભ્યોમાં મારી સાથે શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી વૈભવભાઈ બુધ્ધદેવ અને સ્વ. શ્રી અમીતભાઈ દાસાણી (પુના) હતાં. કોરોના કાળના આ સમયે સંગઠન અને પ્રવૃત્તિઓ ગતીશીલ રાખવા બે મહીના સુધી સતત કાર્ય કરતાં રહી રઘુવંશીઓને સંગઠીત કરવાના માતૃસંસ્થાના ધ્યેયને પ્રવૃતમય રાખી શક્યા પણ કુદરતની ક્રુર થપાટ એ અમીતભાઈ દાસાણીને આપણી વચ્ચેથી છીનવી લીધા. સમિતીની કાર્ય રજુઆતની પૂર્ણતાના તબક્કે વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી જીતુભાઈ ઠક્કર સાથે સૌએ સ્વ. શ્રી અમિતભાઈ દાસાણીને ભાવંજલી આપી હતી.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની દરેક પ્રવૃત્તિઓ સમિતિએને જ્યાં જ્યાં આઈ.ટી. ટીમની જરૂરત પડી છે ત્યાં, ત્યાં અમો મદદરૂપ બની શક્યા તેનો આનંદ છે. લોહાણા પોર્ટલ ઉપરાંત લગ્ન વિષયક, એજ્યુકેશન સ્કોલરશીપ, સ્વાસ્થ્ય સહાય, લોહાણા મહાજન-છાત્રાલયો-વ્યાપારી પ્રતિષ્ઠાનની માહિતીઓ, લીગલ ડોક્યુમેન્ટ, સાથે મીડીયા દ્વારા સંપર્ક અને પ્રસાર, પ્રચારનું કાર્ય કરી રહ્યા છીએ.

મધ્ય ગુજરાતના પ્રમુખશ્રી અશોકભાઈ ગઢીયાએ સૌ પ્રથમ પોતાની કાર્યરત સમિતિના સભ્યોની ઓળખ આપતાં શ્રી હિંમતકાકા, શ્રી સતીષભાઈ, શ્રી નીતીનભાઈ, શ્રી પરેશભાઈ, શ્રી ચંદ્રકાંતભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી ધીરૂભાઈ રૂપારેલ સહમંત્રીશ્રી હરીશભાઈ ઠક્કર, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ધર્મેશભાઈ હરિયાણી, સહમંત્રી શ્રી હર્ષદરાય ઠક્કર અને શ્રી મનુભાઈ ગોકાણી, ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટ, શ્રી પંખી સાહેબનું અભિવાદન કરી વિસ્તારના અંતર્ગત આવતી ૩૨ સંસ્થાઓમાં ૯ મહાજન, ૯ છાત્રાલય, ૧૪ સંસ્થા કાર્યરત અને માતૃસંસ્થા સાથે સંકળાયેલ છે. જ્યારે અન્ય વિસ્તારોમાં સંગઠન બાબતે કાર્યરત છીએ અને અન્ય સંસ્થાઓ પણ સંલગ્ન થાય તે હેતુસરના પ્રયત્નો કરી રહ્યા છીએ.

શ્રી નીતીનભાઈએ અમદાવાદને પુનઃ કાર્યાલય મળ્યાનો આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું કે બે દિવસની ચિંતન શીબીરમાં ઘણું જ શીખ્યા છીએ. તો સાથે સાથે આયોજનમાં ક્યાંય ત્રુટી રહી ગઈ હોય તો ક્ષમા યાચના સાથે ટીમના દરેક સભ્યો સહ શ્રી હર્ષદરાય ઠક્કરનો









વિશેષ આભાર માન્યો હતો. પારકર સમાજની ઓળખ તાજેતરના સમયથી થતાં અને જ્ઞાતીગંગા સાથે જોડાવવાના સમય, સંજોગોનો આનંદ વ્યક્ત કર્યો હતો. ઝોનલ ઉપપ્રમુખ પ્રવીણભાઈ ઠક્કર, શ્રી પરેશભાઈ કારીયા એ વિસ્તારમાં થતાં કાર્યો ઉપરાંત સંપર્કયાત્રા દ્વારા ગામે ગામ જઈ સંગઠિત કરવાના પ્રયાસોની જાણકારી આપી હતી જે હજી પણ ચાલુ રહેશે અને શક્ય તે દરેક ગામને માતૃસંસ્થા સાથે સાંકળવાની ખાત્રી આપી હતી.

વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ શિક્ષણ-સ્વાસ્થ્યને સંબંધિત થતાં કાર્યોની ચર્ચા સાથે સંગઠનને વધુ મજબુત અને વિસ્તૃત બનાવવાની પ્રવૃત્તિ તરફ ધ્યાન આપવાનો અને હજી શિક્ષણ અને આરોગ્યક્ષેત્રે જે શ્રેષ્ઠ થઈ શકે તે માતૃસંસ્થાના માધ્યમ દ્વારા કરી ઈમાતીને નવી ઉંચાઈએ લઈ જવા અંગે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

---

*With Best Compliments From*

***Shri Dhirubhai Mirani & Family***

***Ghatkopar, Mumbai***

SAGLANI

# Saglani

ENTERPRISES
PVT. LTD.

14, SKYLARK APTS,OPP. LOYOLA HIGH SCHOOL,
MARGAO - 403 601 GOA
PHONE : (O) 2736655 / 2731607
MOBILE: 0091 - 9822104265 FAX : 0832 - 2705566
E-mail : saglani@satyam.net.in Website : www.saglani.com

STOCKIST : JOHNSON. BELL, NITCO. MIRAGE, ORIENT CERAMIC, ITALIA GLASS MOSAIC. ULTRA TILES. MARC, GROHE, GEBERIT, AMERICAN STANDARD, NIRALI. OYSTER BATH TUB.

---

Zenith®
HEALTHCARE LTD.
(A WHO cGMP & ISO 9001:2008 Certified Company)

*With Best Compliments From*

## Mr. Mahendra Raycha

**Chairman & Managing Director**

REGD.OFFICE :
504, Iscon Elegance,
Near Ananddham Jain Derasar,
S.G. Road, Ahmedabad.
Mobile : +91 98250 97076, +91 94265 16103
Email : mahendrazenith@hotmail.com,
info@zenithhealthcare.com

WORKS :
388/34, Changodar Industrial Estate,
Sarkhej Bavla Highway,
Changodar - 382 213.
Phone : +91-9228020010 / 9979503977

Website:-www.zenithhealthcare.com
Facebook:-https://www.facebook.com/Zenithhealthcare/
Linkedin:-https://www.linkedin.com/company/zenith-healthcare-limited
Twitter:-https://twitter.com/zenithhealthc

**Innovation Leading to Excellence in Quality Since 1994**
**Exporting Medicines to**
**Asian, African, CIS, Latin American,**
**Middle East(ROW & MENA) Countries**

*With Best Compliments From*

**Smt. Shantaben Gulabrai Gandhi**

**&**

**Family**

**Smt. Shantaben Gulabrai Gandhi**

**(Badiani) Foundation**


**GANDHI GROUP CHARITABLE TRUST**

**BILLION PLASTICS PVT. LTD.**
101, Himalaya House, 79, Palton Road,
Fort. Mumbai – 400 001.
TEL NO +91 22-22621673 / 22-22621674
Email: billionplastics@gmail.com

&

**CONSUMERS PLASTICS PVT. LTD.**
1ST floor, 5-D Mogra Village Road,
Andheri (E), Mumbai – 400 069.
+91 22-28351012/13
Email: cppl@billionpipes.com

## ૧) માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ - મહારાષ્ટ્ર વિભાગ



માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ - મહારાષ્ટ્ર વિભાગ મહિલા સમિતિ દ્વારા ખેલકૂદ દિવસ સમારોહ શનિવાર તારીખ ૨૨ મે ૨૦૨૧ રોજ ઓનલાઈન ઝૂમ એપ ના માધ્યમ દ્વારા ગોઠવવામાં આવ્યું હતું.

કાર્યક્રમ ખાસ કરીને સ્પોર્ટ્સ વિષયોને આવરી લઈ જે તે વિષયના નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ આયોજીત કરવામાં આવ્યું હોવાથી ખૂબજ રસમય રહ્યો હતો અને પ્રેક્ષકો અને દર્શકો માટે પ્રેરણાત્મક અને મનોગમ્ય બની રહ્યો હતો જેથી સહુ વાહ !! વાહ !!! ના પ્રતિભાવો થી આયોજકો અને તાલીમાર્થીઓ ને વધાવી લીધા હતા .

ઝૂમ એપ પર માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મહારાષ્ટ્ર વિભાગ મહિલા સમિતિ, કોંકણ વિભાગ, મહારાષ્ટ્ર નોર્થ ઝોન, સાઉથ ઝોન, મરાઠાવાડાના મહિલા સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

તદ્ઉપરાંત ઝૂમ એપ પર શ્રી લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષ શ્રીમતિ રશ્મિબેન સતિષભાઈ વિઠ્ઠલાણી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમજ મહારાષ્ટ્ર વિભાગ મહિલા સમિતિના અધ્યક્ષ શ્રીમતિ જયોતિબેન ઠક્કર, કોંકણ વિભાગના રિજીયોનલ પ્રેસિડેન્ટ શ્રીમતિ ભાવનાબેન કેસરીયા, મહારાષ્ટ્ર વિભાગ મહિલા સમિતિના સેક્રેટરી શ્રીમતિ મીનાબેન મગદાણી, શ્રી લોહાણા સમાજ નવી મુંબઈના ટ્રસ્ટી, પૂર્વ પ્રમુખ અને નવી મુંબઈ મહિલા સમિતિના સ્થાપક શ્રીમતિ મીનાબેન મહેન્દ્રભાઇ રૂપારેલ અને શ્રી લોહાણા સમાજ નવી મુંબઈની મહિલા સમિતિના અગ્રણી કાર્યકર શ્રીમતિ શિલ્પાબેન ધર્મેન્દ્રભાઇ કારીયા તેમજ માનદ્ મંત્રી અને રઘુસંપર્કના તંત્રી શ્રીમતિ પ્રિતીબેન ઉદયભાઇ સોમૈયા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના અને પ્રોગ્રામ પ્લાનીંગ નું આયોજન તલસ્પર્શી અને જહેમતથી ગોઠવનાર શ્રી લોહાણા મહાપરિષદના મહિલા રમત ગમત સમિતિના અધ્યક્ષ શ્રીમતિ સરોજબેન શૈલેષભાઈ વિઠલાણીની કોઠાસૂઝ ની કસબને અભિનંદન ઘટે છે. કાર્યક્રમ પ્રારંભમાં શ્રી ગણેશ વંદના સ્તુતિ થી શરૂઆત શ્રીમતી રાધિકાબેન ઠકકર દ્વારા કરવામાં આવી હતી બાદમાં રઘુવંશી ગીત ગાન કરવામાં આવ્યું હતું. શ્રીમતી સરોજબેન શૈલેષભાઈ વિઠલાણીએ માનવંતા મહેમાનો નું સસ્નેહ મનપૂર્વક અભિવાદન કરી સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમ આગળ ચાલતા અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ આવા ઉમદા કાર્યક્રમો દ્વારા સ્ત્રી સશક્તિકરણ પ્રવૃતિઓને ઉત્તેજન આપવા બદલ સરોજબેન વિઠલાણીને અભિનંદન આપ્યા હતા. ત્યાર બાદ શ્રીમતિ જ્યોતિબેન ઠક્કરે પણ પોતાના ઉદબોધનમાં કાર્યક્રમ ના આયોજકો ને અભિનંદન આપી ખુશી વ્યક્ત કરી હતી.શ્રીમતિ મીનાબેન રૂપારેલ, શ્રીમતિ ભાવનાબેન કેસરીયા, શ્રીમતિ મીનાબેન મગદાણી, શ્રીમતિ શિલ્પાબેન કારીયા એ પણ કાર્યક્રમ આયોજન બદલ આનંદ વ્યક્ત કરી કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા હતાં.

એક અનોખો વિષય લઈ મુખ્ય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી જેમાં ઈન્ડોર ગેમ ચેસના નિષ્ણાત શ્રી ચંદ્રશેખર એન પાટીલ સાહેબ કે જેઆ ચેસ પ્લેયર એશોશિએશન પનવેલના અધ્યક્ષ છે તેમજ સમગ્ર મહારાષ્ટ્ર રાજ્ય સ્કૂલ્સ ગેમ્સના પ્રયોજક છે તેઓ ચેસ ગેમ્સ ની આંટીઘૂંટી અને સફળતા મેળવવાના રહશ્યો પ્રશ્નોત્તરી દ્વારા અને ફોટો પૉઝ માધ્યમ દ્વારા સમજાવ્યા હતા,

તેવીજ રીતે ટેબલ ટેનિસ ગેમ્સ ના નિષ્ણાત શ્રી સંજય કડું સાહેબ કે જેઓ મહારાષ્ટ્ર રાજયના સ્કૂલોમાં રમત ગમત સ્પર્ધાઓના આયોજક તરીકે સેવાઓ આપી રહ્યાં છે તેઓએ ટેબલ ટેનિસ વિશે સરસ માર્ગદર્શન અને રમત ગમત ના નિયમોની જાણકારી આપી પ્રશ્નોતરી દ્વારા રસમય માહિતીઓ અને માર્ગદર્શન પૂરું પડ્યું હતું. ત્યારબાદ શ્રીમિતી દિપીકાબેન તન્ના અને કુમારી મેઘના મજેઠિયાએ questions

answer around કે. બી. સી. બેઝ પર રમાડ્યો હતો જેમાં પાંચ ટીમ ગ્રુપ ની ગોઠવણી કરી હતી તે મુજબ- મુંબઈ ઝોન, કોંકણ ઝોન, નોર્થ મહારાષ્ટ્ર, વેસ્ટ મહારાષ્ટ્ર, મરાઠા વાડા. જેમાં પ્રથમ વિજેતા નોર્થ મહારાષ્ટ્ર અને દ્વિતીય વિજેતા કોંકણ વિભાગ ટીમે વિજેતા પદ હાંસલ કરી હતી .


મહારાષ્ટ્ર વિભાગ ની દરેક મહિલા સભાસદો એ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો. ઓનલાઇન ઝૂમ માધ્યમ કાર્યક્રમ ના આયોજનની ટેકનોલોજી સિસ્ટમ ના નિષ્ણાતો એવી યુવા ટીમના સહયોગથી કાર્યક્રમ માણવા લાયક બની રહ્યો તેની ગૌરવવંત નોંધ લઇ આયોજક શ્રીમતિ સરોજબેન વિઠલાણીએ સર્વ કાર્યકર્તાઓ અને ઉદઘોષક મેઘનાબેન મજેઠીઆ અને દીપિકાબેન તન્ના, તેમજ નમ્રતા કારીયા, ઝીનલ વિઠલાણી, રાધિકા ઠક્કરની સેવાઓને બિરદાવી હતી.

કાર્યક્રમ નો ક્લાઈમેક્સ શો એટલે અધ્યક્ષ શ્રીમતિ રશ્મીબેન વિઠલાણી એ મુવી ગીતોના મુખડા પર લયબદ્ધ અવાજ માં કર્ણપ્રિય સ્વરમાં ગીત રજુ કરી દર્શકોના મન મોહી લીધા હતા. જેથી સભામાં ઉપસ્થિત સર્વ સભ્યો લીન થઈ આફ્રિન પોકારી ગયા હતા.

એકદમ પ્રેરણાત્મક અને મનભાવન કાર્યક્રમનું સમાપન શ્રીમતી શિલ્પાબેન તન્નાએ પોતાની આગવી શૈલીમાં આભારવિધિ કરી હતી.

## ૨) માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ - નાગપુર મહિલા સમિતિ


માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની નાગપુર મહિલા વિભાગ દ્વારા અને યોગીની ચેતના, મુંબઈ દ્વારા પ્રથમ ઝુમ મીટીંગનું આયોજન કરેલ હતું. Yoga with Chetna ઉર્જા વર્કશોપ તારીખ ૨૪-૫-૨૦૨૧, સોમવારના વર્કશોપ નાગપુર રીજન ના અધ્યક્ષ જયશ્રીબેન રૂપારેલ દ્વારા રાખવા માં આવ્યું.



શ્રી લોહાણા મહાપરીષદના મહીલા અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વીઠ્ઠલાણીની ઉપસ્થિતિમાં તેમજ વિદર્ભ ઝોનલ અધ્યક્ષ શીલાબેન પોપટ ની હાજરી માં ઝૂમ એપ પર કાર્યક્રમ યોજાઇ ગયો.

## ૩) શ્રી લોહાણા મહાપરિષદ - સૌરાષ્ટ્ર (૨) ઝોન હાલાર રીજીયન મહિલા સમિતિ

હાલનાં સમયમાં આપણે જ્યારે પશ્ચિમી સંસ્કૃતિ પાછળ દોડીએ છીએ, ત્યારે આપણાં યોગા પાછળ આખું વિશ્વ ગાંડું થયું છે. આખા દિવસમાં ફક્ત ત્રીસ મિનિટ યોગ કરવાથી આખા દિવસની એનર્જી આપણે મેળવી શકીએ છીએ. કોવીડ મહામારી સામે આપણાં શરીરને સજ્જ રાખવા માટે અને રૂટિન માં પણ આરોગ્ય જાળવી રાખવા માટે યોગ એ સૌથી ઉત્તમ રસ્તો છે આવું વિચારી આજરોજ તારીખ ૨૧/૦૫/૨૧ નાં રોજ સાંજે ૫:૩૦ વાગ્યે શ્રી લોહાણા મહાપરિષદ મહિલા અધ્યક્ષ શ્રીમતિ રશ્મીબેન વિઠલાણીની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર (૨) હાલાર રીજીયન ની મહિલાઓ માટે ખાસ ઈમ્યુનીટી બુસ્ટર યોગા અને બ્રિથીંગ એકસેસાઈઝ નું આયોજન કરવામાં આવ્યું. જેમાં જેમિનીબેન મોટાની દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું.




ત્યારબાદ રશ્મીબેને ખુબ જ સરસ ભાષામાં યોગનું મહત્વ સમજાવ્યું અને સાથે મહાપરિષદનાં મહિલાઓ માટે ના કાર્યોક્રમની માહિતી આપી. અને હાજર રહેલ તમામ મહિલા આગેવાનો ને મળી તેમને ખુબ ખુશી મળી એવું જણાવ્યું. જામનગર ઝોન અધ્યક્ષ જ્યોતિબેન માધવાણી અને પોરબંદર ઝોન અધ્યક્ષ દુર્ગાબેન લાદીવાલા એ પણ ખાસ

ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું. ત્યારબાદ યોગ ટીચર શ્રી ઉપેનભાઇ અને પૂનમ બેન દ્વારા એક કલાક એકદમ સરળ અને અસરકારક યોગા સેશન લેવામાં આવ્યું. હાજર મેમ્બર્સ દ્વારા પણ સાથે યોગા કરવામા આવ્યા. કાર્યક્રમને અંતે ડૉ. કાશ્મીરા બેન રાઈઠઠ્ઠા દ્વારા આભારદર્શન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હેતલબેન સવજીયાની દ્વારા કરવામાં આવ્યું..

એકંદરે સમગ્ર કાર્યક્રમ ખુબ સુંદર રીતે પૂર્ણ થયો.

## ૪) શ્રી લોહાણા મહાપરિષદ - વિદર્ભ ઝોન, અમરાવતી રીજીયન મહિલા સમિતિ

તુ નિકલ મન કી ખોજ મે, નયનને બંધ રાખીને જયારે મેં પોતાને જોયા છે

આ વેબીનાર ઝુમ મિટ ઉપર વર્ચ્યુવલ મીટીંગ દ્વારા તારીખ ૨-૬-૨૦૨૧ ના મુખ્ય અતિથિ તરીકે શ્રી લોહાણા મહાપરીષદ મહિલા પાંખના અધ્યક્ષા સુશ્રી રશ્મિબેન વિઠલાણી જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં સૌપ્રથમ વિદર્ભ ઝોનના મહામંત્રી શ્રીમતી શીલાબેન હિન્ડોચા એ સહુને આવકાર્યા ત્યારબાદ વિદર્ભ ઝોનના અધ્યક્ષા શ્રીમતી શીલાબેન પોપટએ મીઠા શબ્દોમાં બધાનું સ્વાગત કર્યું ત્યાર પછી અમરાવતીના રિજનલ અધ્યક્ષા શ્રીમતી રાધાબેન રાજાએ બહુ સુંદર શબ્દોમાં પલ્લવીબેનનો પરિચય આપ્યો. નયનને બંધ - આ વિષય જ એટલો સુંદર હતો અને તેમાં પલ્લવીબેનની બોલવાની શૈલી એટલે સરસ્વતી, બધા રસતરબોળ થઈ ગયા. તેમણે સમજાવ્યું કે બહેનો હંમેશા પોતાના ફરજની આડમાં પોતાની ઈચ્છાઓનું દમન કરતી હોય છે તો તે ઈચ્છાઓને બહાર કાઢી ધીરે ધીરે પૂર્ણતા તરફ લઈ જાવ. તેમના વાણીથી પ્રભાવિત થઈ બધી જ બહેનો ઉત્સાહિત થઇ ગઇ હતી નાની-નાની એક્ટિવિટીઝ દ્વારા તેમણે બહેનોને પોતાના સાથે સંમિલિત કરી લીધી હતી પ્રેમનું એક વર્તુળ રચાઈ ગયું હતું. બહેનો નિખાલસતાથી પોતાની ઈચ્છાઓ અને કાર્ય બતાવી રહી હતી, આમાં સુ શ્રી રશ્મિબેન પણ અછતા ન રહ્યા અને વાતાવરણમાં રંગાઈ ગયા હતા. પોતાના અનુભવોની આપ લે કરી રહ્યા હતા. અત્યાર સુધીની સફળ યાત્રાનો અનુભવ અને કર્મનો સિદ્ધાંત તેમણે સમજાવ્યો. મોટા બહેન ની જેમ બધાને સમજાવીને ઘણા જ પ્રશ્નોના જવાબ પણ આપ્યા.



વિદર્ભ વિભાગ ના ઝોનલ અધ્યક્ષ સુશ્રી.શીલાબેન પોપટ એ પોતાના વક્તવ્ય મા લાગણી અનુભવતા કહ્યુ કે આવુ જાજરમાન વ્યક્તીમત્વ ધરાવતા અને સરસ એવા માર્ગદર્શક રુપ મા અમોને સુ શ્રી રશ્મિબેન અધ્યક્ષ પાંચ વર્ષ માટે મળ્યા છે તો અમો લાગણી રાખીયે કે આ પાંચ વર્ષમા તેઓના માર્ગદર્શન અને નેતૃત્વમાં બહેનોના પ્રગતિને ખુબ વધારે ગતી મળે.


પલ્લવીબેન એ તો જાણે કુટુંબ મેળો સરજ્યો હતો. ૧:૩૦ કલાકનો જ સમય નિર્ધારિલ હતો પણ ત્રણ કલાક ક્યારે થઈ ખબર ના પડી. ખરેખર કહી શકીએ પલ્લવીબેન શબ્દોના જાદુગર છે.

અંતે અમરાવતી રિજનલ મા આવતા યવતમાલના શ્રીમતિ સુષ્માબેન રાયચુરા યે બહુ જ સુંદર શબ્દોમાં આભાર પ્રદર્શન કર્યું. આ વેબીનારમા ગામો ગામથી બહેનોએ ભાગ લીધો હતો વિદર્ભ ઝોનલ થી તો બહેનો જોડાયા હતાં પણ મુંબઈ, ગુજરાત, કચ્છ - ભુજ, પુના, રાયપૂર, બિલાસપુર, હૈદરાબાદ અને મેંગલોર આ તમામ શહેરોથી બહેનો જોડાયા હતા.

આ પ્રોગ્રામમાં ઝુમ થી ૧૦૦ બહેનો તો ફેસબુકથી ૧૮૦ જેટલી બહેનો આવી હતી અને લગબગ ૫૦ જેટલી બહેનો તેમના થોડોક ઈન્ટરનેટનો પ્રોબ્લેમ થવાથી ના જોડાઈ શકી. અંતે શુભેચ્છાઓનો વરસાદ વરસતો રહ્યો.

## ૫) શ્રી લોહાણા મહાપરિષદ - મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિ

શ્રી. લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ, મુંબઈ સહમહારાષ્ટ્ર દ્વારા ઓનલાઇન ઝુમ તથા ફેસબુક પર લાઈવ 'ડીજીટલ પેમેન્ટ કાર્યક્રમ શુક્રવાર તા- ૪/૬/૨૦૨૧ ના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ માં આયોજિત સફળતા પૂર્વક સંપન્ન થયો. કાર્યક્રમની શરૂઆત રઘુવંશી ગીત, ગણેશ સ્તુતિ તથા મંગલગીતથી કરવામાં આવી હતી.



મહારાષ્ટ્ર વિભાગના સેક્રેટરી મીનાબેન મગદાણીએ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, મહિલા પાંખના અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિના અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, કાર્યક્રમના વક્તા શ્રી ધવલભાઈ દોશી તથા માતૃસંસ્થા ના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહિલા સમિતિના વિવિધ ક્ષેત્રોના અધ્યક્ષો તથા ઝુમ પર - ફેસબુક લાઈવ પર ઉપસ્થિત સર્વે મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું હતુ.

ત્યારબાદ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, મહિલા પાંખના અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, મહારાષ્ટ્રના અધ્યક્ષ શ્રી ધર્મેન્દ્રભાઈ કારિયા તથા ઉપસ્થિત સર્વે મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું હતું અને વિઠ્ઠલાણી દંપતીના સાથ, સહકાર અને સહયોગ તેમના કાર્યો તથા શ્રી જીતુભાઈ ઠક્કર ના સાથને બિરદાવ્યા હતા.વેસ્ટ મુંબઈ ના અધ્યક્ષ શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા તથા આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડો. પ્રવિણભાઇ દૈયા એ પણ કાર્યક્રમ માં હાજર રહી કાર્યક્રમ દિપાવ્યો હતો.


ત્રણેય મહાનુભાવોએ તેમના પ્રેરણાદાયી વક્તવ્ય દ્વારા સૌ બહેનોએ સંગઠિતપણે વિવિધ કાર્યક્રમો થકી સમાજનો ઉત્કર્ષ સાધવા કટિબદ્ધ થવું અને ડિજિટલ પેમેન્ટ જેવા કાર્યક્રમો આજના સમયમાં ખૂબ જ જરૂરી હોવાથી તેમના આયોજન બદલ જ્યોતિબેન ઠક્કરને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમના વક્તા શ્રી ધવલભાઈ દોશી એ વિવિધ ડિજિટલ પેમેન્ટ જેવા કે બેંક ટ્રાન્સફર,નેટ બેકિંગ, ડેબિટ કાર્ડ, વિઝા કાર્ડ, માસ્ટર કાર્ડ, ક્રેડિટ કાર્ડ, બેંક ઇસીએસ,યુપીઆઇ,પે-લેટર,પે.ટી.એમ., ગુગલ પેમેન્ટ એમેઝોન વગેરે થી પેમેન્ટ કરવાના ફાયદા, ગેરફાયદા, કૌભાંડ, ચોરી વગેરે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ હાજર બહેનોના વિવિધ પ્રશ્નોના સંતોષજનક ઉત્તર આપ્યા હતા.

કાર્યક્રમનું સફળ સૂત્રસંચાલન મહારાષ્ટ્ર મહિલા સમિતિ ના સેક્રેટરી મીનાબેન મગદાણીએ કર્યું હતું અને ટેક્નિકલ સહાય પ્રકાશભાઈ મગદાણી, કરણભાઇ ઠક્કર તથા વૈભવભાઇ બુદ્ધદેવ એ કરી હતી.


## ૬) શ્રી લોહાણા મહાપરિષદ - સૌરાષ્ટ્ર (૧) ઝોન મહિલા સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદની સૌરાષ્ટ્ર (૧) ઝોન (રાજકોટ શહેર, રાજકોટ જિલ્લા, સુરેન્દ્રનગર) મહિલા સમિતિ દ્વારા અવનવી વાનગીઓ ઓનલાઇન શીખવતો પૌષ્ટિક રસોડું વર્કશોપ સફળતાપૂર્વક સંપન્ન થયો. સતત સાત દિવસ સુધી આ વર્કશોપ ચાલુ રહ્યો હતો તેમજ અંતિમ દિવસે બહેનો દ્વારા ધાર્મિક અંતાક્ષરી નું આયોજન કરવામાં આવ્યું હતું.



સૌરાષ્ટ્ર ઝોન-૧ ના મહિલા સમિતિના અધ્યક્ષ શ્રીમતિ રંજનબેન પોપટ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ વર્કશોપમાં નિષ્ણાંત ડો. હરીતાબેન તુષારભાઈ ચોલેરા એ પણ પોતાની સેવાઓ પ્રદાન કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષ શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણી દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું, રશ્મિબેન એ પ્રગટાવેલી જયોતમાંથી જ્ઞાતિ હિતની જયોત જોડાયેલા તમામ બહેનોએ લીધી હતી. એ માટે દરેકે પોતપોતાના ઘેર જયોતિ પ્રજવલિત કરી અને જયોત સે જયોત પ્રગટાવી અગ્નિની સાક્ષીએ રઘુવંશી ધ્વજવંદન ગીતનું ગાન કર્યું હતું.



સુ શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણીએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં બહેનોને રસોડાની રાણી કહી રસોડાના વ્યંજનોનું પ્રાથમિક મહત્વ સમજાવ્યું હતું, આ ઉપરાંત વિશ્વ પર્યાવરણ દિવસ હોવાના કારણે સૌને પર્યાવરણ બચાવવાનો શુભ સંદેશ પણ તેઓએ આપેલ હતો.

ઉદ્‌ઘાટન સમારંભમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી પણ જોડાયા હતા. શ્રી સતિષભાઈએ મહિલા સમિતિના આ આયોજનને બિરદાવી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત વધુને વધુ બહેનો રઘુવંશી કાર્યોમાં રસ લે તેવી અપીલ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર કાર્યક્રમનું સંકલન સૌરાષ્ટ્ર (૧) ઝોનના સેક્રેટરી ડૉ. ભાવના શીંગાળા એ કર્યું હતું. કાર્યક્રમના પ્રથમ દિવસે ચણાનો આરોગ્યની દ્રષ્ટિએ મહત્વ અને ચણાની દાળની અવનવી વાનગીઓ વિશે તેમજ બીજા દિવસે રાજગરાની વાનગી અને તેનું મહત્વ તેમજ ત્રીજા દિવસે દૂધની વાનગી સાથે દુધી ખાવાના ફાયદાઓ પ્રસ્તુત કર્યા હતા.

આ કાર્યક્રમમાં કુલ ૩૦૦ થી ૩૫૦ જેટલી બહેનોએ જોડાઈને પોતાના ઘેર પણ પૌષ્ટિક વાનગીઓનો પ્રયોગો કર્યા હતાં. સમગ્ર વિશ્વમાંથી જોડાયેલ બહેનોમાં દુબઈથી ગવાયેલા મુખડાનો જવાબ આપવા નાગપુર થી અંતરો ગાવ્યો હતો, જયારે મુંબઈ થી રજૂ થયેલ રશ્મિબેન ના મુખડા નો જવાબ વિદર્ભના બહેનોએ અંતરો ગાઈને આપ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રીમતી વિધિબેન જટાણીયા, શ્રીમતી જયશ્રીબેન સેજપાલ અને શ્રીમતી દર્શનાબેન પૂજારાએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

## ૭) શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ ઝોન મહિલા સમિતિ - ચંદ્રપુર રીજીયન

શ્રી. લોહાણા મહાપરિષદ વિદર્ભ મહિલા વિભાગ અંતર્ગત શ્રી લોહાણા મહિલા મંડળ ચંદ્રપુરની ઝુમ મિટિંગ લેવામાં આવેલ.

આ મિટિંગમાં અધ્યક્ષ સ્થાને શ્રી લોહાણા મહાપરિષદ મહિલા પાંખના અધ્યક્ષ સુ શ્રી રશ્મીબેન વિઠ્ઠલાણી હતા. તેઓએ આ તબક્કે સભાને સંબોધિત કરી અમોને જ્ઞાતિ હિતના કાર્ય કરવા માર્ગદર્શન આપ્યુ. સુ શ્રી રશ્મીબેનના ઉદબોધનમાં તેઓએ શ્રી લોહાણા મહાપરિષદના મહિલા સમિતિના ગતવિધીયોની સભા સમક્ષ રજુઆત કરી મહિલા સંગઠન અને જ્ઞાતી બહેનોના ગૃહઉદ્યોગ, આરોગ્ય, શિક્ષણ માટે કેવી રીતે આયોજન કરવા જોઈએ તેની રુપરેખા રજુ કરેલ.

સભામાં વિદર્ભ વિભાગના ઝોનલ અધ્યક્ષ સુશ્રી શીલાબેન પોપટ ઉપસ્થિત હતા, તેઓએ પોતાના વક્તવ્યમાં જણાવ્યુ કે તેઓ વિદર્ભ વિભાગમાં જ્ઞાતી બહેનોના હિતમાં વિવિધ કાર્યોના આયોજન કરશે. મંત્રી સુ શ્રી શીલાબેન હિંડોચા, નાગપુર રિજનલ અધ્યક્ષ સુશ્રી જયશ્રીબેન ઠક્કર જોડાયેલા. શ્રી લોહાણા મહિલા મંડળ ચંદ્રપુર તરફથી અધ્યક્ષ શ્રીમતી હંસાબેન પોપટએ મીઠો આવકાર આપી શબ્દોથી સહુનું સ્વાગત કર્યુ. પછી ચંદ્રપુર મહિલા મંડળના કાર્ય અને ગતિવિધિઓ ની જાણ સૌ સમક્ષ રજુ કરી.

અંતે બધા ને ધન્યવાદ આપ્યા. ચંદ્રપુર મહિલા મંડળની સર્વે બહેનો ઝુમ સભામાં જોડાયેલ હતા.

## ૮) શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ ઝોન મહિલા સમિતિ - અકોલા રીજીયન

શ્રી. લોહાણા મહાપરિષદ વિદર્ભ અકોલા રિજનલ મહિલા વિભાગની વર્ચ્યુવલ ઝુમ મિટિંગ સભા તા. ૧૭/૬/૨૧ ના રોજ લેવામાં આવેલ.





આ મિટિંગમાં અધ્યક્ષ સ્થાને શ્રી લોહાણા મહાપરિષદ મહિલા પાંખના અધ્યક્ષ સુશ્રી રશ્મીબેન વિઠ્ઠલાણી હતા. તેઓએ આ તબક્કે સભા ને સંબોધિત કરી અમોને જ્ઞાતિ હિત ના કાર્ય કરવા માર્ગદર્શન આપ્યુ. રશ્મીબેનના ઉદબોધન મા તેઓયે શ્રી લોહાણા મહાપરિષદ ની યોજનાઓ, ગતવિધીયો અને મહિલા સમિતીના કાર્યોની સભા સમક્ષ રજુવાત કરી મહિલા સંગઠન અને જ્ઞાતી બહેનોના ગૃહઉદ્યોગ, આરોગ્ય, શિક્ષણ માટે કેવી રીતે આયોજન કરવા જોઈએ તેની રુપરેખા રજુ કરેલ.

સભામા વિદર્ભ વિભાગ ના ઝોનલ અધ્યક્ષ સુશ્રી શીલા બેન પોપટ પ્રમુખ સ્થાને ઉપસ્થિત હતા તેઓયે પોતાના વક્તવ્ય જણાવ્યુ કે તેઓ વિદર્ભ વિભાગમાં જ્ઞાતી બહેનોના હિતમાં વિવિધ કાર્ય ના આયોજન કરશે.

મંત્રી શીલાબેન હિંડોચા અને શ્રી લોહાણા મહિલા મંડળ અકોલાના બહેનો પણ ઝુમ સભામાં વિશેષ રુપે ઉપસ્થિત હતા.

અકોલા રિજનલ અધ્યક્ષ સોનલબેન ઠક્કર એ મીઠો આવકાર આપી સહુને આવકારી સ્વાગત કરેલ હતુ. સુ શ્રી રશ્મિબેનનો પરિચય આપી સહુ બહેનો સાથે પરિચિત કર્યા હતા અને અકોલા રિજીયનના કાર્ય અને ગતિવિધિઓની જાણ સભા સમક્ષ રજુ કરી, સભામા અકોલા રિજનલના તાલુકા અને જિલ્લાથી બહેનો જોડાયા હતા તેમા આકોલા, આકોટ, શેગાવ, મલકાપુર, ખામગાવ, બુલઢાણા, નાંદુરા, જલગાંવ, જામોદ, હિવરખેડના બહેનોનો સમાવેશ હતો.

સભાના અંતે મહિલા અધ્યક્ષ સુ શ્રી રશ્મિબેન, સુ શ્રી શીલાબેન તેમજ ઝુમ સભામા જોડાયેલ સહુ બહેનોને ધન્યવાદ પાઠવી આભારવિધી કરેલ હતી.


## ૯) શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ ઝોન મહિલા સમિતિ - ઘાંટજી



ઘાટંજી ગામ વિદર્ભના અમરાવતી ઝોનમાં યવતમાલ જિલ્લામાં યવતમાલ થી ૩૫ કિ.મી. નાનુ ગામ છે, જેમા આપણી માતૃભાષા ગુજરાતી ને શિખવાડવાનો પ્રયાસ કરવામા આવેલ છે. જેમા આયોજીત ગુજરાતી શિક્ષણ તથા CURSIVE WRITING ના વર્ગ તા. ૬/૬/૨૦૨૧ થી તા.૨૧/૬/૨૦૨૧ સુધી લેવામા આવેલ હતા.

એમા ગુજરાતી શિક્ષણ માટે અમારા મંડળ ના સૌ.ચંદાબેન અટારા તથા શ્રીમતી ભારતીબેન સૂચક એ ગુજરાતી ભણાવાની જવાબદારી સંભાળેલી હતી. તેમજ CURSIVE WRITING માટે સુશ્રી રીમાબેન ગંઢેચા એ જવાબદારી સંભાળેલી હતી. આદોરાતી નવી દિશાના પ્રથમ પ્રયાસમા બાળકો એ પણ ખૂબજ ઉત્સાહ અને ઉમંગ થી સહકાર આપેલ હતો. આ ક્લાસના વચ્ચે રવિવાર તા. ૨૦-૬-૨૦૨૧ ના વિવિધ






પ્રકારની ગેમ્સ રમાડી ગુજરાતી ભાષાની પરીક્ષા લિધેલ. આ તબ્બકે બાળકોને સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરેલ હતા.

૨૨ તારીખે મંગળવાર એ આ કાર્યક્રમ વર્ચ્યુવલ માધ્યમથી રાખવામાં આવેલ, તેમા શ્રી લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષા સુ શ્રી રશ્મિબેન વિઠલાણી તથા વિદર્ભ ઝોનલ અધ્યક્ષા સુ શ્રી શીલાબેન પોપટ તેમજ વિદર્ભ ઝોનલ મંત્રી સુ શ્રી શીલાબેન હિંડોચા ઝુમ મિટમા ઉપસ્થિત હતા. સુ શ્રી રશ્મિબેન એ માર્ગદર્શન આપી બાળકોની પ્રશંસા કરી હતી. શ્રી ઘાટંજી મહિલા મંડળને પ્રોત્સાહિત કરેલ સાથે તેઓએ કહ્યુ કે ઘાટંજી જેવા નાના ગામમાં આપણી માતૃભાષા ને જીવંત રાખી બાળકોમાં તેનુ સિંચન થઈ રહ્યુ છે તે મને બહુ જ ગમ્યું. બાળકોની રુચી પ્રમાણે ગુજરાતી ચોપડીઓના સંગ્રહ કરી ત્યા વાચનાલય બનાવવા કહેલ અને તે માટે ગુજરાતી ચોપડીઓ મોકલશે તેમ સુ શ્રી રશ્મિબેન એ જણાવ્યું હતું. નાના દિકરા દિકરીઓ ગુજરાતી ભાષાની કવિતા અને સ્ટોરી તથા શ્લોક બોલી પોતાના શબ્દોની રજુઆત કરી હતી.

આ સર્વ કાર્યક્રમ માટે શ્રી રઘુવંશી લાહાણા મહિલા મડળના અધ્યક્ષા શ્રીમતી દિપીકાબેન ગંઢેચા અને મંડળના કાર્યકારિણી સદસ્ય, સહલાકાર સમિતી તથા જ્ઞાતી બહેનોના અથક પ્રયાસ થકી સફલતા પુર્ણ ખૂબજ આનંદ થી સંપન્ન થયો.

## ૧૦) માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યભારત ઝોન મહિલા સમિતિ દ્વારા ન્ડુ અવેરનેસ વેબિનાર સફળતાપૂર્વક સંપન્ન



તા. ૨૦/૬/૨૧ ના રોજ BSL / LLB Symboisis Law College, પૂણેના શ્રીમતી હર્ષલબેન માણેક અને Lmp મહિલા સમિતિના અધ્યક્ષ શ્રીમતિ રશ્મિબેન વિઠ્ઠલાણી અને અતિથિ વિશેષ શ્રીમતી જ્યોતિબેન વજાણી ની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

પૂજ્ય જલારામબાપા ની સ્તુતિ અને ધ્વજ વંદન ગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. મધ્યભારતના મહિલા ઝોનલ સેક્રેટરી શ્રીમતી સ્વાતિબેન મજીઠીયાએ મહિલા અધ્યક્ષ શ્રીમતિ રશ્મિબેન વિઠ્ઠલાણી, મધ્યભારત મહિલા ઝોનલ અધ્યક્ષ શ્રીમતી પ્રગતિબેન મીરાણી, મુખ્ય સ્પીકર હર્ષલબેન માણેક, અતિથિ વિશેષ શ્રીમતી જ્યોતિબેન વજાણી તેમજ બધા જ ઝોનલ મહિલા અધ્યક્ષ, રિજનલ મહિલા અધ્યક્ષ અને દર્શકોનું સ્વાગત કર્યું હતું.



બિલાસપુર થી શ્રીમતી જાનવીબેન સોનછાત્રાએ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણીનું સ્વાગત કર્યું. શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી એ શુભેચ્છા પાઠવી હતી અને શ્રીમતી પ્રગતિબેન મીરાણી એ શ્રી લોહાણા મહાપરિષદ મધ્યભારત ઝોન ૧૧ મહિલા સમિતિને એડ્રેસ કર્યું અને શ્રીમતી હર્ષલબેન માણેકના પેરેન્ટ્સનું સ્વાગત કર્યુ .

શ્રીમતી દિપ્તીબેન મીરાણીએ હર્ષલબેન નો ટૂંકો પરિચય આપ્યો. ત્યારબાદ હર્ષલબેન માણેકે ક્રિમીનલ Law, ડોમેસ્ટિક વીયોલેન્સ, સિનિયર સિટીઝન Law, મેરેજ, ડિવોર્સ, વિલ ઉપર જાણકારી આપી જે જીવનમાં બધા જ માટ ખૂબ ઉપયોગી રહેશે. એમણે બહુ જ સરળ ભાષામાં માહિતી આપી અને બધાને જાગૃત કર્યા હતાં.

ઝોનલ અધ્યક્ષ શ્રીમતી પ્રગતિબેન મીરાણીએ પણ અંતમાં બે શબ્દ બોલીને વેબિનાર ને સંપન્ન જાહેર કર્યો હતો.

વોટ ઓફ થેંક્સ મધ્યપ્રદેશ રિજનલ અધ્યક્ષ શ્રીમતી મીનાબેને ગણાત્રાએ કર્યું હતું.

## ૧૧) શ્રી લોહાણા મહાપરિષદ ની યુ.એ.ઈ. મહિલા સમિતિ






શ્રી લોહાણા મહાપરીષદ યુ.એ.ઇ. લેડીઝ વિંગ દ્વારા ૨૨/૬/૨૦૨૧ ના રોજ મહિલાઓ તેમજ બાળકો માટે એક ઇન્ટરનેશનલ ટેલન્ટ શો નુ વર્ચ્યુઅલ આયોજન શ્રી ચંદ્રીકાબેન રૂપારેલ તેમજ શ્રી શિલ્પાબેન ઠકકર દ્વારા કરવામા આવ્યુ. જેમા અનેક દેશ વિદેશની રઘુવંશી મહીલાઓ તથા બાળકો ડાન્સ, કુકીંગ, સીંગીગ, પેઇન્ટિંગ. ફેન્સી ડ્રેસ તથા જનરલ નોલેજ અને બીજી ઘણી પ્રતીયોગીતા માટે ખુબ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ પ્રોગ્રામને સફળ બનાવવામાં ખુબ મોટો ફાળો શ્રી લોહાણા મહાપરીષદના લેડીઝ વિંગના અધ્યક્ષ શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણીનો હતો.પ્રોગ્રામના માનનીય જજ સાહેબ પણ તેઓ જ હતા.

શ્રી રશ્મિબેનની હાજર રહેવાની ખાત્રી મળતા જ બધા ખુબ જ રાજી થયા હતા અને ખુબ ઉત્સાહ મા આવી ગયા હતા. દુબઈ, ઇંડિયા, લંડન, અમેરીકા, કેનેડા માથી ઘણા બધા પ્રેક્ષકો પણ આ પ્રોગ્રામમાં જોઇન્ટ થયા હતા.

## ૧૨) શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ ઝોન મહિલા સમિતિ


શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ ઝોન ગૃહઉદ્યોગ સમિતી વતી તારીખ ૨૮,૨૯ જુનના વર્ચ્યુવલ ઝુમ માધ્યમથી લેવાયેલ સ્વયંસિધ્ધા નારીનુ આયોજન સુમેળ વ્યવસ્થિત રિતે આયોજીત થયો.

વર્ચ્યુવલ વેબીનાર ના આયોજીત કાર્યક્રમ મા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ માનનીય શ્રીમાન સતિષભાઈ વિઠલાણી તેમજ મહિલા પાંખ ના અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી વિશેષ અતિથી રુપે ઉપસ્થિત હતા.

ધ્વજવંદન ગીત,દિપપ્રજ્વલન અને ગણેશ વંદના થી આયોજન ની શુરુવાત કરેલ હતી.ત્યારબાદ વિશેષ અતિથીઓને આવકારી તેઓનુ શબ્દ સુમનોથી સ્વાગત કરેલ હતુ, દેશ વિદેશ થી પધારેલ મહેમાનોનુ સ્વાગત કરી કાર્યક્રમના પ્રસ્તાવનાની રજુવાત કરેલ. વિશેષ અતિથી પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી નો પરિચય આપી તેઓના માર્ગદર્શન પર ઉદબોધન કરવા આમંત્રીત કરેલ શ્રી સતિષભાઈયે અમોને માર્ગદર્શન કરી સરસ એવા શબ્દોની રજુવાત કરી કાર્યક્રમના આયોજન માટે અભિનંદન આપ્યા હતા. ગૃહઉદ્યોગમા વિવિધ પ્રકાર ના કાર્ય કરતા બહેનોને ખૂબ ખૂબ બિરદાવ્યા હતા.મહિલા પાંખ ના અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીનુ તેમના સંબોધન મા સરસ એવુ માર્ગદર્શન અને આયોજન પ્રત્યેની લાગણી વ્યક્ત કરી અમોને પ્રોત્સાહિત કર્યા હતા.આ આયોજનમાં તેમના નેતૃત્વ ની મુખ્ય ભૂમિકા હતી.

ગૃહઉદ્યોગ સમિતી વિદર્ભ ઝોનના અધ્યક્ષ શ્રીમતી નેહાબેન રાજા ને અધ્યક્ષીય આવકાર પ્રવચનમા બન્ને દિવસના કાર્યક્રમ ના રુપરેખાની રજુવાત કરેલ. મંત્રી શ્રીમતી ભારતીબેન હિંડોચાએ સંક્ષિપ્તમાં અહેવાલ વાંચી બતાવ્યો ,વિદર્ભ ઝોનલ અધ્યક્ષ શ્રી રાજેશભાઇ ખખ્ખર, મહિલા અધ્યક્ષ શ્રીમતી શીલાબેન પોપટ અને અમરાવતી રિજનલ અધ્યક્ષ ચંદ્રકાંતભાઇ પોપટ એ આયોજન માટે અભિનંદન આપ્યા હતા.

ત્યારબાદ કાર્યક્રમમાં વિદર્ભ ઝોનના તમામ શહેર ગામના બહેનો વતી થતા ગૃહઉદ્યોગના તેમજ ગહઉપયોગી કલાકૃતીના જુદા જુદા





કાર્યની પી.ડી.એફ. બનાવી તેની પ્રસ્તુતી બન્ને દિવસ દરમિયાન કરવામા આવેલ હતી. બહેનોના ખૂબજ સરસ કલા હુન્નરની આ તબ્બકે રજુઆત કરવામા આવેલ.

સમિતીના ઝોનલ અધ્યક્ષ નેહાબેનને રસોઈના વિવિધ પ્રકાર ની રેસીપી ડેમો વિડીયો સાથે કરી બતાવી અને સવાલના જવાબ આપ્યા દ્રીષ્ટીબેન રાજા અને કિર્તીબેન આડતીયા વતી પણ પંજાબી સ્પેશલ અચાર અને વિદર્ભ ની ચટપટ ચટણીની રેસીપી ડેમો વિડીયો મા કરી બતાવી. નાગપુર રિજનલ અધ્યક્ષ હેમાબેન રાજા વેસ્ટ માથી બેસ્ટ ના બે પ્રકાર ની વસ્તુ કરી બતાવી તેમા લિંબુના છાલ ના ચટપટા અથણાની રેસીપી અને હોમમેડ લિક્વીડ વોશ કેવી રીતે બને તેની ડેમો વિડીયોમા પ્રસ્તુતી કરી.

નેહાબેન રાજાએ ફ્રિસ્ટલ ફલાવર બુકે કેવી રિતે બનાવે તે ડેમો વિડીયો દ્વારે પ્રસ્તુત કર્યુ તેમજ ભારતીબેન હિંડોચા ની કુંદન વર્ક અને મોતી થી સુંદર રંગોળી બનાવતા ડેમો વિડીયોની પણ પ્રસ્તુતી થઈ.

અકોલાના CA વિધીબેન ચાંદરાણી નુ મહારાષ્ટ્ર મા લઘુઉદ્યોગ માટે વિવિધ પ્રકાર ની સરકારી યોજનાઓ અને લોન આપડે કેવી રિતે મેળવી શકાય તેની જાણકારી આપી. વિદર્ભ ના તમામ શહેરોના ગૃપફોટો સાથે સ્લોગન ની હરીફાઈ રાખેલ હતી તેના સ્લોગન પ્રસ્તુતી વખતે તે સમયેજ તેમાથી એક સ્લોગનને સિલેક્ટ કરી વર્ચ્યુવલ પોલીંગ બુથ મા વોટ કરવાનો હતો. તેમા સહુથી વધારે વોટ મેળવી અકોલા રિજનલ ના જલગાંવ, જામોદ ગામ પહેલા નંબરે આવેલ બીજા અને ત્રીજા નંબર પર અકોલા અને નાગપુર શહેરનો સમાવેશ હતો.

આયોજનનુ સુંદર સત્રનું સંચાલન પશ્મીબેન રાજા, પુજાબેન રાજા એ કરેલ હતું. આભાર વિધી અમરાવતી રિજનલ અધ્યક્ષ દ્રીષ્ટીબેન રાજાએ અને અકોલા રિજનલ અધ્યક્ષ કિર્તીબેન આડતીયાયે કરેલ હતી. શ્રી નેહાબેન રાજાએ પોતાના વક્તવ્યમાં કહ્યુ કે જો કોઈ પણ બહેન ગમેતે રેસીપી શીખવા માંગતા હોય તો તેઓને શીખવાડવાની તૈયારી બતાવી તેમજ ગણપતિ શીખવાડવા માટેના વર્કશોપનો આગામી કાર્યક્રમ  લેશે યેવી લાગણી રાખી.

તે દિવસના સ્વયંસિધ્ધા નારીના ઝુમ વેબીનાર આયોજનમાં દેશ વિદેશ થી પુષ્કળ બહેનો જોડાયેલ હતા. કાર્યક્રમના સરસ એવા આયોજન માટે સહુએ ખુબ ખુબ અભિનંદન આપેલ હતા.

## ૧૩) શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિભાગ કચ્છ ઝોન દ્વારા આયોજિત સશક્ત નારી ગૃહઉદ્યોગ વેબિનાર

તા.૩ જૂન,૨૦૨૧, ગુરુવારે બપોરે ૪ થી ૬ વાગ્યા દરમિયાન શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ કચ્છ ઝોનના નેજા હેઠળ સશક્ત નારી ગૃહઉદ્યોગ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સવૅપ્રથમ સર્વે રઘુવંશી શૌર્યગાનમાં જોડાયા હતા.ત્યારબાદ ભુજની દિકરી કુ.યેશા ઠક્કર દ્વારા ગણપતિ સ્તુતિ નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યકમમમાં શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ અધ્યક્ષા અને કચ્છઝોન વેબિનારના અધ્યક્ષા શ્રીમતિ રશ્મિબેન એસ.વિઠ્ઠલાણી, કચ્છ ઝોન અધ્યક્ષા શ્રીમતિ જીજ્ઞાબેન ઠક્કર, મંત્રી શ્રીમતિ લીનાબેન ઠક્કર, કચ્છ ઝોન વિભાગીય પ્રમુખશ્રીઓ ભાનુબેન આથા,તારાબેન પોપટ, જુલીબેન ઠક્કર, પ્રજ્ઞાબેન પોપટ, સુશીલાબેન અનમ દ્વારા ડીજીટલ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.




શાબ્દિક સ્વાગત શ્રીમતિ જીજ્ઞાબેન ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્મના અતિથિવિશેષ અને શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ કચ્છ ઝોન સશક્ત નારીઓના ગૃહઉદ્યોગને પ્રોત્સાહન આપવા મહાપરિષદવતીથી તૈયારી બતાવી હતી અને સર્વે બહેનોને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે કાર્યક્મને શ્રી લોહાણા મહાપરિષદ કચ્છ ઝોનના પ્રમુખશ્રી કે.સી.ભાઈ ઠક્કરે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. કાર્યક્મ અધ્યક્ષા અને માર્ગદર્શક એવા શ્રીમતિ રશ્મિબેનએ કચ્છની બહેનોને કચ્છ ની કલા કસબ, તેમજ ગૃહઉદ્યોગ કરતી મહિલાઓને અથાણાં, પાપડ, નાસ્તા, મિઠાઈ વગેરે નું ઓનલાઈન માર્કેટિંગ કરી આર્થિક ઉપાર્જન કરવા તેમજ આ સમગ્ર પ્રયાસોમાં મહાપરિષદ હરહંમેશ મદદ કરવા તત્પર છે તેવી તૈયારી બતાવી હતી.

સશકત નારી ગૃહઉદ્યોગના સમગ્ર પ્રોજેક્ટની રુપરેખા કચ્છ ઝોન મંત્રીશ્રીમતિ લીનાબેન ઠક્કર દ્વારા આપવામાં આવી હતી.આ વેબિનારમા ભુજ, નખત્રાણા, અમદાવાદ ની બહેનો દ્વારા અથાણાં,મડવકે,જરદોશી વર્ક,ડાયેટ પોટેટો સલાડ વગેરેના ઓનલાઇન વિડિયોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. લગભગ ૬૫ જેટલી ગૃહઉદ્યોગ કરતી મહિલાઓની માહિતી અને પ્રોડક્ટનાં સમજ સહિતની પી.ડી.એફ. દિકરી યેશા ઠક્કર અને લીનાબેન ઠક્કર દ્વારા તૈયાર કરવામાં આવી હતી. સમગ્ર પી.પી.ટી.ની શાબ્દિક રજૂઆત સંચાલક દુલારીબેન ઠકકર દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર વેબિનારમાં કચ્છ - સૌરાષ્ટ્ર-ગુજરાત તેમજ દેશ વિદેશમાંથી વિવિધ લોહાણા મહિલા શક્તિઓ તેમજ શ્રી લોહાણા મહાપરિષદના વિવિધ હોદેદારોએ જોડાઈને કાર્યક્મમાં રોનક લાવી હતી. કાર્યક્મના અંતે ઓપનસેશનમાં બહેનોએ દેશ વિદેશમાંથી જોડાઈને પોતાના મનોભાવો વ્યક્ત કર્યા હતા. કાર્યક્મની આભારવિધિ કચ્છ ઝોન વિભાગીય પ્રમુખ શ્રીમતિ પ્રજ્ઞાબેન પોપટ દ્વારા કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્મનું સંચાલન ભુજ-કચ્છથી દુલારીબેન ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. કચ્છઝોન મહિલા અધ્યક્ષા શ્રીમતિ જીજ્ઞાબેન ઠક્કરે વેબિનાર માટે ટેક્નિકલ સહાયતા કરનાર વૈભવભાઈનો અને આ પ્રોજેક્ટ માટે માર્ગદર્શન આપનાર શ્રીમતિ રશ્મિબેન વિઠ્ઠલાણીનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

## ૧૪) શ્રી લોહાણા મહાપરિષદ સેન્ટ્રલ મુંબઈ મહિલા સમિતિ




શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતીષભાઇ વિઠ્ઠલાણીના આશીર્વચન દ્વારા શ્રીમતી રશ્મીબેન વિઠ્ઠલાણી દ્વારા મહિલા સમિતિના કાર્યોની ઝાંખી, મહિલા સમિતિને પ્રોત્સાની સાથે સાથે સુન્દર ગીતની રજૂઆત કરવામાં આવી હતી.


શ્રીમતી જ્યોતિબેન ઠક્કર દ્વારા મહિલા સમિતિને સાથ સહકાર સાંપડેલ. શ્રી વસંતભાઇ માણેકના ઉદબોધન બાદ શ્રીમતી દેવ્યાનીબેન નું ખુબ જ સરસ રીતે પ્રોગ્રામનું સંચાલન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી ભક્તિબેન દ્વારા ગણેશ વંદના કરી સૌને આવકાર્યા હતાં. હરીઓમ ગ્રુપ દ્વારા ગીતો પ્રસ્તુત કરી સરસ રીતે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## ૧૫) શ્રી લોહાણા મહાપરિષદ ની સૌરાષ્ટ્ર (૩) ઝોન મહિલા સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદની સૌરાષ્ટ્ર (૩) ઝોન દ્વારા ગત તારીખ ૧૦ જુલાઈ, ૨૦૨૧ ના રોજ ફીટનેશ એવરનેસ અંગેનો ઓનલાઈન પ્રોગ્રામ શ્રી લોહાણા મહાપરિષદના આંતરરાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ સુ શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણીના નેજા હેઠળ સૌરાષ્ટ્ર (૩) ઝોનના અધ્યક્ષ શ્રીમતી પૂજાબેન કારીયા ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.





આ પ્રોગ્રામમાં લગભગ ૧૫૦ થી પણ વધારે બહેનોએ રસપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં જૂનાગઢના શ્રી લોહાણા મહિલા મંડળના મોવડી શ્રીમતી મીનાબેન ચગ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર (૩) ઝોનના મહિલા સમિતિના સેક્રેટરી વિધિબેન ભીંડોરા એ સ્વાગત પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ શ્રી લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી તથા સૌરાષ્ટ્ર (૩) ઝોનના અધ્યક્ષ શ્રીમતી પૂજાબેન કારીયાએ પોતાનું વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમ ૪૦ વર્ષ ની વય પછીની બહેનોમાં હેલ્થ વિશે અવેરનેસ લાવવા માટે યોજાયો હતો. ડો. પિનલબેન મશરૂ કે જેઓ ફિઝિયોથેરાપી તથા સર્ટિફાઇડ મેન્યુઅલ થેરપીસ્ટ તથા આજના જમાનામાં વધતી બીમારી રોકવા તથા તે અંગે જાગૃતતા લાવવા રોજિંદા ડાયટમાં શું ફેરફાર કરવા તથા રોજબરોજ કરી શકીએ તેવી કસરતો શીખવાડવામાં આવી હતી.

આભારવિધિ શ્રીમતી સીમાબેન કારીયા દ્વારા કરવામાં આવેલ. સુ શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણી એ પોતાના વક્તવ્યમાં બહેનોના સ્વાસ્થ્ય સંભાળ તથા તેના માટે બીજા ઝોનમાં થયેલા કાર્યો જણાવ્યા હતા. તેમજ થેલેસિમિયા નાબૂદી માટે અવેરનેસ કાર્યક્રમ અને લગ્ન પહેલાં જો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવે તો ઘણી બધી તકલીફોથી બચી શકાય છે તેવું જણાવ્યું હતું.

## ૧૬) શ્રી લોહાણા મહાપરિષદ ની ઉત્તર ભારત ઝોન મહિલા સમિતિ

શનિવાર તા-૩-૭-૨૧ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદ ઉત્તર ભારત ઝોન મહિલા વિભાગ દ્વારા ગર્ભ સંસ્કાર કાર્યક્રમ ઓનલાઈન ઝૂમ એપ પર રાખવામાં આવેલ. આ કાર્યક્રમની પ્રસ્તુતિ ડો. ફાલ્ગુનીબહેન ઠક્કર દ્વારા કરવામા આવી હતી. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શ્રી લોહાણા મહાપરિષદ મહિલા પાંખના અધ્યક્ષ શ્રીમતી રશ્મિબહેન વિઠ્ઠલાણી જોડાયા હતા.

આ કાર્યક્રમની શરૂઆતમાં પ્રથમ ઉત્તર ભારત ઝોનના મહામંત્રી શ્રીમતી સાધનાબેન રાજા એ બધા ને આવકાર્યા હતા. દિલ્હી અને એન.સી આર. ના મહિલા અધ્યક્ષ શ્રીમતી ગીરાબેન ઠક્કર એ સુંદર શબ્દમાં કાર્યક્રમના સ્પીકર ડો. ફાલ્ગુનીબહેન ઠક્કર નું સ્વાગત સાથે પરિચય આપ્યો હતો.

કાર્યક્રમ નો મુખ્ય વિષય અત્યારના સમયને અનુરુપ દરેક ઉંમરની બહેનો માટે સમજવાનો હતો. આજના બદલાતા સમયમાં દીકરીઓ અને વહુઓ કામ કરવા માટે ઘરની બહાર નીકળી રહી છે, આ સમયમાં તેમની કેરિયરની જવાબદારી સાથે પોતાના ફેમીલીની પણ જવાબદારી નિભાવવી પડે છે. નવા વિચારો સાથે, આ વિષય ઉપર ખૂબ જ સરસ માર્ગદર્શન ડો. ફાલ્ગુનીબહેન ઠક્કર દ્વારા આપવામાં આવ્યુ હતું. ડો. ફાલ્ગુનીબહેનની સમજાવવાની સરળ ભાષાને કારણે બહેનો દોઢ કલાક સુધી રસબોળ થઈ ગઈ અને ત્યારબાદ બહેનોએ પોતાના મનમા ઉઠેલા પ્રશ્નોના ઉત્તર ડો.ફાલ્ગુનીબહેન પાસેથી મેળવેલ. અંતમા, શ્રીમતી સાધનાબેન રાજા તરફથી સુંદર શબ્દમાં આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ વેબીનારમાં ગામેગામથી બહેનોએ ભાગ લીધો હતો, દિલ્હી ઉપરાંત મુંબઈ, વિદર્ભ ઝોન, ગુજરાત, નાસિક, ઓમાન, મહારાષ્ટ્રથી પણ બહેનોએ ભાગ લીધો હતો. અમો લાગણીભર્યો શબ્દ સુમનથી તેમનો આભાર માનીએ છીએ. આ કાર્યક્રમમાં ૧૪૦થી પણ વધારે બહેનોએ ભાગ લીધો હતો.

## ૧૭) શ્રી લોહાણા મહાપરિષદની વિદર્ભ ઝોન મહિલા સમિતિ - અકોલા રીજીયન

શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ ઝોનના અકોલા મહિલા રિજનલની વર્ચ્યુવલ ઝુમ મિટિંગ સભા તારીખ ૧૭ જુન, ૨૦૨૧ ના રોજ યોજવામાં આવેલ.

આ મિટિંગમાં અધ્યક્ષ સ્થાને શ્રી લોહાણા મહાપરિષદ મહિલા પાંખના અધ્યક્ષ સુ શ્રી રશ્મીબેન વિઠ્લાણી હતા. તેઓએ આ તબક્કે સભાને સંબોધિત કરી મહિલાઓને જ્ઞાતિ હિતના કાર્ય કરવા માર્ગદર્શન આપ્યુ. સુ શ્રી રશ્મીબેનના ઉદ્‌બોધનમાં તેઓએ શ્રી લોહાણા મહાપરિષદની યોજનાઓ, ગતવિધીઓ અને મહિલા સમિતિના કાર્યોની સભા સમક્ષ રજુઆત કરી મહિલા સંગઠન અને જ્ઞાતી બહેનોના ગૃહઉદ્યોગ, આરોગ્ય, શિક્ષણ માટે કેવી રિતે આયોજન કરવા જોઈએ તેની રુપરેખા રજુ કરેલ.

સભામાં વિદર્ભ ઝોનના ઝોનલ અધ્યક્ષ સુ શ્રી શીલાબેન પોપટ પ્રમુખ સ્થાને ઉપસ્થિત હતા. તેઓએ પોતાના વક્તવ્યમાં જણાવ્યુ કે તેઓ વિદર્ભ માં જ્ઞાતી બહેનોના હિતમાં વિવિધ કાર્યના આયોજન કરશે. મંત્રી શ્રીમતી શીલાબેન હિંડોચા અને શ્રી લોહાણા મહિલા મંડળ અકોલાના બહેનો પણ ઝુમ મિટ માં વિશેષ રુપે ઉપસ્થિત હતા.

અકોલા રિજનલ અધ્યક્ષ શ્રીમતી સોનલબેન ઠક્કરએ મીઠો આવકાર આપી સહુને આવકારી સ્વાગત કરેલ હતુ. સુ શ્રી રશ્મિબેનનો પરિચય આપી સહુ બહેનો સાથે પરિચિત કર્યા હતા અને અકોલા રિજીયન ના કાર્ય અને ગતિવિધિયોની જાણ સભા સમક્ષ રજુ કરી, સભામાં અકોલા રિજીયનના તાલુકા અને જિલ્લાથી બહેનો જોડાયા હતાં. તેમા આકોલા, આકોટ, શેગાંવ, મલકાપુર, ખામગાવ, બુલઢાણા, નાંદુરા, જલગાંવ, જામોદ, હિવરખેડના બહેનો પણ જોડાઈ હતી.

સભાના અંતે શ્રી લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષ સુશ્રી રશ્મિબેન, સુ શ્રી શીલાબેન પોપટ તેમજ ઝુમ મિટ સભામાં જોડાયેલ સહુ બહેનોને ધન્યવાદ પાઠવી આભારવિધી કરેલ હતી.

## ૧૮)શ્રી લોહાણા મહાપરિષદની મુંબઈ સહ મહારાષ્ટ્ર ઝોન મહિલા સમિતિ

શ્રી. લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ, ઉત્તર મહારાષ્ટ્ર વિભાગ દ્વારા ઓનલાઈન ઝુમ ઉપર લાઈવ 'કલ હો ના હો નામનો કાર્યક્રમ રવિવાર તારીખ ૨૭ જુન, ૨૦૨૧ ના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ માં સફળતા પૂર્વક સંપન્ન થયો.

કાર્યક્રમની શરૂઆત રઘુવંશી ગીત, ગણેશ સ્તુતિ દ્વારા કરવામાં આવી. શ્રીમતી નિકિતાબેન કુટમુટીયા એ સૂત્ર સંચાલન કર્યું તથા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્લાણી, મહિલા પાંખના અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠ્લાણી, ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિના અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર તથા ઉત્તર મહારાષ્ટ્રના મહિલા અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન રાયચુરાનું સ્વાગત કર્યું. કાર્યક્રમના વકતા શ્રી રાહુલભાઈ બજાજ તથા શ્રી લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય અને વિભાગીય પદાધિકારીઓ તથા મહાજનોના પદાધિકારીઓ અને ઝુમ એપ પર ઉપસ્થિત સર્વે મહેમાનો નું હાર્દિક સ્વાગત કર્યું હતુ.

ત્યારબાદ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્લાણી તથા મહિલા અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠ્લાણી એ કાર્યક્રમના વિષય ને બિરદાવી અને આજના યુગમાં એની જરૂરત ઉપર ભાર મૂકયો હતો. શ્રી લોહાણા મહાપરિષદના ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કરે મહિલા વિભાગના કાર્યોની પ્રશંસા કરી અને વિષયને લગતા વાસ્તવિક ઉદાહરણો પણ આપ્યા. શ્રીમતી જ્યોતિબેન ઠક્કરે મહારાષ્ટ્રના મહિલા વિભાગના કાર્યો ઉપર પ્રકાશ પાડ્યો અને શ્રીમતી જ્યોતિબેન રાઈચુરાએ સૌ પદાધિકારીઓના સહકાર અને સહયોગ વિશે સૌને ધન્યવાદ પાઠવ્યા હતાં. સૌ મહાનુભાવોએ તેમના પ્રેરણાદાયી વક્તવ્ય દ્વારા સૌ બહેનોને સમાજમાં આજના સમયમાં સ્ત્રીઓની જાગૃતિ રહેવી ખૂબ જ જરૂરી હોવાનું સમજાવ્યું. આવતીકાલે શુ થશે તેની ખબર નથી. આ જમાનો એવો છે જ્યારે સ્ત્રીઓ પુરુષોના કામો, તેમની માલ મિલ્કત / અસકયામતો વિશે જાણે, વસિયત કેમ બનાવવી એ જાણે.

કાર્યક્રમના વક્તા શ્રી રાહુલભાઈ બજાજ, નોમિનેશન / પ્રોપર્ટીના વારસા / વસિયત વગેરેની કાયદાકીય, નાણાકીય માહિતી વિસ્તૃતપણે આપી હતી. તેમજ હાજર બહેનોના વિવિધ પ્રશ્નોના સંતોષજનક ઉત્તર આપ્યા હતા.

કાર્યક્રમમાં શ્રીમતી શીતલબેન રાઈચુરાએ આમંત્રિત વકતાની ઓળખાણ કરાવી હતી. આભારવિધિ શ્રીમતી મીનાબેન મગદાણીએ કરી હતી. ટેક્નિકલ સહાય શ્રી વૈભવભાઇ બુદ્ધદેવ એ કરી હતી.

# ૧૯) શ્રી લોહાણા મહાપરિષદની વેસ્ટર્ન મહારાષ્ટ્ર મહિલા સમિતિ - આર્ટ અને કલ્ચર વિભાગ

શ્રી. લોહાણા મહાપરિષદ વેસ્ટર્ન મહારાષ્ટ્ર મહિલા સમિતિ આર્ટ અને કલ્ચર વિભાગ દ્વારા શનિવાર તારીખ ૧૭ જુલાઈ અને રવિવાર તારીખ ૧૮ જુલાઈ ના રોજ બે દિવસની ઓનલાઈન કાર્યશાળા "Let's Paint Art In Our Lives" આયોજીત કરી હતી.

શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, મહિલા અધ્યક્ષ સુ શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણી, મુંબઈ સહ મહારાષ્ટ્ર ઝોનના મહિલા અધ્યક્ષ શ્રીમતી જ્યોતીબેન ઠક્કર, ઝોનલ મહિલા સેક્રેટરી શ્રીમતી મીનાબેન મગદાણી તેમજ જુદા જુદા વિભાગના અધ્યક્ષો, પ્રતિનિધીઓ અને અન્ય બહેનો સહિત ૧૮૦ બહેનોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત રઘુવંશી ધ્વજવંદન ગીત તેમજ આર્ટ અને કલ્ચર વિભાગના પૂણેના મહિલા અધ્યક્ષ શ્રીમતી માલાબેન ઠક્કરે પોતાના સુરીલા અવાજમાં ગણેશ વંદના ગાઈને કરી હતી.

વેસ્ટર્ન મહારાષ્ટ્ર વિભાગના મહિલા અધ્યક્ષ શ્રીમતી કૃતિબેન નાગ્રેચાએ આર્ટ અને કલ્ચર વિભાગના પ્રથમ કાર્યક્રમ માં સૌનું ભાવભર્યુ સ્વાગત કરી મહિલા સમિતિના ધ્યેય, ઉદ્દેશ્યો તથા જીવનમાં કલા અને સંસ્કૃતિ ના મહત્વ વિશે વિગતવાર માહીતી આપી હતી. ગુજરાતી પ્રજા અને તેમાંય લોહાણાઓનો વિવિધ કલા અને સંસ્કૃતિ સાથેનો કેટલો નજીકનો સંબધ છે એ ઉદાહરણ સાથે કહી આ વિભાગ મહિલા સમિતિને સોંપવા માટે શ્રી લોહાણા મહાપરિષદનો આભાર માન્યો હતો.

તે સાથે જ એમણે ખાસ જાહેર કર્યુ હતું કે આ કાર્યાશાળામાં શીખી જે કોઈ પોતે બનાવેલ કલાનો નમુનો જણાવવામાં આપેલ સમયમાં પોતાના ફોટા સાથે મોકલશે તેને વિશેષ સર્ટીફીકેટ આપવામાં આવશે.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી એ કાર્યક્રમ માટે શુભેચ્છા આપતા તેમના પ્રેરણાદાયી વક્તવ્યમાં જણાવ્યું હતું કે જે રીતે બહેનો સાથે મળીને સંગઠન તરીકે કલાત્મક રીતે કાર્યો કરે છે એ જ રીતે સૌએ સંગઠીતપણે વિવિધ કાર્યક્રમો દ્વારા સમાજનો ઉત્કર્ષ સાધવા કટીબદ્ધ થવું એ બહેનો પાસેથી શીખવા જેવું છે, કલા સ્ત્રીનો ખાસ ગુણ હોઈ કલા અને સંસ્કૃતિ વિભાગને બહેનો જ સરખો ન્યાય આપી શકશે એવી મને ખાતરી છે.

માતૃસંસ્થા ના મહિલા અધ્યક્ષ શ્રીમતી રશ્મીબેન એ જણાવ્યું હતું કે શ્રીમતી જ્યોતિબેન ઠક્કરના નેજા હેઠળ મુબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિ ના દરેક ઝોન કાયમ વિવિધ વિષય પર અલગ અલગ કાર્યક્રમોની રજુઆત કરી ખૂબ સુંદર કામ કરી રહ્યા છે તે માટે જ્યોતિબેન માટે ખુબ જ માન છે. કલા અને સંસ્કૃતિ વિષે પોતાની આત્મીયતા જાહેર કરતા જણાવ્યું હતું કે હું કલા અને સંસ્કૃતિને મારા અને દરેક સ્ત્રીના જીવનનો મહત્વનો ભાગ સમજું છું, તેથી જ પીપળી આર્ટ અને લીપણ કામ કલા વિષય પર આજથી શરૂ થતી બે દિવસની કાર્યશાળા માટે ખૂબ જ આનંદ થાય છે. હું જો અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત ન હોત તો મને પણ આ કાર્યશાળામાં પૂર્ણ પણે ભાગ લઈ જાતે નમુનો બનાવી સર્ટીફીકેટ મેળવવાની ખૂશી થાત. આ સાથે કાર્યક્રમના આયોજન બદલ કૃતિબેન, માલાબેન અને વેસ્ટર્ન મહારાષ્ટ્ર ઝોનની સૌ બહેનોને અભિનંદન આપ્યા હતાં.

પુણેના શ્રીમતી અવનીબેન કુટમુતીયાએ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરે પોતાના વિચારો રજુ કર્યા હતા. સાથો સાથ આજના આ કાર્યક્રમ માટે સમગ્ર ટીમનો આભાર માની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્રીમતી માલાબેને પીપીટી થકી આર્ટ અને કલ્ચર શું છે, એમાં ક્યા ક્યા વિષયો આવી શકે, એનું જીવનમાં શું મુલ્ય છે એ વિષે સુંદર માહીતી રજુ કરતા જણાવ્યું હતું કે કલા અને સંસ્કૃતિ માનવજીવનના અવિભાજ્ય અંગ છે. ગીત, સંગીત, નૃત્ય, નાટક, વિવિધ વાધ્યવાદન, ચિત્રકલા તેમજ છેલ્લી બે સદીથી શરૂ થયેલ ફિલ્મ એ બધા કલાસ્વરૂપોએ માનવ સંસ્કૃતિને કાયમ મહેકતી રાખી છે. એટલે જ દરેકે પોતાના મનગમતા કોઈપણ કલા સ્વરૂપને જીવનમાં અપનાવી તેનો મનસોક્ત આણંદ માણવો જોઈએ.

કાર્યશાળાની શરૂઆત કરતાં કોલ્હાપુર ના ઈલાબેન કાપડીયાએ લીંપણ કામ (છિત્તર વર્ક) વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે આ કલા ગુજરાતના કચ્છ જીલ્લાની પેઢી દર પેઢી ચાલી આવતી આગવી કલા હોઈ રણ પ્રદેશમાં ઝૂંપડામાં રહેતા લોકોએ તેને વિકસાવી અને સંભાળી છે. તેમના છાણ - માટીના ઝૂંપડા તથા ઈંટ - માટીના ઘરોની અંદર બહારની દિવાલો રોજીંદા જીવનમાં નઝરે આવતા ફુલ, ઝાડ, પશુ - પક્ષી, જર - જનાવર, સુર્ય - ચંદ્ર, વરસાદ વગેરેને સુંદર રંગોમાં ચીતરી સુશોભિત બનાવે છે તેમજ લીંપણમાં વપરાતા આભલા, અરીસાઓ દિવાઓથી પ્રકાશને પ્રતિબિંબિત કરે છે. આ ક્રાફ્ટ ફોર્મ માટે પરંપરાગત રીતે ઊંટનું છાણ અને તેના લાક્ષણીક સફેદ રંગ માટે કચ્છની સફેદ માટી અથવા સફેદ રેતીનો ઉપયોગ કરવામાં આવતો. સમયાંતરે લીંપણ કામ માટે અત્યારના કલાકારો સિન્થેટીક વાઈટ સિમેન્ટ સાથે ફેવીકોલ કે ફેવીબોન્ડ નો ઉપયોગ કરે છે.

બીજા દિવસે કાર્યક્રમની શરૂઆત કરતા સાંગલીના સોનલબેન તન્ના એ જણાવ્યું હતું કે કલા અને સંસ્કૃતિનો અવિભાજ્ય અંગ એટલે સંગીત, જે વિશે પ્રસિદ્ધ શહનાઈ વાદક બિસ્મિલ્લાહખાન ને એકવાર કહ્યું હતું કે સંગીત સાધના એ ઈશ્વરભક્તિ છે. ત્યારબાદ શ્રીમતી રશ્મીબેન એ વાત કરતા વરસાદી માહોલના રાગ મેઘ મલ્હારની માહીતી ગીતોના ઉદાહરણો સહીત ગાઈને આપી.

બીજા દિવસની કાર્યશાળાનો વિષય હતો ઓરિસ્સાનું પ્રસિદ્ધ પીપલી આર્ટ. ઈલાબેન એ પીપલી આર્ટ અને અન્ય Applique Work વચ્ચેનો ફરક સમજાવતા જણાવ્યું હતું કે પીપલી કલા એટલે રથયાત્રા વખતે ભગવાન જગ્ગનાથ , ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાના રથને ઢાંકવા માટેની કપડાની છત (ચંદરવા) પર કરવામાં આવતું ભાત કામ. એમાં હાથી, પોપટ, મોર, બતક, વેલ, વૃક્ષો, કમલ, ચમેલી, અર્ધચંદ્ર, સુર્ય અને રાહુ જેવા ચિત્રો સામાન્ય છે. નાના નાના રંગબેરંગી ટુકડાઓને ચિત્રઆકારમાં કાપી, બનાવી તેને વ્યવસ્થીત મોટા કપડા પર ચોંટાડી એનું શિવણ કરવામાં આવે છે.

ઈલાબેને આ કામમાં વપરાતું સાહિત્ય અને એમાં વપરાતા ચિત્રો વિશે વિવિધ નમુનાઓ સાથે વિસ્તૃત માહીતી આપી એનું સંપૂર્ણ પ્રાત્યક્ષીક બતાવ્યું. કાર્યશાળા બંને દિવસે ઈલાબેને ભાગ લેનાર બહેનોના નાના મોટા પ્રશ્નો ના સમાધાનપૂર્વક ઉત્તરો આપ્યા તેમજ યોગ્ય માર્ગદર્શન કર્યું.

કાર્યક્રમના સમારોહમાં કોલ્હાપુરના વૈભવીબેન દાવડાએ ખૂબ જ સુંદર શબ્દોમાં સૌનો આભાર માનતા સૌ બહેનોએ સાથે મળી કામ કરીને જે મહિલા શક્તિનું સરસ ઉદાહરણ પેશ કર્યુ છે તે માટે સૌને વધાવ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે આ સંપૂર્ણ કાર્યક્રમનું સંપૂર્ણ કામ વેસ્ટર્ન મહારાષ્ટ્ર વિભાગની મહિલાઓએ જ કર્યું હતું. પોસ્ટર, સર્ટીફીકેટ, ટેકનીકલ ભાગ જેમાં ઝૂમ એપ લેવાથી માંડી એનું સંપૂર્ણ સંચાલન કરવું વગેરે મહિલા સશક્તિકરણ નું ઉત્તમ ઉદાહરણ છે.

સાંગલીના મોનાબેન ખાખરીયા એ કાર્યક્રમનું વિવિધ માહિતિ અને શેરો શાયરી સાથે એમના વિશેષ અંદાજમાં સુત્ર સંચાલન સફળ રીતે કરવાની સાથે જ કાર્યક્રમ દરમીયાન કલા વિષે વિવિધ પ્રશ્નો થકી આર્ટ ક્વીઝ દ્વારા સહુંનો સહભાગ વધાર્યો હતો.

## ૨૦) શ્રી લોહાણા મહાપરિષદની દક્ષિણ ભારત ઝોન મહિલા સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદના દક્ષિણ ભારત મહિલા સમિતિ દ્વારા તારીખ ૧૪ જુલાઈ ૨૦૨૧ બુધવારના રોજ ઝુમ માધ્યમ દ્વારા ખૂબ જ સુંદર તદ્દન નોખો અને મહત્વપૂર્ણ, ઉપયોગી નીવડી શકે તેવો કાર્યક્રમ "Brain Gym, Gym for the Brain યોજવામાં આવેલ.

શરૂઆતમાં ભગવાન શ્રી ગણેશજીની વંદના કર્યા બાદ, સૌપ્રથમ રઘુવંશી ધ્વજવંદન ગીત દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી એ ખૂબ સુંદર પ્રસંગ પરિચય આપેલ.

શ્રી દક્ષિણ ભારત લોહાણા સમાજના મહીલા અધ્યક્ષ તથા શ્રી લોહાણા મહાપરિષદના દક્ષિણ ભારતના ઝોનલ મહિલા અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન ખેરૈયા એ હૃદયસ્પર્શી સ્વાગત સંદેશ આપેલ. Bfit (Brain Fitness for All) ના ફાઉન્ડર અને ક્લિનિકલ સાયકોલોજીસ્ટ શ્રીમતિ શિલ્પાબેન કારીયા (મુંબઈ) તથા સ્પેશિયલ એજ્યુકેટર શ્રીમતી તૃપ્તિબેન સાયાણી (ચેન્નઈ) મુખ્ય સૂત્રધાર વ્યક્તિ

વિશેષનો સુંદર સંક્ષિપ્ત પરિચય મેળવ્યા બાદ અમુક અગત્યની સૂચનાઓનો ઉલ્લેખ કરી અને કાર્યક્રમની શરૂઆત કરી હતી.

શ્રીમતિ શિલ્પાબેન કારીયા તથા તૃપ્તિબેન સાયણી એ વિવિધ ગેમ્સ, એક્ટિવિટી અને જ્ઞાનવર્ધક જાણકારીઓ સાથે ખૂબ જ સરળ અને સુંદર રીતે યાદશક્તિ વધારવી, સકારાત્મક વિચારો સાથે મજબૂત લાગણીઓ ની અને સમતુલતા જાળવવી અને કોઈપણ ઉંમરના પડાવમાં મગજને જ્ઞાનવર્ધક બનાવવાની અદભુત જાણકારીઓ આપી સાથે અંતમાં પ્રેક્ષકો દ્વારા પૂછાયેલા વિવિધ સવાલોના સુંદર જવાબો દ્વારા સમાધાન પણ આપ્યું હતું.

આદરણીય શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી જેઓ એક સફળ સમાજના સર્જનહાર નારી રુપે સમાજની બહેનો ને લાભદાયી નીવડે એવા પ્રેરણાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં અગ્રેસર હોય છે, તેમના અને શ્રીમતી જ્યોતિબેન ખેરૈયાના માર્ગદર્શન સાથે યોજાયેલા કાર્યક્રમમાં શ્રી ગણેશ વંદના - કર્ણાટક ક્ષેત્રના પ્રતિનિધિ હુબલી શહેરના શ્રીમતી જયશ્રીબેન ઠક્કર દ્વારા કરવામાં આવેલ. શ્રીમતિ શિલ્પાબેન કારીયા તથા શ્રીમતી તૃપ્તિબેન નો પરિચય કેરળ ક્ષેત્રના પ્રતિનિધિ કોચીન શહેરના રહેવાસી શ્રીમતી રશ્મિબેન ઠક્કર દ્વારા કરવામાં આવેલ.

અંતે કાર્યક્રમની આભારવિધિ તેલંગાણા ના રીજનલ અધ્યક્ષ સિકંદરાબાદ શહેરના રહેવાસી શ્રીમતિ વંદનાબેન ભગિની દ્વારા કરવામાં આવેલ.

## ૨૧) શ્રી લોહાણા મહાપરિષદની દક્ષિણ ભારત ઝોન મહિલા સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ મહિલા સમિતિ અંર્તગત ઘાટંજી ગામ મા તા . ૨૯-૭-૨૧ ગુરુવાર ના જલારામ બાપ્પા ના મંદિર માં જલારામ ગ્રંથાલયની સ્થાપના કરવામાં આવી. તેમાં શ્રી લોહાણા મહાપરિષદ મહિલા પાંખ ના અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી ઉપસ્થિત રહી પ્રોગ્રામની શોભા વધારી જેમની પ્રેરણાથી અને સહાયતાથી તેમજ વિદર્ભ મહિલા વિભાગના અધ્યક્ષ શીલાબેન પોપટ ના માર્ગદર્શનમાં આ કાર્ય સરસ રીતે પર્ણ થયું.

આ ગ્રંથાલય માટે રશ્મિબેને વિવિધ લેખકની ગુજરાતી ચોપડીઓ મોકલાવી હતી. મહિલા પાંખના અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી, વિદર્ભ મહિલા અધ્યક્ષ શ્રીમતી શીલાબેન પોપટ તથા મંત્રી શ્રીમતી શીલાબેન હિંડોચાની હાજરી રહેવાથી પ્રોગ્રામ અતિ સુંદર રીતે લેવામાં આવ્યો.

સૌપ્રથમ શ્રીમતિ ચંદાબેન અટારા તરફથી સરસ્વતી વંદના પ્રસ્તુત કરવામાં આવી. શ્રીમતી ભારતીબેન સૂચક, શ્રીમતી દિપીકાબેન ગંઢેચા તથા શ્રીમતી નીતાબેન ગઢેચાએ દીપ પ્રજ્વલન કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી.

ગ્રંથાલય નું ઉદ્દ્ઘાટન માં શ્રી ઘાટંજી મહિલા મંડળની સર્વે બહેનો ઉપસ્થિત રહી હતી. તેમાં શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી એ શ્રી ઘાટંજી મહિલા મંડળને પ્રોત્સાહિત કરી ખુબ ખુશી વ્યક્ત કરી.

હંમેશા આવી જ રિતે આયોજન કરવા શુભેચ્છાઓ આપી. શ્રીમતી પુનમબેન ગઢીયા એ સુત્ર સંચાલન કરેલ અને આયોજનના અંતે શ્રીમતી દિપ્તીબેન સુચક દ્વારા આભાર વિધી પૂર્ણ થઈ. આ રીતે આ ઝુમ પ્રોગ્રામ બહુ જ ઉત્સાહમાં પાર પાડવામાં આવ્યો.

## ૨૨) શ્રી લોહાણા મહાપરિષદની મધ્યભારત ઝોન મહિલા સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદ મધ્યભારત ઝોન (મધ્યપ્રદેશ અને છત્તિષગઢ) મહિલા સમિતિ દ્વારત FUNDOO WEEK નો કાર્યક્રમ તારીખ ૧૯ થી ૨૪ જુલાઈ, ૨૦૨૧ સુધી જલારામ બાપાની કૃપા થી સફળતાપૂર્વક સંપન્ન થયો. "Riddles ઈવેન્ટ" નુ હોસ્ટિંગ સ્વાતિબેન મજીઠીયાએ, દિપ્તીબેન માણેકે "ધાર્મિક ક્વિઝ", મીનાબેન ગણાત્રા અને હેતલબેન ચગ દ્વારા "ગ્રીન ડે થીમ", સોનલબેન ચંદ્રાની અને અમીબેન ઠક્કરે "ટેલેન્ટેડ Thursday", નિકીતાબેન ઠક્કર અને તેજલબેન ઠક્કર દ્વારા "હસ્તે હસ્તે, કટ જાયે રસ્તે" અને નીતાબેન ઠક્કર અને રેખાબેન ગણાત્રા દ્વારા "અંતાક્ષરી ઈવેન્ટ" નુ હોસ્ટિંગ કરવામાં આવ્યું હતું.

આ ઈવેન્ટ ઓનલાઈન ઝૂમ એપ પર યોજવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત જલારામબાપાની સ્તુતિ અને ધ્વજવંદન ગીત દ્વારા

કરવામાં આવી હતી. આ અંતાક્ષરીમાં શ્રી લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી પણ ઓનલાઈન હાજર રહ્યા હતા. શ્રીમતીલ તેજલબેન ઠક્કરે શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી નું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણીએ ગણેશવંદના કરી કાર્યક્રમ શરૂ કરેલ. ઝોનલ અધ્યક્ષ શ્રીમતી પ્રગતિબેન મીરાણીનો મેસેજ ઝોનલ સેક્રેટરી સ્વાતિબેન મજીઠીયાએ પ્રસ્તુત કર્યો હતો. મધ્યપ્રદેશ રિજનલ અધ્યક્ષ મીનાબેન ગણાત્રા નું સ્વાગત નીતાબેન ઠક્કર અને રેખાબેન ગણાત્રાએ કર્યું હતું.

અંતાક્ષરી ઈવેન્ટ માં ૧૨ ટીમએ ભાગ લીધેલો. બધીજ ટીમ અલગ અલગ ડિસ્ટ્રીક્ટ ને રીપ્રેજન્ટ કરી રહી હતી. બધી જ ટીમ ને નામ આપવામાં આવ્યા, જેમકે રઘુવંશી,ભરતવંશી, સૂર્યવંશી વગેરે. અંતાક્ષરી ઈવેન્ટ માં ૩ રાઉન્ડ રમાડવામાં આવ્યા. પહેલું રાઉન્ડ સ્પિન વ્હીલ દ્વારા રમાડવા માં આવ્યું. જેમાં શબ્દ કે રિલેશનશિપ ઉપર ગીત ગાવાનું હતું. દ્વીતીય રાઉન્ડ અંતરા મુખડા રાઉન્ડ હતું જેમાં બધાએ ખૂબ જ ટેલેન્ટ દેખાડ્યું. તૃતીય રાઉન્ડ વિડિયો વિસુઅલ રાઉન્ડ રાખવામા આવેલું અને બધી જ ટીમ એ ખૂબ જ ઉત્સાહ અને જોશ સાથે પ્રસ્તુતિ આપી.ઓડીએન્સ રાઉન્ડ પણ રમાડવામાં આવેલો જેમાં બધાએ એકટીવ પાર્ટ લઈને પોતાનું ટેલેન્ટ દર્શાવ્યું. શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી અને શ્રીમતી મીનાબેન ગણાત્રા અંતાક્ષરી ઈવેન્ટ ના જજ રહ્યા હતા. અંતમાં ૩ ટીમ ને વિજેતા જાહેર કરવામાં આવી હતી. ૧) ભારતવંશી (ઇન્દોર) અને પુરૂવંશી (દુર્ગ), ૨) હોલ્કરવંશી (ઇન્દોર), ૩) ચંદ્રવંશી (રાયપુર), કોન્સોલેશન પ્રાઈઝ પણ દેવામાં આવ્યા હતા. એમાં રવિવંશી (ભીલાઈ), રાજવંશી (દુર્ગ). આખરીમાં વોટ ઓફ થૅંક્સ છત્તીસગઢ રિજનલ મહિલા અધ્યક્ષ શ્રીમતી દિપ્તીબેન માણેક એ કર્યું હતું.

## ૨૩) શ્રી લોહાણા મહાપરિષદની મધ્યભારત ઝોન મહિલા સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદ સાઉથ ગુજરાત ઝોન મહિલા સમિતિ દ્વારા તારીખ ૩ ઓગસ્ટ, ૨૦૨૧ મંગળવારે બપોરે ૪ થી ૬ દરમિયાન ઝૂમ એપ પર મહિલા સશક્તિકરણનો એક વેબીનાર 'નારી તું ના હારી' યોજાયો હતો. લોહાણા સમાજની આન - બાન - શાન એવા રઘુવંશી ગીતથી કાર્યક્રમની શરૂઆત થઈ. માત્ર આઠ વર્ષના તનુશહિરાણી ના સુંદર નૃત્ય દ્વારા ગણેશ વંદના કરવામાં આવી હતી. શ્રીલોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી એ સમગ્ર પરિવારનું આયોજન કરતી "નારી કદી હારી જ ન શકે" એવા વિધાન દ્વારા સમાજના વિવિધ ક્ષેત્રોમાં નારીના યોગદાનની પ્રશંસા કરી આપણા સમાજની બહેનો હજુ પણ વિકાસ સાધે એવો શુભેચ્છા સંદેશ આપ્યો હતો.

પ્રમુખ શ્રી સતિષભાઈ ના કદમ સાથે કદમ મિલાવી ઘર - પરિવાર સાથે આર્થિક ઉપાર્જન સામાજિક સંબંધો અનેક સેવાકીય સંસ્થાઓની જવાબદારી સંભાળતા સ્ત્રી સશક્તિકરણ ના રોલ મોડેલ જેવા શ્રી લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષા શ્રીમતી રશ્મિબેન એ પણ બહેનોને બાળપણથી છોકરા છોકરીઓમાં ભેદ ન રાખી તેમને સમાન હકને તક આપી દરેક ક્ષેત્રમાં દીકરીઓને આગળ વધવા હાકલ કરી હતી. વળી, બહેનો કોઈપણ પરિસ્થિતિમાં પોતાને તથા પરિવારને સંભાળી લેતી હોય છે અને વિવિધ રૂપે સમાજમાં યોગદાન આપતી હોવાની વાત સાથે સૌને ઉત્સાહવર્ધક ઉદ્‌બોધન કર્યું હતું. સાઉથ ગુજરાત ઝોનના ઝોનલ પ્રેસીડેન્ટ શ્રી શૈલેષભાઈ સોનપાલે પણ બહેનોને આત્મનિર્ભર બનવા પર ભાર મૂક્યો હતો, જેથી આફતના સમયે પરિવારને મદદરૂપ થઈ શકે. સાઉથ ગુજરાત મહિલા અધ્યક્ષ શ્રીમતી પ્રજ્ઞાબેન રાજાએ પણ સમગ્ર કાર્યક્રમને શુભેચ્છા આપતો ટેલિફોનિક સંદેશ મોકલ્યો હતો.

આ વેબીનારના મુખ્ય વક્તા સાઉથ ગુજરાત ઝોનના શિક્ષણ સમિતિના કન્વીનર શ્રી હિતેશભાઈ માખેચાનો સુપેરે પરિચય સુરત રિજિયન મહિલા અધ્યક્ષ શ્રીમતી પીનાબેન ઠક્કરે આપ્યો હતો. પોતાના વક્તવ્યમાં શ્રી હિતેશભાઈ માખેચા એ વિવિધ ક્ષેત્રે સફળ નારીઓના ઉદાહરણથી નારી ધારે તે કરી શકે તેમ દર્શાવી બહેનોને પરિવાર સાથે પોતાની જાતને પ્રાથમિકતા આપી પોતાના શોખ - કલા આવડતને બહાર લાવી સર્વાંગી વિકાસ સાધવા જણાવ્યું હતું. નોકરી જ નહિ અનેક ક્ષેત્રોમાં ઘેર ઘેર બેઠાં પણ વિકાસની તકો રહેલી છે તેની વિશેષ જાણકારી સાથે, જાગ્યા ત્યાંથી સવાર ગણી તરત જ આરંભ કરવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમના અંતે આભારવિધી શ્રીમતી પીનાબેન ઠક્કરે કરી હતી. સમગ્ર વેબિનારનું સુંદર સફળ સંચાલન પોતાની આગવી શૈલીમાં નવસારી જિલ્લા મહિલા અધ્યક્ષા શ્રીમતી ઉષાબેન હિરાણીએ કર્યું હતું.

## ૨૪) શ્રી લોહાણા મહાપરિષદ (મહિલા પાંખ), (સૌરાષ્ટ્ર હાલાર ઝોન-૨)

રંગોનો પર્વ દિવાળી, ઉજાસ ભણી લઈ જાય દિવાળી. આપણે હિન્દુ ધર્મમા દરેક તહેવાર, દરેક રિતીરિવાજ પાછળ કોઈ ને કોઈ કારણ રહેલ રહેલુ છે. ત્યારે રંગોળી એ આપણી પરંપરા અને સાન્સકૃતિક વારસો છે ત્યારે શ્રી લોહાણા મહાપરિષદ સૌરાષ્ટ્ર હાલાર ઝોન - ૨ દ્વારા ઝૂમ એપના માધ્યમથી મહિલા અધ્યક્ષા શ્રીમતી રશ્મીબેન વિઠ્ઠલાણીના અધ્યક્ષ સ્થાને રંગોળી હરીફાઇ નુ આયોજન કરવામા આવ્યુ. તારીખઃ-૨૮/૧૦/૨૧ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે આ કાર્યક્રમ ની શરૂઆત કરવામા આવેલ, જેમા સૌપ્રથમ આપણા રઘુવંશી ગૌરવ ગીત દ્વારા કાર્યક્રમ ની શરૂઆત કરવામા આવી. સૌરાષ્ટ્ર હાલાર ઝોન-૨ના ઝોન અધ્યક્ષ જેમીનીબેન મોટાણી દ્વારા વેલકમ સ્પીચ આપી બધાને દિવાળીની શુભેચ્છાઓ આપવામા આવી. ત્યારબાદ જામનગર રિજિયન ના રિજનલ અધ્યક્ષ જ્યોતીબેન માધવાણી અને પોરબંદર રિજિયનના રિજનલ અધ્યક્ષ દુર્ગાબેન લાદીવાલા દ્વારા પણ પ્રાસંગિક પ્રવચન આપવામા આવ્યુ. અને આપણા શ્રી લોહાણા મહાપરિષદ (સૌરાષ્ટ્ર હાલાર ઝોન-૨)ના મહિલા અધ્યક્ષ-રશ્મીબેન વિઠ્ઠલાણી દ્વારા રંગોળીઓ શા માટે કરવાની અને આપણે રઘુવંશી મહિલાઓ દરેક ક્ષેત્રમા અગ્રેસર અને દરેક પ્રવૃતિઓમા બેસ્ટ છે તેવુ કહી બધા પાર્ટીશિપેટ મા ઉત્સાહ નો સંચાર કર્યો. હંમેશા પોજીટીવ એનર્જી પૂરી પાડનાર રશ્મીબેન વિઠ્ઠલાણી દ્વારા એક વાત કહી અમને નવા નવા પ્રોજેક્ટ કરવા પ્રેરણા આપી ત્યારબાદ પાર્ટીશિપેટ દ્વારા મોકલવામા આવેલ વિડિયો એક પછી એક પ્લે કરવામા આવેલ અને દરેક મેમ્બર્સ દ્વારા ખૂબ જ સુંદર રંગોળીઓ કરવામા આવેલ હતી. જે બધાએ એકદમ શાંતિ થઈ નિહાળવામા આવી. બધા પાર્ટીશિપેટની રજૂઆત થઈ ગયા બાદ બાલસૃષ્ટિના કાયમી લેખિકા અને શિક્ષણ વિભાગ સાથે ૨૦ વર્ષ થી જોડાયેલા પલ્લવીબેન વિઠ્ઠલાણી દ્વારા સ્વરચિત કાવ્ય ×ગરીબોની દિવાળી× ની રજૂઆત કરવામા આવી. રંગોળીમા માસ્ટર અને રંગોળી ક્લાસ કરાવતા આસ્નાબેન દાવડા દ્વારા રીઝલ્ટ એનાઉન્સ કરવામા આવ્યુ. પ્રિયાન્સીબેન બારાઈ પ્રથમ, હીરલબેન રાયચુરા દ્વિતિય અને ધ્રૃતિબેન માણેક એ તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ હતુ. છેલ્લે ઝોન સેક્રેટરી હેતલબેન સવજીયાણી દ્વારા આભારદર્શન કરવામા આવ્યુ. હાજર રહેલ તમામ મહાનુભાવોના સુંદર સહકાર બદલ બધાનો ખૂબ ખૂબ આભાર માનવામા આવ્યો. આખા કાર્યક્રમ નુ સંચાલન સૌરાષ્ટ્ર હાલાર ઝોન-૨ ના ઝોન મંત્રી હેતલબેન સવજીયાણી દ્વારા કરવામા આવ્યુ. આખા કાર્યક્રમ નુ સંચાલન લોહાણા મહાપરિષદ ના આઈ.ટી ટીમના વૈભવભાઈ દ્વારા કરવામા આવેલ હતુ. છેલ્લે તમામ એ એકબીજાને દિવાળીની શુભેચ્છાઓ આપી કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કરવામા આવ્યો.

## ૨૫) શ્રી લોહાણા મહાપરિષદ (મહિલા પાંખ), દક્ષિણ ગુજરાત ઝોન

શ્રી લોહાણા મહાપરિષદ દક્ષિણ ગુજરાત ઝોન ૮ મહિલા વિંગ દ્વારા તારીખ ૩/૧૨/૨૧ ને રવિવારે સુરત લોહાણા મહાજન વાડી સુરત ખાતે સંગીની મેલા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રેડીમેડ કપડા ફેબ્રિક્સ ચાદર જ્વેલરી નવરાત્રી સ્પેશયલ ચણીયાચોલી જ્વેલરી દિવાલી દીયા તોરણ ચોકલેટ કેક food stall જેવા વિવિધ પ્રકારના ૩૦ જેટલા સ્ટોલ દ્વારા રઘુવંશી બહેનોએ પોતાના વ્યવસાયને વેગ આપવા પ્રયત્ન કર્યો હતો



અલકાબેન રાજાની ગણેશ વંદના થી શરૂ થયેલ ઉદ્દ્ઘાટન સમારોહમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી એ બહેનોના આ પ્રયાસને બિરદાવી રાષ્ટ્રીય કક્ષાએ આવા મેળાનું આયોજન કરવા સૂચન કર્યું હતું તો મહિલા અધ્યક્ષ આ રશ્મિબેન વિઠલાણી એ બહેનોએ કોઈપણ જાતના ક્ષોભ વિના પોતાનામાં પડેલી કળાને અથવા વ્યવસાયની સૂઝ ને બહાર લાવી પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવા પ્રોત્સાહન આપ્યું હતું જીગ્નેશભાઈ ભજીયાવાલા એ સરકારી યોજનાઓની માહિતી આપી હતી અને ઝોન પ્રમુખ શૈલેષભાઈ સોનપાલ એ પણ આવા મહિલા વિકાસના દરેક કાર્યક્રમમાં સહયોગની ખાતરી આપી હતી ઝોન મહિલા પ્રમુખ શ્રીમતી પ્રજ્ઞાબેન રાજા અને સુરત લોહાણા મહાજન પ્રમુખ શ્રી મુકેશભાઈ ઠક્કર એ સૌને આવકારી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું પીનાબેન ઠક્કર જે સમગ્ર પ્રોજેક્ટ ની તૈયારી માં સિંહફાળો આપ્યો હતો અને તેમની વિશેષ માહિતી પણ આપી હતી આભારવિધિ કલ્પનાબેન ઠક્કરે કરી હતી તો કાર્યક્રમનું સંચાલન ઉષાબેન હિરાણીએ કર્યું હતું. ત્યારબાદ રીબન કાપી દીપ પ્રાગટ્ય કરી મેળાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો સૌ

મહેમાનોએ યથાયોગ્ય ખરીદી કરી હતી દિવસ દરમિયાન ઘણા લોકોએ મેળાનો લાભ લઇ બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા.

## ૨૬) શ્રી લોહાણા મહાપરિષદ (મહિલા પાંખ), મુંબઈ સહ મહારાષ્ટ્ર ઝોન

શ્રી. લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ, મુંબઈ સહમહારાષ્ટ્ર અને શ્રી લોહાણા મહાપરિષદ આધ્યાત્મિક કેન્દ્ર ના સંયુક્ત ઉપક્રમે આયોજિત ઓનલાઇન ઝુમ નૃત્ય ભક્તિ કાર્યક્રમ બુધવાર તા. ૨૯/૯/૨૦૨૧ ના રોજ બપોરે ૪-૦૦ કલાકે સફળતા પૂર્વક સંપન્ન થયો. કાર્યક્રમની શરૂઆત ગણપતિ વંદના તથા રઘુવંશી ગાથા ના એક અનેરા નૃત્ય દ્વારા રજુ કરવામાં આવી હતી. પશ્ચિમ મહારાષ્ટ્ર અધ્યક્ષ શ્રીમતી ક્રિતીબેન નાગ્રેચા એ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ મહિલા પાંખ ના અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, મુંબઈ સહમહારાષ્ટ્ર મહિલા સમિતિ ના અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, મહાપરિષદ આધ્યાત્મિક કેન્દ્ર ના અધ્યક્ષ શ્રીમાન ગિરિશભાઈ ડ્રેસવાલા,મહારાષ્ટ્ર મહિલા સમિતિ ના સેક્રેટરી શ્રીમતી શ્રીમતી મીનાબેન મગદાણી, કાર્યક્રમને રંગારંગ કરનાર વિવિધ વિભાગો ના અધ્યક્ષ, ભાગ લેનાર તમામ કલાકારો, વિવિધ સ્થળોએ થી ઉપસ્થિત રહેલા મહાનુભાવો તથા તથા ઝુમ પર ઉપસ્થિત સર્વે મહેમાનો નું હાર્દિક સ્વાગત કર્યું હતુ. ત્યારબાદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિ અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરે શ્રીમતી રશ્મિબેન વિઠલાણી , શ્રી ગિરિશભાઈ ડ્રેસવાલા,મહાપરિષદના ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, મહારાષ્ટ્ર મહિલા સમિતિ ના દરેક વિભાગ ના અધ્યક્ષ, ઉપસ્થિત સર્વે મહેમાનો, નૃત્ય નાટિકા ના કલાકારોનુ હાર્દિક સ્વાગત કર્યું હતું. વિઠલાણી દંપતી ના સાથ, સહકાર, સહયોગ અને તેમના કાર્યો ને બિરદાવ્યા હતા. મહાપરિષદ ના ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર અને મહાપરિષદ આધ્યાત્મિક કેન્દ્ર ના અધ્યક્ષ શ્રી ગિરિશભાઈ ડ્રેસવાલા નુ સ્વાગત કરતાં હંમેશા તેમના સાથ અને સહકાર ને બિરદાવ્યા હતાં અને આભાર વ્યક્ત કર્યો હતો.દરેક વિભાગ ના અધ્યક્ષ તથા સહયોગી કલાકારો નું પણ સ્વાગત કરતાં શુભેચ્છા પાઠવી હતી.

શ્રીમતી રશ્મિબેન વિઠલાણી એ મુંબઈ સહમહારાષ્ટ્ર મહિલા સમિતિ ના અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર અને ટીમ ને તેમના સમાજ ને હંમેશા કંઈક નવું આપવાના પ્રયાસ ને બિરદાવ્યા હતા.શ્રી જીતુભાઈ ઠક્કર અને શ્રી ગિરિશભાઈ ડ્રેસવાલા એ પણ પોતાના શબ્દ સુમન થી કાર્યક્રમ ના એક અનેરા પ્રયત્ન ને બિરદાવ્યો હતો. કાર્યક્રમ ના સંચાલક મીનાબેન મગદાણી એ ત્યારબાદ સુકાન સંભાળ્યું હતું અને વિવિધ વિભાગો માંથી કલાકારો એ રજુ કરેલ નૃત્ય ભક્તિ ને એક આગવી ઘરે બેઠા યાત્રાના રૂપે ગુંથણી કરી અને ઉપસ્થિત રહેલા દરેક ને ભક્તિ રસમાં તરબોળ કરી દીધા હતા.

શ્રી લોહાણા મહાપરિષદ ના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી એ પણ અતિ વ્યસ્ત હોવા છતાં કલાકારો નો ઉત્સાહ વધારવા આમંત્રણ ને માન આપીને કાર્યક્રમ માં હાજરી આપી અને પોતાના શબ્દ સુમન થી ઉપસ્થિત સર્વે નો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમ ના અંત માં આભાર વિધિ મહારાષ્ટ્ર ખપોલી કોંકણ વિભાગ ના સ્પોર્ટ્સ અધ્યક્ષ શ્રીમતી સરોજબેન વિઠલાણી એ સહજતાથી સ્વીકારી અને ઉપસ્થિત રહેલા મહાપરિષદ ના પ્રમુખ, મહિલા સમિતિ ના અધ્યક્ષ, ઉપપ્રમુખ, આધ્યાત્મિક કેન્દ્ર ના અધ્યક્ષ, મુંબઈ સહમહારાષ્ટ્ર ના અધ્યક્ષ, દરેક મહાનુભાવો તથા મહેમાનો, અધ્યક્ષો, કલાકારો, બેનર- સન્માન પત્ર અને ટ્રેલરના સહયોગી, ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ, કાર્યક્રમ ના સંચાલક તથા સ્વાગત કરનાર નો ખરાં હદય થી આભાર વ્યક્ત કરી અને કાર્યક્રમ ને વિરામ આપ્યો હતો.

## ૨૭) શ્રી લોહાણા મહાપરિષદ (મહિલા પાંખ), સૌરાષ્ટ્ર ઝોન ૩



મહિલા સમિતિ ના અધ્યક્ષ માનનીય રશ્મિબેન વિઠ્ઠલાણીની પ્રેરણા અને સહકારથી મહીલા સમીતી ઝોનલ અધ્યક્ષ પુજાબેન કારીયા અને ગૃહ ઉદ્યોગ સમીતી કાજલબેન લાખાણી તથા મહેન્દ્રભાઈ મશરુ ના સહયોગ થી દિવાળી મેલા નું આયોજન કરેલ જેમાં તોરણ, તોડલિયા, ડ્રેસ, કુર્તી, ટોપ handicraft તથા અન્ય વસ્તુઓ નુ વેચાણ તા. ૨૧/૧૦/૨૦૨૧ થી ૧/૧૧/૨૦૨૧ સુધી જુનાગઢમા આયોજન કરેલ. જેમાં લોહાણા બહેનોને નિ:શુલ્ક ટેબલ વ્યવસ્થા આપવામાં આવેલ આ આયોજન ખુબ સફળ રહ્યું.

જય સિયારામ જય જલારામ જય દરિયાલાલ જય રઘુવંશ જય મહાપરિષદ

# દિવાળી તથા નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા...



પ્રમુખ : કચ્છ ઝોન, શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી અને ઉપપ્રમુખ : એકલવ્ય એજ્યુકેશન ટ્રસ્ટ-ગાંધીધામ
ટ્રસ્ટી : રામકૃષ્ણ સ્ટર્લિંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટી : જલરામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : રવિભાણ દરિયાસ્થાન મંદિર ગૌશાળા ટ્રસ્ટ, રાપર
ટ્રસ્ટી : લવજીભાઇ ઉકશીભાઇ ચેરિટેબલ ટ્રસ્ટ, સામખીયાલી
ટ્રસ્ટી : શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, રાપર
ટ્રસ્ટી : શ્રી વાગડ લોહાણા રઘુવંશી પરિવાર - ગાંધીધામ

**શ્રી કે. સી. ઠક્કર**
B.E. (CIVIL)
Engineer & Developers
Mo. : 98251 23321

*વ્યવસાયિક પ્રતિષ્ઠાન*
માધવ ડેવલોપર્સ • ક્રિષ્ના જ્વેલર્સ • વિ કે એન્ટરપ્રાઇઝ (ફાયનાન્સ)
ગાંધીધામ - કચ્છ.


---


## માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ
## શ્રી રઘુકુળ વિશ્વ ને હાર્દિક શુભેચ્છા

# સ્વ. શ્રીમતી લીલાબેન નરભેરામ મગદાણી
# સ્વ. શ્રી નરભેરામ તુલસીદાસ મગદાણી

પરિવારના જય શ્રીકૃષ્ણ

*Compliments of the Season From*

# *Vajani Foundation*

*a philanthropic initiative under the virtuous leadership of* ***Bina Prajesh Vajani***

***Shrimad Bhagavad Gita***

**(18.5):** ***यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत्। यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणम्।***

*Sacrifice, charity and penance should not be left. These three virtues make person sacred and purifies them*

**(18.6):** ***यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् । एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च । कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥***

*Sacrifice, charity and penance, and all other acts of duty too, must be performed without attachment and expectation of reward*

8, Green Avenue, Vasant Kunj, New Delhi – 110 070

Krishna Villa, Monghibai Road, Vile Parle [East], Mumbai – 400 057

T.: +91 – 11 – 4951 4444 | E.: vajanifoundation@vajanis.com

**CEO & Chief Communications Officer**

Ankit Rana | M.: +91 – 95820 30540 | E.: ankit.rana@vajanis.com

# TUSKER AI

Let your CCTV Camera Speak


## ARTIFICIAL INTELLIGENCE THROUGH YOUR CCTV CAMERA

Automate your SOP, Compliance, Anomaly, HR, Admin, Security Surveillance with TUSKER AI.


**Call Us:**
**Nimesh Manek:** +91 98983 43105
**Harshal Trivedi:** +91 94285 03923

**Email:** contact@tusker.ai

**Address:** 305, Sigma Legacy, IIM Road, Nr. Panjrapole Cross Road, Ambawadi, Ahmedabad, Gujarat 380015

# યુવા સમિતિ

## શ્રી લોહાણા મહાપરિષદ - યુવા સમિતિ - ઉત્તર ગુજરાત



શ્રી લોહાણા મહાપરિષદની યુવા સમિતિના ઉતર ગુજરાત ઝોનના અધ્યક્ષ શ્રી જનક ઠક્કર અને તેમની ટીમે ડીસા નગરની મુલાકાત લીધી હતી.

શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ધર્મેશભાઈ હરિયાણી, ઉતર ગુજરાત ઝોનના ઝોનલ પ્રેસિડેન્ટ શ્રી ભગવાનભાઈ બંધુ, યુવા સમિતિના અધ્યક્ષ ચિંતનભાઈ વસાણી સહિત સૌ પદાધિકારીઓના માર્ગદર્શનથી ઉત્તર ગુજરાત યુવા સમિતિના અધ્યક્ષ શ્રી જનકભાઈ ઠક્કરે ખેડબ્રહ્મા તેમજ અંબાજી ખાતે જગત જનની મા અંબાનાં દર્શન કરી, ડીસા જલારામ મંદિરે પધારી પૂજ્ય જલાબાપાના આશીર્વાદ લીધા હતા. ડીસા ખાતે તેમની સમગ્ર ટીમનું ઉત્તર ગુજરાત ઝોનના પ્રેસિડેન્ટ શ્રી ભગવાનભાઈ બંધુ સહિત સૌએ તેઓનું સ્વાગત કર્યુ હતું.

ડીસા ખાતે તેમણે યુવાનોની મીટીગ કરી યુવાશકિતનો સમાજ માટે સદુપયોગ થાય તે દિશામાં ચર્ચા વિચારણા કરી હતી. આ શુભ અવસરે યુવા સમિતિના બનાસકાંઠા રીજીયનના રીજનલ પ્રેસિડેન્ટ શ્રી યશભાઈ મજેઠીયાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. પાટણ રીજીયનના પ્રેસિડેન્ટ શ્રી અમિતભાઈ ઠક્કર અને ગાંધીનગર રીજીયનના પ્રેસિડેન્ટ શ્રી ધવલ ઠક્કરે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. યુવા સમિતિના તમામ હોદેદારોનું કંકુ તિલક, જલારામ દર્શન ગ્રંથ, સાલ, ફૂલછડીથી સન્માન કરાયું હતું.

આ અવસરે ઉત્તર ગુજરાત ઝોનના પ્રેસિડેન્ટ શ્રી ભગવાનભાઈ બંધુ, મંત્રી શ્રી લીલાધરભાઈ આચાર્ય, જલારામ મંદિરના પ્રમુખ શ્રી કનુભાઈ આચાર્ય, વરિષ્ઠ અગ્રણીઓ શ્રી દયારામભાઈ આર. ઠક્કર, શ્રી તારાચંદભાઈ ડી. મજેઠીયા, ડાયાભાઈ એચ.ઠક્કર, શ્રી દિનેશભાઈ વી. ઠક્કર, પર્યાવરણ સમિતિ બનાસકાંઠા રીજીયન અધ્યક્ષ શ્રી મહેશભાઈ ઉદેચા, મહિલા સમિતિ બનાસકાંઠા રીજીયન અધ્યક્ષ શ્રીમતી દીનાબેન આચાર્ય, સિનિયર પત્રકાર શ્રી આનંદભાઈ ઠક્કર સહિત સૌએ યુવાનોને અઢળક આશીર્વાદ આપી સમાજ હિત માં સમર્પિત ભાવથી કામ કરવા માર્ગદર્શન આપ્યું હતું.



યુવાનોની સફળ મીટીગ પૂર્ણ થયા બાદ પર્યાવરણ સમિતિ દ્વારા આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમમાં સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જલારામ મંદિર ખાતે બે વર્ષ અગાઉ વાવેલ વૃક્ષોની સુચારૂ સુરક્ષા અને માવજત કરવા બદલ સમર્પિત કાર્યકરો શ્રી આર. ડી. ઠક્કર અને શ્રી તુષારભાઈ હાલાણીને પણ યાદ કરી અભિનંદન આપવામાં આવ્યા હતા. ઝોનલ યુવા સમિતિના અધ્યક્ષ શ્રી જનક ઠક્કર તેમજ તેમની ટીમની બનાસકાંઠાની પ્રથમ મુલાકાત સફળ અને ફળદાયી રહેતાં આગામી દિવસોમાં યુવાનોની એક ચિંતન શિબિરનું પણ આયોજન થનાર છે.

# Youth Wing Meeting

## (1)



On May 30th 2021, we had our First LMP - Zone 11 Chattisgarh & Madhya Pradesh Youth Wing meeting. The Meeting was chaired by our Zone Youth President Mrs Deeptiben Mirani and we had The Zone Women's Wing president Mrs Pragrati Ben as a special guest. I got a chance to introduce all the 72 attendees of LMP, our ongoing activities and our planned module under the leadership of LMP President Satishbhai Vithalani and how best we can assist Kishanbhai Mirani in the Zone LMP activities. Our Youth team in Zone 11 consists of Doctors, Lawyers, Enterpreneurs, Educational Enterpreneurs, Bakers and various other professionals.

## (2)

On June 3 2021 at 8:30am UK times we had a Youth meeting with Lohana Community of North London Youth wing - Young Lohana Society (YLS)""Meera Majethia - YLS President "Roshni Thakrar - YLS Secretary ""We discussed on how the Youth wing can collaborate and participate in the common Youth events virtually and in the near future, few of Indian Youth members can attend their monthly meetings and they can attend India's Youth meetings.

## (3)

**Central India Youth Zone - 1 1**



17th May, 2021 Zonal Youth President Mrs. Deepti Mirani s Letter was issued.

The Regional Presidents are Komal Chatwani (Chattisgarh), Yash Thakkar

(M.P Region-1) & Shikha Thakkar (M.P Region-2) Their letters were issued on 18th June, 2021.

Today the Central Zone has 85 active Youngsters working together for the betterment and development of the Youth.

1. Our 1st Zonal meeting was conducted on 30th May, 2021 in the presence of our All India Lohana Youth President Mr. Chintan Vasani and the Guest invited was Mrs. Pragatiben Mirani (Central India Ladies Wing Zonal Adhyaksh). The members in the 1st meet were given 30secs to talk about themselves and introduce themselves to the other members...

2. From 7th June, 2021 to 13th June, 2021 we conducted a Group Activity with a different theme everyday.The details are as follows:

1. Motivating Mondays-

To over come the Monday blues.. Every member of the group can post anything that is motivating eg - a motivational video of themselves, some motivational words or quotes.

2. Tune Tuesday It is game time. A tune will be sent on this day. The person who recognizes what it is n posts 1st in the group that person wins n will be given a virtual award.

3. Work Wednesday (for work related)Let's do some networking. We all can post creative of our work



on this day. This will benefit us all in our work n help us grow.

4. Task Thursday- Every member of the group are suppose to post pics of theirs which shows them helping anyone o anything.

Ex. Feeding the needy, helping animals, planting a tree, saving the nature, helping your mom in household chores etc. even the smallest work can be posted.

5. Favorite Friday (for favorite activity) - We all can post pics of ours by doing the things we like the most (hobbies). Ex. Weight training, zumba, painting, bike racing, skating, baking etcetc etc.

6. Meeting - Chaal Jani Laiye

7. Selfie Sunday - A riddle will be given on this day n the person who first answers n posts with a selfie of theirs n if available the object also along with them. they win the virtual award. For this week's games we issued certificates for the members who won the games as well as for the most active member of the week.

3. Our 2nd Zonal Meeting was on 12th June, 2021 and named it "Chaal Jani Laiye" In which many members were present including the All India Youth President Mr. Chintan Vasani. The meeting was scheduled for 4 p.m. From 3.50 p.m. we had planned for a 1 Omins timer followed by slides of Covid protocols & zoom information required during the meet.

We have also planned that every meeting we will call upon one member to come ahead and speak about their struggles, achievements and success for 15mins maximum. So this time we called upon our member from Indore Ms. Vidhi Chag who is a C.A by profession as well as she is a part of the Unacademy.

This was followed by Introduction Round ( with a twist )

This time the members were divided into 13 groups of 6 members each in one group & were given a task to know each other as during the meet day they were suppose to introduce one another and not themselves..

This method built team spirit, developed leadership qualities, developed confidence& got the members out of their shelves & made them hesitation free. Last was the Question Round followed by a Thank You speech...

4. On 20th June, 2021 we celebrated Father's Day where we asked all the members to share their experience of how they made their Father's day very special.

5. On 21st June, 2021 we celebrated International Yoga Day virtually where our zone member Ms. Sakshi Thakkar who is a certified Yoga trainer conducted the event.

6. On 26th June, 2021 we invited Mr. Shivam who is a Young Motivational Speaker and an Emotional Intelligence Life Coach.

The topic for the session was How to Handle Mental Stress and Understand our Emotions Better. Which is a must topic for everyone during this time of Pandemic.

# H A Y AND ASSOCIATES
# CHARTERED ACCOUNTANTS





**H.O. :**
D-624, Neelkanth Business Park, Next to Vidyavihar Station (W),
Vidyavihar (West), Mumbai - 400 086, Maharashtra

**Branch Off. :**
Sambhav Complex, Office No. 401, Above SBI, , Near Mava Road, Rajkot - 360001



# ઓલ ઈન્ડિયા ગવર્નમેન્ટ ઓફિસર્સ સમિતિ

સમન્વય, સંકલન, સહકાર અને સંગઠનના માધ્યમથી સરકારી કલ્યાણકારી યોજનાઓનો સમાજના યોગ્ય જરૂરિયાતમંદ સભ્યોને મહત્તમ અને સમયસર લાભ મળે અને એ દ્વારા સમાજ ઉત્કર્ષથી રાષ્ટ્રઉત્કર્ષના ઉમદા ધ્યેય ઉપરાંત આપણા સમાજના સમગ્ર ભારતના ગવર્નમેન્ટ ઓફિસર્સ, કર્મચારીઓના પ્રશ્નો / સમસ્યાઓ અને મુદ્દાઓના યોગ્ય વિશ્લેષણ બાદ સમાજના સામુહિક સંગઠન બળ અને સંકલન દ્વારા સકારાત્મક ઉકેલ મેળવવાની સાથે સાથે નવી પેઢીને કારકીર્દી તેમજ રોજગારી ક્ષેત્રે વિશેષ યશસ્વી સ્થાન પ્રાપ્ત થાય તે દિશામાં સહિયારા પ્રયત્ન કરવાના ઉમદા ધ્યેય સાથે આ સમિતિની રચના કરવામાં આવી છે. આ ધ્યેયને સિદ્ધ કરવાની સમગ્ર પ્રક્રિયામાં સમાજના વિવિધ હોદ્દેદારો, નોલેજ બેન્ક, શિક્ષણવિદો, બિઝનેસ લિડર્સ, ઈન્ડસ્ટ્રી લીડર્સ, પોલીટિકલ સ્ટેક હોલ્ડર્સ વગેરેની સકારાત્મક ભૂમિકાનો સંકલિત અને સમન્વયકારી ઉપયોગ કરવાની દૃષ્ટિ સમાયેલી છે.

ઉપરોક્ત સૌ પ્રકલ્પોને ફળીભૂત કરવાના પ્રયાસના ભાગરૂપે અમારી સમિતિ દ્વારા દ્વારા જ્ઞાતિના સરકારી ઓફિસર્સની સમિતિની રચના કરી સૌ સાથે વિચાર-વિમર્સ શરૂ કર્યો છે. આવનારા સમયમાં જોન અને રિજન લેવલે જુદા જુદા સ્થળોએ મિટિંગ કરવાની નેમ છે. જ્ઞાતિની નવી પેઢીને યુવીએસસી, એસપીએસસી, આઈએએસ જેવી સ્પર્ધાત્મક પરિક્ષાઓનું યોગ્ય માર્ગદર્શન અને સજ્જતા માટે તૈયારીની ટીપ્સ પ્રાપ્ત થાય તેવા હેતુથી મહાપરિષદ દ્વારા યોજાયેલ ઈ-ટોક શોમાં મુખ્ય વક્તા તરીકે વિદ્યાર્થીઓ અને વાલીઓને ગત તા. ૨૫ જુલાઈ, ૨૦૨૧ ના રોજ મુખ્ય વક્તા તરીકે માર્ગદર્શન આપ્યું હતું. જેનો બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધો હતો. શ્રી સતિષભાઈની ઉપસ્થિતિમાં આ શો દરમિયાન ડેપ્યુટી કલેક્ટર, દમણના શ્રી ચાર્મીબેન પારેખ તેમજ ધાનેરા ડેપ્યુટી કલેક્ટર શ્રી યોગેશભાઈ ઠક્કરે પણ પોતાના વિચારો પ્રસ્તુત કરી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે સુદર માર્ગદર્શન આપ્યું હતું. તા. ૨-૧૦-૨૦૨૧ ના રોજ શ્રી કૃષ્ણકાંત રૂપારેલીયા (સિનિયર એડિટર, તાજા ખબર ચેનલ) સાથે લાઈવ ટોક શોમાં પણ યુપીએસસી, જીપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી સીધો સંવાદ કરી પ્રશ્નોત્તરી દ્વારા પરીક્ષાની તૈયારીઓ અને સજ્જતા અંગે વિચાર વિમર્સ કર્યો હતો. તા. ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતેની હોદ્દેદારોની ચિંતન શિબિરમાં મારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા પૂસ્તક "પાથેય" અંગે વિસ્તૃત માહિતી આપી જ્ઞાતિના વધુને વધુ યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી તેમાં સફળ થાય તે અંગે ઉંડાણપૂર્વક રજુઆત અને સમિતિના આગામી કાર્યક્રમોની માહિતી મારા સાથીમિત્ર ડેપ્યુટી કલેક્ટરશ્રી શૈલેષભાઈ ગોકલાણી સાથે પ્રસ્તુત કરી હતી. દિવાળી બાદ હવે અમારી સમિતિ ઝોન અને રિજન પ્રમુખશ્રીઓને સાથે રાખી વિવિધ વિસ્તારોમાં સીવીલ સર્વિસમાં નવી પેઢી જોડાય તે અંગે મિટિંગનો દોર શરૂ કરવાની નેમ ધરાવે છે.

ચાલો, આપણે સૌ સાથે મળી જ્ઞાતિ ઉત્કર્ષની દિશામાં વિવિધ પ્રકલ્પો દ્વારા સહિયારા પ્રયાસથી સંગઠીત થઈ નવા રઘુવંશી સમાજનું નિર્માણ કરીએ. સૌને દિવાળી શુભકામનાઓ સહ નૂતનવર્ષાભિનંદન.

**- શ્રી પંકજ ઓંધિયા (એડિશનલ કલેક્ટર)**
અધ્યક્ષ
એલએમપી, ગવર્નમેન્ટ ઓફિસર સમિતિ







# પર્યાવરણ, સજીવ ખેતી, સ્વચ્છ ઊર્જા અને જળ સંચય સમિતિ

પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જુન-૨૦૨૧માં બે અભિયાન ‘‘વાવનું જતન, જળનું સિંચન’’, તથા ‘‘વૃક્ષો વાવો, ધરતી બચાવો - ૨૦૨૧’’ શરૂ કરવામાં આવેલ છે. આ અભિયાન પ્રમાણે જુન મહિનામાં નીચે પ્રમાણે કાર્યક્રમો કરવામાં આવેલ.

**અંબાપુર, અડાલજ, જી. ગાંધીનગર**

આજરોજ તા. ૫-૬-૨૦૨૧ વિશ્વ પર્યાવરણ દિનને અનુલક્ષીને પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ‘‘વાવનું જતન, જળનું સિંચન ૨૦૨૧’’ અભિયાનની શરૂઆત કરવામાં આવી. સમગ્ર ભારતમાં આશરે ૫૦૦૦ જેટલી વાવો તથા કુંડો રહેલા છે. જે આપણી પૌરાણિક સંસ્કૃતિના જળ સંચય માટે આદર્શ નમૂના અને આશીર્વાદરૂપ છે. આથી આ અભિયાનની શરૂઆત અંબાપુર ગામ, અડાલજ રોડ, જી. ગાંધીનગર ખાતે આવેલ પૌરાણિક વાવની સફાઈ કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆતમાં વાવની પૂજા તથા વાવમાં આવેલ અંબેમાની મૂર્તિની પૂજા-આરતી કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ વાવની સફાઈ શરૂ કરવામાં આવી. પર્યાવરણની જાળવણીનું પ્રથમ પગથિયું સ્વચ્છતા હોઈ વાવની સફાઈ દ્વારા સ્વચ્છતા સંદેશ ફેલાવવામાં આવ્યો. આ નિમિત્તે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતીષભાઈ ડી. વિઠલાણી, મહામંત્રી શ્રી હરિશભાઈ બી. ઠક્કર, અધિક મંત્રી શ્રી હર્ષદરાય ઠક્કર, પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટ ભિમાણી, આઈ.ટી. કમિટીના અધ્યક્ષ શ્રી નિમેષ માણેક તથા આઈ.ટી. કમિટીના અન્ય સભ્યો તેમજ પર્યાવરણ સમિતિના સભ્યો નિલેશભાઈ ઠક્કર, જય ઠક્કર, વિજય ઠક્કર, ડૉ. રોહન ઠક્કર, ડો. મહેશ હાલાણી, મુકેશ ઠક્કર, ડો. શિવમ ઠક્કર, મનન ઠક્કર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અંબાપુર ગામના રહેવાસી શ્રી સાવન પટેલ તથા વાવની બાજુમાં આવેલ અંબે માના મંદિરના પૂજારીનો પણ આ કાર્યક્રમમાં પૂર્ણ સહકાર મળ્યો. તેમજ કલોલથી શ્રી વિજય પંચાલ તથા શ્રી દિનેશભાઈ પંચાલ તથા શ્રી દિક્ષેશભાઈ ગજ્જર પણ આ અભિયાનમાં જોડાયા હતા. કાર્યક્રમના અંતે શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી હરિશભાઈ ઠક્કર તથા શ્રી હર્ષદરાય ઠક્કરનું સન્માન શ્રી કિરીટભાઈ ભિમાણી દ્વારા ગ્રીન ખેસ પહેરાવીને કરવામાં આવ્યું અને શ્રી સતિષભાઈ વિઠલાણી દ્વારા ઉપસ્થિત તમામ સભ્યોને ગ્રીન ખેસ પહેરાવીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ચાલો આપણે સૌ ‘‘વાવનું જતન, જળનું સિંચન’’ અભિયાનમાં જોડાઈએ.
















## પોરબંદર

સ્વચ્છતા ત્યાં પ્રભુતાના આગ્રહી શ્રી ગાંધી બાપુના માર્ગને અનુસરીને શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી અને પર્યાવરણ સમિતિના પ્રમુખ શ્રી કિરીટભાઈ ભિમાણીની પ્રેરણાથી પર્યાવરણ સમિતિના નવા અભિયાન "વાવનું જતન, જળનું સિંચન" અંતર્ગત આજ રોજ પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાના શહેર પોરબંદરમાં આવેલ છાયાના ખોડિયાર માતાજીના મંદિરની વાવનું આજરોજ પૂજન અને સાફ સફાઈ કરવાનો કાર્યક્રમ રાખેલ હતો.

આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે છાયા લોહાણા સમાજના પ્રમુખ શ્રી લલિતભાઈ કોટેચા કે જે અમારા આમંત્રણને સ્વીકારી ને આવેલ હતા. તદુપરાંત આ કાર્યક્રમમાં જે અમારા પર્યાવરણ પ્રેમી મિત્રો હાજર રહેલ તેનો હું ભાર્ગવ મજીઠીયા રિજિયોનલ મંત્રી તથા શ્રી યોગેશભાઈ પોપટ રિજિયોનલ અધ્યક્ષ પોરબંદર આ તકે પધારેલ તમામનો આભાર માનીએ છીએ.

## ભુજ

૫મી જૂન, ૨૦૨૦૨૧ ના રોજ ભુજ પાલારા ખાસ જેલ મધ્યે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે જાયન્ટ્સ ગ્રુપ - ભુજ પ્રમુખ, મંત્રી, આઈપીપી સભ્યો, જેલ અધિક્ષક, જેલર, જેલ સ્ટાફ સાથે કાર્યક્રમ કરવામાં આવ્યો.

## ગાંધીધામ

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શ્રી કે. સી. ઠક્કર સાહેબ (પ્રમુખ કચ્છ વિભાગ) ના જન્મદિવસે ગાંધીધામ મુકામે ગુરૂકુળમાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવેલ. તેમાં શ્રી કે.સી. સાહેબ, વિભાગીય પ્રમુખ કચ્છ વિભાગ, લોહાણા મહાપરિષદ તથા શ્રી પ્રવિણભાઈ હાલાણી, પ્રમુખ પર્યાવરણ સમિતિ, ગાંધીધામ, શ્રી સુનિલભાઈ ઠક્કર - મત્રી પર્યાવરણ સમિતિ ગાંધીધામ વિભાગ શ્રી જયેશભાઈ ઠક્કર - ગૌરક્ષક શ્રી શ્રી ડૉ. કિશોરભાઈ ઠક્કર, પ્રમુખ વઢિયાર સાહિત્ય મંચ, શ્રી રવિભાઈ તન્ના, શ્રી ગૌરાંગભાઈ અખાણી, શ્રી નિલેશભાઈ ઠક્કર તથા રઘુવંશી શ્રેષ્ઠીઓ તથા મહિલા મંડળ હાજર રહેલ.

## માધાપર

શ્રી ભરતભાઈ ઠક્કરના પુત્ર રોહિતના જન્મદિવસે માધાપર ટેકરીવાળા મહાદેવ મંદિર ખાતે બિલિપત્રના રોપા વાવી શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે કચ્છ પર્યાવરણ સમિતિના દિલીપભાઈ સાથે મારા પરિવારજનો તથા પર્યાવરણ પ્રેમી મિત્રો સહ મંદિરનો સેવકગણ પણ હાજર રહ્યા હતા.

## જંગી, તા. ભચાઉ, કચ્છ

તા.૧૦-૬-૨૦૨૧ના રોજ કે. સી. ઠક્કર (વિભાગીય પ્રમુખ, કચ્છ)ના જન્મ દિવસે જંગી પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ વૃક્ષારોપણ કાર્યમાં ૧૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. તેમાં બોહળી સંખ્યામાં રઘુવંશી શ્રેષ્ઠીઓ, પર્યાવરણ સમિતિના સભ્યો તથા પર્યાવરણ પ્રેમી મિત્રો હાજર રહ્યા હતા. શ્રી કે. સી. ઠક્કર સાહેબ ૨૦૧૬ થી વૃક્ષારોપણ કરી જન્મદિવસની ઉજવણી કરે છે.





## વિદર્ભ સહ મધ્યભારત વિભાગ



(૧) અમરાવતી ખાતે તા. ૧લી જુન, અમરાવતી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી જયેશભાઈ રાજાના જન્મ દિવસે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. (૨) ૫મી જૂન ૨૦૨૧ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસના પર્યાવરણ સમિતિના અમરાવતી રિજનલ મંત્રી કિશોરભાઈ ઠક્કરના કાર્યાલય સામે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, જેમાં મહાનગર પાલિકાના સહાયક આયુક્ત અને અન્ય અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. (૩) વિશ્વ પર્યાવરણ દિવસના રોજ મહિલા પરિષદના મહિલા ઉદ્યોગ સમિતિના વિદર્ભ ઝોનના પ્રમુખ નેહાબેન રાજાના જન્મ દિવસે તેમના નિવાસસ્થાને જઇને વૃક્ષારોપણ કરેલ. (૪) ૬ જુનના રોજ અમરાવતીના પટેલ જ્ઞાતિના શ્રી ધીરજભાઈ પટેલના ઘરે એમની એનિવર્સરી નિમિત્તે વૃક્ષારોપણ કરેલ. (૫) ૮ જૂનના રોજ નરેશભાઈ પોપટની જન્મ દિવસે ૫૧ વૃક્ષો વાવી એમને જીવનના ૫૧ વર્ષ પૂર્ણ કરી ૫૨મા વર્ષમાં પ્રવેશ કરવા બદલ વધામણી સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સર્વે આયોજનોમાં મહાપરિષદના અમરાવતી રિજનલ પ્રમુખ ચંદ્રકાન્તભાઈ પોપટનું વિશેષ સહકાર્ય મળેલ. પર્યાવરણ સજીવ ખેતી અને સ્વચ્છ ઊર્જાના સમિતિના વિદર્ભ ઝોનના અધ્યક્ષ સુરેશભાઈ વસાણી, મંત્રી માનવભાઈ બુદ્ધદેવ, અમરાવતી રિજનલ પ્રમુખ ડૉ. ધીરેનભાઈ આડતિયા, મંત્રી શ્રી કિશોરભાઈ ઠક્કર, મહાપરિષદના રિજનલ મંત્રી ડૉ. નંદકિશોરભાઈ લોહાણા, મહાજન પ્રમુખ જયેશભાઈ રાજા, પર્યાવરણ સમિતિના સભ્ય અનિલભાઈ ગાથા, તથા ઍડ. ધર્મેશભાઈ સાગલાણી ઉપસ્થિત રહ્યા હતા.

## વિદર્ભ - અકોલા, ખામગાંવ

૫ જુન, ૨૦૨૧ ના રોજ રામેશ્વર વાલા મહારાજ વૃક્ષપ્રેમીની સાથે ૧૧ વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

## વિદર્ભ - અકોલા, નાંદુરા

લોહાણા મહિલા મંડળ, લોહાણા મહાજન નાંદુરા, માં જીજાઉ સાવિત્રી વિચાર મંચ અને વિઠલાણી મિત્ર મંડળ તરફથી અશોકભાઈ વિઠલાણીના જન્મ દિવસે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ભરતભાઈ બુદ્ધદેવ (ખામગાંવ), કાનાભાઈ બરાલિયા, નિવૃત્તિ બેલોકાર, નિલેશ બાંગરકર, લોહાણા મહિલા મંડળ અધ્યક્ષ સૌ. સરલાકાકી બરાલિયા, સૌ.કિરણ બેન, સૌ.પારૂલબેન, સૌ.કલ્પનાબેન, સૌ. લિનાબેન, સૌ. આરતીબેન, સૌ. દિપાબેન, સૌ.મેઘાબેન, કુ. તુલસી, ભક્તિ, રક્ષા, રોશની વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ



શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતીશભાઈ વિઠલાણીની પ્રેરણા થી તા. ૧ ઓગસ્ટ ૨૦૨૧, રવિવાર ના રોજ શીખ સમુદાયના શ્રી ગુરુ હરીકૃષ્ણ સાહેબજી ના પ્રકાશ પર્વ નિમિતે પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ તથા ગુરુદ્વારા શ્રી ગુરુ હરિકૃષ્ણ સાહેબજી, કૃષ્ણનગરના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ નો કાર્યક્રમ ગુરુદ્વારા ખાતે રાખવામાં આવેલ. આ પ્રસંગે ગુરુદ્વારા ની બહાર તેમજ ગુરુદ્વારા ની નજીકમાં આવેલ ૨ સોસાયટીમાં પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. તેમજ આ પ્રસંગે "વૃક્ષો વાવો – ધરતી બચાવો" ના સંદેશ સાથે આ બંને સોસાયટી માં પર્યાવરણ રેલી પણ નીકાળવામાં આવી.



આ પ્રસંગે પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ શ્રી કિરીટ ભીમાણી, ઝોનલ ઉપાધ્યક્ષ (ગુજરાત) શ્રી નિલેશ ઠક્કર, ઝોનલ મંત્રી (ગુજરાત) શ્રી જય ઠક્કર, રાષ્ટ્રીય કારોબારી સભ્યો શ્રી વિરેન ઠક્કર તથા શ્રી મનન ઠક્કર ઉપસ્થિત રહ્યા. તથા ગુરુદ્વારા પ્રબંધક કમિટીમાંથી શ્રી સતનામ સિંઘ, સંદીપ સિંઘ, અજીત સિંઘ, કેપ્ટન સિંઘ, ગુરમીત સિંઘ, ઈન્દ્રપાલ સિંઘ, પ્રેમ સિંઘ, જસવિન્દર કૌર, જગજીત કૌર, માયા બેન, ડો. આશિષ કૌર તથા શીખ સમુદાયના અન્ય ભાઈઓ-બહેનો મળી કુલ ૧૫૦ થી ૨૦૦ લોકો આ કાર્યક્રમ માં જોડાયા. પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ શ્રી કિરીટ ભીમાણી, ઝોનલ ઉપાધ્યક્ષ (ગુજરાત) શ્રી નિલેશ ઠક્કર, ઝોનલ મંત્રી (ગુજરાત) શ્રી જય ઠક્કર તેમજ સમિતિના તમામ સભ્યોનું શીખ સમુદાય દ્વારા પરંપરાગત ખેશ પહેરાવી તેમજ મેમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું.

પર્યાવરણ સમિતિ ના સભ્યો એ ગુરુદ્વારા પ્રબંધક સમિતિના સભ્યોની લાગણી ને માન આપીને ગુરુદ્વારામાં ચાલતા લંગરમાં શીખ સમુદાય સાથે બેસીને પ્રસાદ લીધો. આમ આ કાર્યક્રમમાં બે અલગ અલગ સમુદાય દ્વારા સુભગ સમન્વય થી પર્યાવરણ ને લગતી કામગીરી કરવામાં આવી.

પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ૨૫ જુલાઈ ૨૦૨૧ થી ૧ ઓગસ્ટ ૨૦૨૧ દરમ્યાન વિવિધ જગ્યાઓએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા શ્રી માનવ બુદ્ધદેવ, ઝોનલ મંત્રી (વિદર્ભ)ના જન્મ દિવસે અમરાવતી, મહારાષ્ટ્ર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. તેમાં બહોળી સંખ્યા માં પર્યાવરણ પ્રેમીઓએ હાજરી આપી.

લોહાણા મહાજન, ચંદરપુર, વિદર્ભ ખાતે લોહાણા સમાજ ના અગ્રણીઓ ની હાજરી માં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. ભુજ ખાતે પર્યાવરણ સમિતિ, કચ્છ ના સભ્યો દ્વારા જિતેન્દ્ર ઠક્કર, રાષ્ટ્રીય કારોબારી સભ્ય ની પ્રેરણા થી વૃક્ષારોપણ કરવામાં આવ્યું. ભુજ ખાતે શ્રી પરેશ ઠક્કર, રાષ્ટ્રીય કારોબારી સભ્ય ની પ્રેરણા થી કુમારી જેની પરેશ ઠક્કર ના જન્મદિન નિમિતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

શ્રી ભરત બુદ્ધદેવ તથા પર્યાવરણ સમિતિ ના અન્ય સભ્યો દ્વારા ખામેગાંવ, મહારાષ્ટ્ર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. ધંધુકા ખાતે લોહાણા મહાજન દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જેમાં પર્યાવરણ સમિતિ ના શ્રી રાજુભાઈ ઠક્કર તથા લોહાણા અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા.

રાધનપુરમાં રાષ્ટ્રીય કારોબારી સભ્ય શ્રી પ્રહલાદ તન્ના ની ઉપસ્થિતિમાં પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ તથા શ્રી રામ સેવા સમિતિ દ્વારા વૃક્ષારોપણ કરવામાં પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટ ભિમાણી જણાવે છે કે, પર્યાવરણ સમિતિ દ્વારા તા. ૦૫-૦૬-૨૦૨૧ થી શરૂ કરીને અત્યાર સુધી પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ ના "વૃક્ષો વાવો- ધરતી બચાવો – ૨૦૨૧" અંતર્ગત ભારતભારના વિવિધ વિસ્તારો માં ૨૫ થી વધુ જગ્યાઓએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. "વાવ નું જતન – જળ નું સિંચન" અંતર્ગત ૩ જગ્યાઓએ વાવ સફાઇ અભિયાન પણ કરવામાં આવ્યું છે. તેમજ પર્યાવરણ સમિતિ દ્વારા **"KNOW YOUR WASTE AND RECYCLE"** અભિયાન લોન્ચ કરવામાં આવ્યું. અને પર્યાવરણ સમિતિ માં અત્યાર સુધી સમગ્ર ભારતભરમાંથી ૭૦ જેટલા સભ્યો નો સમાવેશ કરવામાં આવ્યું છે.







# National Ewaste Recycling Programme

Under the leadership of Shir Satish Bhai Vithalani National Ewaste Recycling Programme has been launched by Shri Lohana Mahaparishad with Environment Committee. 3 launches have been done where Ewaste Bins were installed. First one was at Chintan Shibir at Ahmedabad from the hands of Smt Rashmi Ben Vithalani & Shri Satish Bhai Vithalani, Shri Mahendra Bhai Ghelani, Shri Jitu Bhai Thakkar, Shri Kirit Bhimani, Shri Karan Thakkar & Environment Committe. Second one at Shri Halai Lohana Balasharam from the hands of Shri Suresh Bhai Popat, Shri Chintan Bhai Vasani, Shri Nikhil Bhai Suba, Smt Jyoti Ben Thakkar, Shri Ram Bhai Ghadia, Shri Lalit Bhai Thakkar and other members from Environment Committee and Youth Committee and other one at Shri Lohana Bhavan at Navi Mumbai by Shri Satish Bhai Vithalani and Shri Dharmendra Bhai Karia and other dignatories from Navi Mumbai Lohana Samaj, Environment Committee & Youth Committee. On the occasions Shri Karan Thakkar, Environment Committee spoke about Ewaste Recycling challenges & opportunities and the importance of Environment Conservation. Ewaste is the waste that is generated from end of life Electronics & Electrical equipments. We are surrounded by gadgets, electrical, home appliances, toys etc. If not recycled scientifically it causes harm to the environment as it contains toxic substances like lead, mercury etc.Under the National Recycling Scheme the Samaj offices can work as a collection center. All the Ewaste generated by members and outsiders can be collected and deposited at the centers. The Ewaste will be collected and recycled by The Recycling Company. For every 1kg of Ewaste collected Rs 10 will be contributed to the respective Samaj. This will ensure that there are funds to conduct any events and also environment is protected









Karan Thakkar was felicitated for his work in the field of Environment & Recycling at Raj Bhavan by Hon Governor of Maharashtra Shri Bhagat Singh Koshyari



# પ્રાયમરી, સેકન્ડરી અને હાયર એજ્યુકેશન સમિતિ

## લાડુમા ધામેચા તથા યુવા અનસ્ટોપેબલના સહયોગથી ધોરણ ૧૦ પાસ લોહાણા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ યોજના

વર્ષ ૨૦૨૧ માં ધોરણ ૧૦ માં ૭૫ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરેલ હોય. પરિવારની વાર્ષિક આવક ૩ લાખ રૂ. થી ઓછી હોય તો તેવા સમગ્ર ભારતના કોઈ પણ રાજ્યમાં વસવાટ કરતા લોહાણા પરિવારના દીકરાઓ અને દીકરીઓ આગામી ૬ વર્ષ સુધી સ્કોલરશીપ યોજનાનો લાભ લેવા માટે જણાવવામાં આવેલ. જેમાં સંસ્થા દ્વારા લેવાનાર અભિયોગ્યતા કસોટી પાસ કરનાર યોગ્ય લાયક વિદ્યાર્થીને આવનાર ૬ વર્ષ માટે નિયમિત રીતે સ્કોલરશીપ મળશે.

## UPSC - GPSC કોચિંગ ઈચ્છુક ઉમેદવારોની પસંદગી માટે

તારીખ ૨૮ જૂન, ૨૦૨૧ ના રોજ સાંજે ૭ કલાકે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના અમદાવાદ કાર્યાલય ખાતે UPSC - GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેના કોચિંગ ક્લાસીસની વ્યવસ્થા, તે અંગેના ધારાધોરણ નક્કી કરવા માટે મિટિંગ મળી હતી.

આ મિટિંગમાં માતૃસંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ધર્મેશભાઈ હરિયાણી (C. A), મહામંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર (કેળવણીકાર), ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટ (C. A), ગવર્મેન્ટ ઓફિસર્સ સમિતિના અધ્યક્ષ શ્રી પંકજભાઈ ઓંધિયા (Additional Collector), ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ ડો. શ્રી નિરવભાઈ ઠક્કર, પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ ડો. જયેશભાઈ ઠક્કર હાજર રહ્યા હતા.

સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ GPSC/UPSC જેવી પરીક્ષાઓમાં પાસ થાય અને સમગ્ર લોહાણા સમાજ સરકારી ક્ષેત્રમાં આગળ વધે એ માટે ભારપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત તારીખ ૨૪ જૂન ૨૦૨૧ ના રોજ મીટીંગ યોજી પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી એ પણ આ અંગેના સચોટ નિર્ણય લેવા સૌને જણાવ્યું હતું.

જે અનુસંધાને શ્રી લોહાણા મહાપરીષદ દ્વારા UPSC - GPSC ઈચ્છુક ઉમેદવારની પસંદગી કરવા લેખિત તથા મૌખિક પરીક્ષા જે ૮ ઓગસ્ટ ૨૦૨૧ ના અમદાવાદ ખાતે રૂબરૂ લેવાનાર હતી તે સંદર્ભે મોટાભાગના ઉમેદવારની આ પરીક્ષા ઓનલાઈન માધ્યમથી ગોઠવવા માટેની વિનંતીને ધ્યાને લઇ તારીખ ૨૨ જુલાઈ ૨૦૨૧ ના રોજ શ્રી સતિષભાઈ વિઠલાણી, શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી વસંતભાઈ અનડકટ, ડૉ. નીરવ ઠક્કર, શ્રી નિમેષભાઈ માણેક, શ્રી ભારતભાઈ ઠક્કર તથા વૈભવભાઈ બુધ્ધદેવ ઝૂમ મીટીંગ માં મળેલ.



સૌ ઉમેદવારની આ માંગણીને ધ્યાને લઈ સમગ્ર પરીક્ષા ઓનલાઇન લેવામાં આવી હતી.

## શ્રી લોહાણા મહાપરિષદના મધ્યભારત ઝોન તથા આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર અંતર્ગત 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ પ્રેમયજ્ઞ' નું દિવ્ય તથા ભવ્ય ઓનલાઈન આયોજન




તા. ૨૯ મે, ૨૦૨૧ થી ૧ જૂન, ૨૦૨૧ પર્યંત સૌરાષ્ટ્રના દ્વારિકા સમીપ શ્રી વિશ્વનાથ વેદ પાઠશાળા - શ્રી વિશ્વનાથ ધામ, વડતરામાં સંપન્ન થયું. જેમાં પ્રથમ દિવસે વિશ્વ વંદનીય પૂજ્ય શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી) તથા પૂજ્ય શ્રીમગનભાઈ રાજ્યગુરુ (પૂ.બાપજી) નાં મંગલ આશીર્વાદ ની સાથે આપણા શ્રી લોહાણા મહાપરિષદનાં પ્રમુખ શ્રી સતીશભાઈ ડી. વિઠ્ઠલાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ એમ.ઠક્કર, આધ્યાત્મિક સમિતિનાં પ્રમુખ શ્રી ગિરીશભાઈ ડ્રેસવાલા તથા ઝોન ૧૧ નાં પ્રમુખ શ્રી કિશનભાઈ જે. મિરાણીનાં સુંદર ભાવસભર ઉદ્‌બોધન સાથે તથા શ્રી હરેશભાઇ રાજ્યગુરુ (ઓ..કાના...) નાં મધુર સ્વરમાં હનુમાન ચાલીસાનાં પાઠના સથવારે મધુર ભાગવત વક્તા પૂજ્ય શ્રી નરેશભાઈ રાજ્યગુરુ એ શ્રીમદ્ભાગવતજી નું દિવ્ય મંગલાચરણ કરી માહાત્મ્યની દિવ્ય ભાવવાહીની કથા શ્રોતાઓને શ્રવણ મંગલાચરણ કરી માહાત્મ્યની દિવ્ય ભાવવાહીની કથા શ્રોતાઓને શ્રવણ કરાવી. જેમાં આપશ્રીએ જણાવ્યું કે 'સંત અને ભગવંત' ની કૃપા જે જીવાત્મા ઉપર હોઈ એમના જીવનમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય નૃત્ય કરતા કરતા પધારે છે.

કથાનાં દ્વિતીય દિવસે પ્રારંભિક પૂજન તથા અતિથીઓનાં ભાવસંદેશ સાથે આપશ્રી એ પ્રથમ સ્કંધ કે જે અધિકાર લીલા છે તેમની રસમયી કથા માં જણાવ્યું કે દેવર્ષિ નારદજી ની દિવ્ય ભક્તિયુક્ત પ્રેરણા થી શ્રીવ્યાસજી એ સરસ્વતી નદી નાં કિનારે બેસી શ્રીમદ ભાગવતજી ની રચના કરી. જ્ઞાન ની ગંગા, ભક્તિ ની યમુના, કર્મની સરસ્વતી' ની દિવ્ય ચર્ચા કરી શ્રી શુકદેવજી નાં આગમન ની સાથે કથા વિરામ થઈ.

કથાનાં તૃતીય દિવસે આપશ્રી એ જણાવ્યું કે માણસ નું બાળપણ શ્રીકૃષ્ણ જેવું હોવું જોઈએ, યુવાની શ્રીરામ જેવી મર્યાદા વાન હોવી જોઈએ તથા વૃદ્ધાવસ્થા શ્રીબુદ્ધ જેવી અપરિગ્રહ હોવી જોઈએ સાથે શ્રીદત્તજન્મ, દક્ષચરિત્ર, ધ્રુવચરિત્ર આદિ કથા ની સાથે શ્રીનૃસિંહ પ્રાગટ્ય ની દિવ્ય કથા શ્રવણ કરાવી.

કથાના ચતુર્થ દિવસ એટલે પ્રાણપ્રભુનાં પ્રાગટ્ય નો દિવસ. જેમાં આપશ્રીએ જણાવ્યું કે, 'વિપ્ર, ધેનુ, સુર અને સંતનાં રક્ષણ માટે ભગવાન ક્યારેક શ્રી વામન, શ્રી રામ તો ક્યારેક શ્રીકૃષ્ણ બની ધરતી પર અવતરિત થતા હોય છે. નીતિ, રીતિ તથા ભગવતપ્રીતિ ની સુંદર વ્યાખ્યા બતાવી. આપણા ઈષ્ટદેવ શ્રીરામચંદ્રજીનાં પ્રાગટ્યની કથામાં 'શ્રીરામ ધર્મ, શ્રી ભરત વૈરાગ્ય, શ્રી શત્રુઘ્ન સદ્‌વિચાર, શ્રી લક્ષ્મણ વિવેકનું પ્રતિક છે તેમ દર્શાવી આનંદ સ્વરૂપ શ્રી કૃષ્ણચંદ્રજીનાં પ્રાગટ્ય (નંદ મહોત્સવ)નો દિવ્ય આનંદ સૌ વૈષ્ણવોએ લીધો.

કથાનાં પંચમ દિવસે આપશ્રી એ શ્રીકૃષ્ણચંદ્રજી ની દિવ્ય બાળલીલા માં પ્રભુનાં 'નામ, ધામ, લીલા, સ્વરૂપ' નું મહત્વ સમજાવી

With Best Compliments from



***Little More Pre School***

***Temple of Learning***

***For***

***Toddlers / Nursery***



**Add on Programmes**

**Speech And Drama From Trinity Team, U.K**

**i-Maths From UCMAS - Malaysia**

**Ground Floor, Gitanjali Bldg, Sir Bhalchandra Road,**

**Next to Pai Hospital, Matunga (E), Mumbai - 400 019.**

**Tel. : 022 - 24156789**

**DISHTI THAKKER : 9920209980**

**LITTLE MORE EDUCATION GROUP**

***E-mail : y_thakker@yahoo.com***

શ્રોતાઓ ને તરબોળ કર્યા. પ્રકૃતિની પૂજા એજ શ્રી ગોવર્ધન પૂજા, 'ગૌ માતાનું સંવર્ધન એજ શ્રી ગોવર્ધન પૂજા, ગીતા, ગાય અને ગોપીની મહત્તા સમજાવી શ્રી ગિરી ગોવર્ધનની માનસી પૂજાની સાથે કથા વિરામ થઈ હતી.




કથાનો ષષ્ઠમ્ દિવસ શ્રી કૃષ્ણ રુક્મિણી વિવાહ સાથે સાથે શ્રીવિશ્વનાથ વેદ પાઠશાળા ના પ્રણેતા પૂજ્ય બાપજી નો જન્મોત્સવ. આ દિવસે પૂજ્ય બાપજીનાં દિવ્ય આશિષની સાથે કથામાં આપશ્રી એ જણાવ્યું કે, વિવાહ એટલે જીવન પણ મન રાસ એટલે 'રસ સ્વરૂપ શ્રી કૃષ્ણ સાથેની દિવ્યક્રીડા, એક રસ અનેક રસો સાથે જે ક્રીડા કરે તે રાસ. જીવાત્મા તથા પરમાત્માનું દિવ્ય અલૌકિક મિલન તે રાસ. રાસ મહિમા તથા ગોપીગીત ની સાથે અન્ય લીલાઓ નાં દર્શન કરાવી ભગવાન શ્રીકૃષ્ણ નાં વિવાહ શ્રીરુક્મિણી સાથે શાસ્ત્રોક્ત પદ્ધતિ થી સંપન્ન કરાવ્યા અને હવે કથા નો સપ્તમ દિવસ એટલે કથા વિરામનો દિવસ. જેમાં જણાવ્યું કે શ્રીમદ્ ભાગવત એ મનુષ્યની આધ્યાત્મિક 'માં' છે. માં ના ૨ ચરણ, સમતા અને મમતા. માં ના ૨ હાથ અભય અને વરદાન. માં ની ૨ આંખો - કરુણા અને ક્ષમા. માં નું ૧ હૃદય - અમૃત. આ દિવ્ય ભાવ વ્યક્ત કરી સપ્તાહ ના સાત દિવસો નો સાર શ્રોતાઓ ને શ્રવણ કરાવડાવ્યો. સાથે જે હેતુ ને લઇ લોહાણા મહાપરિષદે કથા નું આયોજન કર્યું કે કોરોના મહામારીથી વિશ્વ મુક્ત થાય તથા જે આપડા રઘુવંશી પરિવાર માં કોરોના ને કારણે શ્રીજી ચરણ પામેલ હોઈ તેમના આત્મા નાં શાંતિ અર્થે વૈશ્વિક પ્રભુ પ્રાર્થના કરી સપ્તાહ નાં સાત દિવસો પ્રભુ ચરણોમાં સમર્પિત કર્યા.

---

## " બાલ સંસ્કાર ગુંજન"


વર્ષ ૬ થી ૧૨ ના બાળકો માટે બેનશ્રી નમસ્વી ભૂપ્તાણી દ્વારા ઘેર બેઠાં ઓન લાઈન ઝુમ માધ્યમથી આપણી સંસ્કૃતિનું દર્શન અને બાળકોમાં સંસ્કાર સીંચન માટે વિશેષ આ રવિવાર ૧૩ થી છ રવિવાર રાખવામાં આવેલ.

સંતરામ મંદિર-નડિયાદના પૂજ્ય સંત નિર્ગુણદાસજી મહારાજના પુનિત આશિર્વચન પ્રથમ પ્રાપ્ત થયા હતા. બાલ સંસ્કાર ગુંજન " નું મુખ્ય લક્ષ્ય અમારૂં રહેશે બાળકોમાં ધાર્મિક જાગૃતિની ઉર્જા, સંસ્કાર જે આજના વિચારો સાથે રાખી સાચી દિશા તરફ આગળ વધી શકીયે. જે ધ્યેય રાખી કાર્યક્રમો યોજાશે.

**બાળ શિક્ષણ**

નાની ઉમ્મરના બાળકમાં અરસ્પરસ વાર્તાલાપ, ભાવનાત્મકતા અને શારીરિક ઉત્થાન સહુથી જરૂરી બની રહે છે. બાળક નું હળવું ભળવું, ત્વરાથી માનસિક વિકાસ જે તેના જન્મ પહેલાંથી જ અને શિશુ અવસ્થામાં હોય છે. હકીકત જોઈએ તો મગજ હરપળે વિકસતું હોય છે અને વયસ્ક ઉમ્મરે, પ્રથમ આઠ વર્ષો પાયાનું ચણતર કરતા હોય છે જેથી ભવિષ્ય શારીરિક અને જીવન ઉત્કર્ષ તરફ આગળ વધી શકે.

આધુનિક માનસિક અને ન્યુરોલોજીસ્ટ સ્નાયુ વિજ્ઞાન ના હિસાબે બાળકનું મગજ ૯૦% વયસ્ક મગજશક્તિ વર્ષ ૭ થી માની શકાય છે. આથી ઉમ્મર એકધારા ન્યુરીયલ સ્નાયુ તંત્રીક કાર્ય શિશુમાં જણાય છે.


With Best Compliments from
Sushma Thakker
EDUCATIONIST
1) PHONETICS
2) GRAMMAR
3) MATHS
4) IPM
5) INTEGRATEO ENGLISH LANGUAGE (IEL)
Ishkrupa Bldg., 1st Floor,
Next to Astika Samaj Temple,
Opp. Pramanik, Bhandarkar Road,
Matunga, King's Circle,
Mumbai - 400 019.
Tel No - 022 - 24079729
(Little More Education Group)
E -mail : y_thakker@yahoo.com

જયારે આપણને સમજ છે જ કે જીવ વિજ્ઞાન જ્ઞાન મુખ્ય બુદ્ધિ કે માનસિક વિકાસ માટે જવાબદાર હોય છે. આપણું સંપૂર્ણ ધ્યાન આપણા નાના બાળક ના માનસિક ઝડપી વિકાસ તરફ સતત કેન્દ્રીત રહેતું હોય છે.

શ્રી લોહાણા મહાપરિષદ આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર અંતર્ગત " બાલ સંસ્કાર ગુંજન" ના છ રવિવારના અંતિમ ૧૮ જુલાઈએ રવિવારે ૧૫૦ થી વધુ બાળકો ઝુમ માધ્યમથી ભેગા થયા હતા .

લોહાણા મહાપરિષદ ના ગૌરવ ગીતથી શરૂઆત કરાય હતી.

બેનશ્રી નમસ્વી ભૂપ્તાણીએ પ્રથમ ગણેશ વંદના અને ત્યારબાદ મંગલાચરણ ૬ થી ૧૩ વર્ષના બાળકો દ્વારા કરાવ્યું હતું. ૭૫ જેટલા બાળકોએ સરસ શ્લોક અને ભજન મોકલ્યા છે તેઓ સહુને પોસ્ટ દ્વારા લેમીનેટેડ સર્ટિફિકેટ મળશે અને ત્રણ શ્લોક અને ત્રણ ભજન સ્પર્ધા ના વિશેષ સન્માન માટે લોહાણા મહાપરિષદ આધ્યાત્મિક કેન્દ્ર દ્વારા સુંદર મોમેન્ટો ટ્રોફી કુરીયરથી મોકલાય છે" તેની જાહેરાત નમસ્વીબેન દ્વારા કરાય હતી.

સહુ ઉપસ્થિતોએ તાળીઓથી ખુશી વ્યક્ત કરી હતી. આજના આ પુનિત પૂર્ણાહુતિ પ્રસંગે ઉમરેઠ સંતરામ આશ્રમ થી નમસ્વીબેના ગુરૂ પૂજ્ય મહંત સ્વામીશ્રી ગણેશદાસજી મહારાજ ઝુમ માધ્યમથી પધાર્યા હતા જેની જાહેરાત આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્રના શ્રી ગિરીશભાઈ ડ્રેસવાલાએ કરી હતી અને તેમનો પરિચય બેનશ્રી નમસ્વીએ આપ્યો હતો. તે પૂર્વે લોહાણા મહાપરિષદ ના પ્રમુખશ્રી સતિશભાઈ વિઠલાણીએ તેઓના ભાવ પ્રગટ કર્યા હતા.

નમસ્વીબેનના આ સંનિષ્ઠ પ્રયાસ ને તેઓએ ખૂબ જ બિરદાવી હતી અને વિશ્વભરના લોહાણા આ વિજેતા સર્વ છ બાળકોની ક્લીપ વિશ્વભરના લોહાણા જ્ઞાતિના સભ્યોને મોકલવા માટે વૈભવભાઈ તથા શ્રી ભરતભાઈ ઠક્કરને જણાવ્યું હતું. વધુમાં શ્રી ગિરીશભાઈ તેમના પિતાશ્રી હરીભાઈ ડ્રેસવાલાના પગલે ચાલી રહ્યા છે તેની ખુશી વ્યક્ત કરી હતી.

ઉમરેઠના સંતરામ મંદિરના દર્શન સહુએ કર્યા હતા. પૂજ્ય મહંત ગણેશદાસજી મહારાજે "બાલ સંસ્કાર ગુંજન" બાળકો માટે આર્શિવાદ રૂપ છે અને આ છ રવિવારની માફક વધુ સત્સંગ બાળકોને મળે તેવી ઈચ્છા વ્યક્ત કરી. નમસ્વીબેનના સંસ્કારી કુટુંબ સાથે જે રીતે ગિરીશભાઈ જોડાયને આવા સુંદર કાર્યો કરી રહ્યા છે અને સાથે જેઓ જોડાયા છે સહુને આર્શિવાદ આપ્યા હતા.

સંતોના આર્શિવાદથી છેલ્લા ૬ રવિવાર ના બેનશ્રી નમસ્વીબેન બાળકોમાં સંસ્કાર માટે યોગ, ધાર્મિક વાર્તા વગેરે કરી રહ્યા છે તે માટે આનંદ વ્યક્ત કર્યો હતો. જે છ બાળકોને વિશેષ પારિતોષિક ની જાહેરાત પ્રમુખ શ્રી સતિશભાઈ વિઠ્ઠલાણી દ્વારા કરાઈ હતી તે નીચે મુજબ છે .

આ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર ના પ્રમુખ શ્રી ગિરીશભાઈ ડ્રેસવાલા દ્વારા કરાયું હતું. બેનશ્રી નમસ્વીબેન ભૂપ્તાણીનું સુંદર મોમેન્ટો દ્વારા અભિવાદન કરાયું હતું. ખૂબ જ ઉત્સાહના વાતાવરણ સાથે ઝુમ મિટીંગની પૂર્ણાહુતિ થઈ હતી.

## WINNERS IN BHAJAN

1) Shlok Popat
2) Bhavi Bhagdev
3) Disha Ruparel

## WINNERS OF SHLOK RECITATION

1) Laher Thakkar
2) Saumya Badiyani
3) Jiyanshi Bhinde

તમામ વાચકો અને જ્ઞાતિજનોને દિવાળીની હાર્દિક શુભેચ્છા અને નુતન વર્ષાભિનંદન

# શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ

૯-૧૦, ઠાકુરદ્વાર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોનઃ ૨૩૮૨૪૨૧૫ / ૨૩૮૨૧૦૯૨
E-mail: halailohanamahajan@yahoo.co.in

**પ્રમુખ**
શ્રી સતિષભાઇ જમનાદાસ દત્તાણી

**ઉપપ્રમુખ**
શ્રીમતી મિનાબેન પ્રકાશભાઇ ઠક્કર

**મેને.ટ્રસ્ટી**
શ્રી ડૉ. સુરેશભાઇ અમૃતલાલ પોપટ

**જો.મેને.ટ્રસ્ટી**
શ્રી મહેશભાઇ લીલાધર સામાણી

**ટ્રેઝરર ટ્રસ્ટી**
શ્રી રાજેશભાઇ કાકુભાઇ ગણાત્રા (ભગત)

**માનદ્ મંત્રી**
શ્રી હિતેશભાઇ અમૃતલાલ દત્તાણી

**માનદ્ મંત્રી**
શ્રી નિખિલભાઇ મનસુખલાલ સુબા

**ટ્રસ્ટમંડળ**
શ્રી સતિષભાઇ જમનાદાસ દત્તાણી
શ્રી હિતેનભાઇ ગોવિંદજી કોટેચા
શ્રી ડૉ. સુરેશભાઇ અમૃતલાલ પોપટ
શ્રી રાજેશભાઇ કાકુભાઇ ગણાત્રા (ભગત)
શ્રીમતિ પ્રજ્ઞાબેન દિલીપભાઇ મોરઝરીયા
શ્રી ધીરેન્દ્રભાઇ ગોવિંદજી કોટક
શ્રી પિયુષભાઇ ગંગારામ ગંઠા
શ્રીમતિ મીનાબેન પ્રકાશભાઇ ઠક્કર
શ્રી મહેશભાઇ લીલાધર સામાણી
શ્રી અશોકભાઇ મગનલાલ ચોટાઇ
શ્રી વિનોદભાઇ અમૃતલાલ શીંગાળા

**જનસંપર્ક અધધિકારી**
શ્રી રાકેશભાઇ વલ્લભદાસ કાનાબાર

## મહાજન સંચાલીત ટ્રસ્ટો

- શ્રી હાલાઈ લોહાણા મહાજન ટ્રસ્ટ મુંબઈ
- શ્રીમતિ રાધાબાઈ નિવાસ ટ્રસ્ટ
- પુરીબાઈ તે શેઠ ભગવાનદાસ વિશ્રામના વિધવાનું ચેરીટેબલ ટ્રસ્ટ
- શ્રી હાલાઈ લોહાણા મહાજન - આરોગ્ય નિધિ ટ્રસ્ટ
- શ્રી નારણદાસ ધનજી ધરમશી વાડી ટ્રસ્ટ
- શ્રી મગનલાલ હિંમતરામ બરફીવાળા ચેરીટી ટ્રસ્ટ
- શ્રી વિઠ્ઠલદાસ કરસનદાસ ગોવિંદજી,
- શ્રી જેશંગભાઈ ગોકલદાસ અને શ્રી ગિરધર જેઠાભાઈ ટ્રસ્ટ
- શ્રીમતિ (શાંતાબેન) હસમુખબાળા ડાહ્યાલાલ કોટેચા મુંબઈ હાલાઈ લોહાણા એજ્યુકેશન ટ્રસ્ટ

# શ્રી લોહાણા મહાપરિષદ – આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર દ્વારા સંત પૂજ્ય શ્રી જલારામ બાપાનું વક્તા શ્રી હરિભાઈ પોપટ દ્વારા ઓનલાઇન ગૌરવ સ્તુતિ ગાન "શ્રી જલારામ આખ્યાન"



ગૃહસ્થાશ્રમમાં રહીને ભૂખ્યાને અન્ન નો સદમાર્ગ બતાવી જેઓએ વિશ્વમાં "જલા તું તો અલ્લાહ કહેવાણો" થી અમર રહ્યા છે તે જલારામ બાપાનો પરચો જેઓએ અનુભવ્યો છે તેવા ૮૪ વર્ષે પણ બુલંદ અવાજ અને પાવક વાણીનો પરિચય શ્રી હરિભાઈ પોપટ ૧૭ અને ૨૪ જૂન ૨૦૨૧ તારીખના ગુરુવારે ઝુમ અને ફેસબૂક દ્વારા સેંકડો લોહાણાઓ એ વીરપુરવાસી ના પ્રવચન અને ભજન દ્વારા આખ્યાનનો આસ્વાદ માણ્યો.

આ સફળ આખ્યાનનો સુવિચાર શ્રી લોહાણા મહાપરિષદ આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર ના શ્રી ગિરીશભાઈ ડ્રેસવાલાને આવ્યો જેથી અનેક જ્ઞાતિભાઈ બ્હેનોને આ પરમ લાભ પ્રાપ્ત થયો. શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિશભાઈ વિઠ્ઠલાણી એ શ્રી હરિભાઈ પોપટના ભાવ પૂર્ણ આખ્યાનને બિરદાવ્યું હતું. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદ ના ઉપ પ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કરે આ સુંદર પ્રવચનધારા સહુ ઘર બેઠાં માણી શક્યા તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

ગિરીશભાઈ ડ્રેસવાલાએ સરસ બે કડી 'ધૂણી રે ધખાવી હરિએ જલા તારા નામની' ગાઈ સંભળાવી અને આ કાર્યક્રમ માટે શ્રી હરિભાઈ પોપટ સાથે વાજીંત્રમાં સાથ આપનારા જીતુભાઈ તથા તેમના ભાઈ રઘુવીર ઉપરાંત લાઈવ પ્રસારણ માટે શ્રી વૈભવભાઈ બુદ્ધદેવ તથા શ્રી ભરતભાઈ ઠક્કરનો આભાર માન્યો હતો. આ સાથે ૨૬ જૂનના શનિવારે "સુન્દર કાંડ" પાઠ ૫ થી ૮:૩૦ શ્રી આદિત્ય યાજ્ઞિક જી દ્વારા થશે તેની જાણકારી આપી હતી.

## મધ્યભારત ઝોન


માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ની પ્રેરણાથી આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર અને મધ્યભારત ઝોન દ્વારા વૈશ્વિક મહામારી કોરોના સમગ્ર વિશ્વમાંથી નાબુદ થાય તેમજ સમગ્ર વિશ્વમાં વસતા લોહાણા પરિવારમાં કોરોના મહામારીથી શ્રીજીચરણ પામેલ જીવાત્માઓના મોક્ષાર્થે તારીખ ૨૬ મે, ૨૦૨૧ થી ૧ જૂન, ૨૦૨૧ સુધી પૂ. શ્રી નરેશભાઈ રાજયગુરુ મહારાજના શ્રીમુખે ઓનલાઈન યોજાયેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાયેલ.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરીષદની પ્રેરણાથી યોજાયેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞમાં રઘુવંશી દાતાશ્રીઓ તરફથી ડોનેશન રૂ. ૧૬,૮૪,૫૪૦/- પ્રાપ્ત થયેલ છે, જેની સામે ખર્ચ રૂ. ૫,૫૭,૦૦૦/- થયેલ.

આમ, કુલ રૂ. ૧૧,૨૭,૫૪૦/- ની રકમ શ્રી લોહાણા મહાપરિષદને બચત થયેલ છે જેને આરોગ્ય સહાય અને શિક્ષણ સહાયના સેવાયજ્ઞમાં જરૂરિયાતમંદ પરિવારોને ફાળવવામાં આવશે.

*With Best Compliments from...*

# SHREEJI SHIPPING





- STEAMSHIP AGENTS
- STEVEDORES
- FORWARDING AGENTS
- HANDLING CONTRACTOR
- TRANSPORT CONTRACTOR
- SHIP & BARGE OWNERS
- OPERATOR CHARTERS

| | |
|---|---|
| MR. ASHOK H. LAL | MR. JITENDRA H. LAL |
| MR. MITESH A. LAL | MR. KRISHNARAJ J. LAL |
| MR. VIRAJ A. LAL | MR. KEDAR J. LAL |

**:: HEAD OFFICE ::**

SHREEJI HOUSE
502, Rassaz Castle,
Andheri (East),
Mumbai

**:: ADMINISTRATIVE OFFICE ::**

SHREEJI SHIPPING
"Shreeji House" Town Hall Circle, Jamnagar - 1, Gujarat - INDIA
Tel. : +91-288-2553331-2673331 • Fax : +91-288-2556825
E-mail : shreeji@shrejishipping.in
Web : www.shreejishipping.in

# નવસારીના આંગણે શનિવાર ૧૭ જુલાઈ ૨૦૨૧ ના રોજ સમગ્ર દક્ષિણ ગુજરાતની રઘુવંશી સંસ્થાઓનું સ્નેહ મિલન યોજાયું



સમાજની વિવિધ સંસ્થાઓ એક છત્ર હેઠળ આવી સંગઠીત બને તેવા હેતુથી નવસારી સમસ્ત લોહાણા મહાજન દ્વારા ગત શનિવાર તારીખ ૧૭ જુલાઈ ૨૦૨૧ ના રોજ સ્નેહમિલન નું આયોજન કરવામાં આવ્યું હતું. લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી તેમજ મહિલા અધ્યક્ષા શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ મહાપરિષદના વિઝન અને મિશન ની વિશદ છણાવટ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. દક્ષિણ ગુજરાત ઝોનલ મંત્રી શ્રી જીતુભાઇ દક્ષિણીએ મહાપરિષદ દ્વારા ચાલતી આરોગ્ય તથા શિક્ષણ સહાય વિશે માહિતી આપી પોતાની આગવી શૈલીમાં ભાગ્યશાળી દાતા યોજનામાં વધુ લોકો જોડાય તે માટે અનુરોધ કર્યો હતો. નવસારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી મહેશભાઈ રૂપારેલિયા અને તેમની ટીમ, મહિલા મંડળ, અને યુવા ટીમ દ્વારા ખુબ સુંદર વ્યસ્વસ્થા કરવામાં આવી હતી. જેમાં ઝોનલ પ્રમુખશ્રી શૈલેષભાઈ સોનપાલનું સતત માર્ગદર્શન મળતું રહ્યું હતું.

આ કાર્યક્રમ માં શ્રી લોહાણા મહાજન, વાપી ને પણ વિશેષ આમંત્રિત કરાયા હતા. દક્ષિણ ગુજરાત ઝોનલ પ્રમુખ શ્રી શૈલેષભાઇ સોનપાલ, ઝોનલ મંત્રી શ્રી જીતુભાઈ દક્ષિણી, અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ધનવાનભાઈ કોટક, ઝોનલ મહિલા પ્રમુખ શ્રીમતી પ્રજ્ઞાબેન રાજા, સ્કિલ ડેવલોપમેન્ટ કમિટીના અધ્યક્ષ શ્રી જીગ્નેશભાઈ ભજીયાવાળા, કલ્પનાબેન ઠક્કર, ઉષાબેન હિરાણી,ઝોનલ યુવા પ્રમુખ શ્રી નીરવ ઠક્કર, સુરત રીઝનલ મંત્રી વી પી પાનવાલા,વાપી થી શ્રી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ દેવાણી, શ્રી લોહાણા મહિલા મંડળના પ્રમુખ શ્રી કિશોરીબેન ધનેશા, શ્રી લોહાણા યુવક મંડળના પ્રમુખ શ્રી મયુરભાઈ ચગ અને લોહાણા મહાજનના સહ મંત્રી શ્રી વિરાજભાઈ દક્ષિણી, સુરત ઘોઘારી લોહાણા મહાજન પ્રમુખ શ્રી ઉમંગભાઈ પાબારી, શ્રી સુરત મહાજન પ્રમુખ શ્રી મુકેશભાઈ ઠક્કર, કિશોરભાઈ પોપટ, જલારામ મંદિર સુરતના શ્રી બકુલભાઈ જીવરાજાની, કચ્છી લોહાણા મહાજન પ્રમુખ શ્રી દિલીપભાઈ કોટક, શ્રી હિતેષભાઇ વડેરા, શ્રી રસીકભાઇ સયાણી, સુરત મહિલા મંડળના શ્રી મધુબેન ઠક્કર, શ્રી પારૂલબેન પાનવાલા, વલસાડ રીઝનલ પ્રમુખ શ્રી કિશોરભાઈ પોપટ, વલસાડ લોહાણા મહાજન ના પ્રમુખ શ્રી મનીષભાઈ મંજીઠીયા, મંત્રી શ્રી નરેન્દ્રભાઈ માખેચા, શ્રી નિલેશભાઈ ઠક્કર, ધરમપુર હાલાઈ લોહાણા મહાજન પ્રમુખ શ્રી બકુલભાઈ ખખ્ખર, રમેશભાઈ રાંચ, ઉમરગામ મહાજન પ્રમુખ શ્રી વિશાલભાઈ તન્ના, વલસાડ જિલ્લા પંચાયતના એક્સ-મેમ્બર શ્રી કમલેશભાઈ સોનપાલ, સિલવાસા મહાજન પ્રમુખ શ્રી ધર્મેશભાઈ ઠક્કર, સેક્રેટરી શ્રી આશિષભાઇ રાજાણી તથા દક્ષિણ ગુજરાત ના વિવિધ મહાજનોના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મહેમાનો માટે ભોજન પ્રસાદની ખુબ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.






# આણંદના આંગણે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના માનનીય પ્રમુખ શ્રી સતીશભાઈ વિઠ્ઠલાણી તથા સર્વ હોદ્દેદારોની શુભેચ્છા મુલાકાત

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતીશભાઈ વિઠ્ઠલાણી, ઉપપ્રમુખ શ્રી ધર્મેશભાઈ હરીયાણી એ જ્ઞાતિ ઉત્થાનના કાર્યોને વેગ આપવા મહાપરિષદના અન્ય હોદેદારો સાથે મધ્ય ગુજરાત ઝોનના આણંદ તથા ખેડા રીજીયન ની શુક્રવાર તારીખ ૧૬ જુલાઈ, ૨૦૨૧ ના રોજ મુલાકાત લીધી.



સૌપ્રથમ સવારે ૮:૩૦ કલાકે આણંદ તથા ખેડા ના રીજનલ પ્રમુખ શ્રી પરેશભાઈ કારીયા ના નિવાસ્થાને સૌ મહાજન મોવડીઓનું ભાવભીનું સ્વાગત કરાયું. શ્રી લોહાણા મહાપરિષદના ખજાનચી વસંતભાઈ અનારકટ, મધ્ય ગુજરાત ઝોનના ઝોનલ પ્રેસિડેન્ટ શ્રી અશોકભાઈ ગઢીયા, અધિક મંત્રી શ્રી હર્ષદરાય ઠક્કર, મધ્ય ગુજરાત ઝોનના ઝોનલ મંત્રી શ્રી નીતીનભાઈ ઠક્કર, શ્રી ભરતભાઈ ઠક્કર પણ આ સમયે પધાર્યા હતા. એ સર્વે મહાનુભાવોનું સ્વાગત કરવા આણંદ ના રીજનલ મંત્રીશ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી લોહાણા મહાજન આણંદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ ઠક્કર, શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજન ના પ્રમુખ શ્રી જયેશભાઈ કારીયા, શ્રી લોહાણા મિત્ર મંડળ ના પ્રમુખ શ્રી બકુલભાઈ, શ્રી રઘુવંશી લોહાણા મહાજન વડોદરાના મહામંત્રી શ્રી નીલેશભાઈ વિઠ્ઠલાણી તથા શ્રીમતી વર્ષાબેન વિઠ્ઠલાણી, શ્રી રાજેન્દ્રભાઈ મજીઠીયા, શ્રી મહેન્દ્રભાઈ રાયચા, શ્રી ચંદ્રકાંતભાઈ તન્ના પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતની ગરિમાને શોભે તેવું સ્વાગત શ્રી પરેશભાઈ કારીયાના કુટુંબીજનો દ્વારા કરવામાં આવ્યું. આ તબક્કે વડીલ શ્રી હસમુખભાઈ કારીયાએ મહાપરિષદના પ્રમુખશ્રી તથા ઉપપ્રમુખશ્રીનું સાલ અને મોમેન્ટો થી શુભેચ્છા અર્પી જ્ઞાતિ સેવાના તેમના ભગીરથ કાર્યને બિરદાવ્યા હતા.

વિદ્યાની નગરી વિદ્યાનગરમાં પ્રમુખશ્રી સતીશભાઈએ કાર્યક્રમની શરૂઆત છાત્રાલયની મુલાકાતથી કરી હતી. શ્રી લોહાણા વિદ્યાર્થી ભવનમાં શ્રી મહેન્દ્રભાઈ રાયચા, શ્રી પ્રવીણભાઈ ઠક્કર તથા શ્રી કે.આઈ. ઠક્કર એ માતૃસંસ્થાના પ્રમુખ શ્રી નું સ્વાગત કર્યું તેમજ શ્રી ચંદ્રકાંતભાઈ તન્નાનાએ સંસ્થાનો પરિચય આપ્યો હતો. પ્રમુખ શ્રી સતિષભાઈ એ વિદ્યાર્થીઓને અપાતી સવલતો અંગે માહિતી મેળવી અને ત્યારબાદ લોહાણા જ્ઞાતિના શિક્ષિત યુવાધનને બેરોજગારીનો સામનો ના કરવો પડે તે માટેની યોજના માટે સુશ્રી વર્ષાબેન તથા શ્રી રાજેન્દ્રભાઈ મજીઠીયા સાથે વિચાર વિમર્શ કરી યોજનાનો અમલ કરવાની શરૂઆત કરી હતી.



શ્રી લોહાણા મહાપરિષદના મહત્વના ઉદેશ્ય શિક્ષણ અને કેળવણીને ધ્યાનમાં રાખી સવારે ૧૧:૦૦ કલાકે શ્રી જલારામ કન્યા છાત્રાલયની મુલાકાત લીધી. જ્યાં ગૃહ માતા શીલાબેન, રીટાબેન ઠક્કર અને વિદ્યાર્થિનીઓએ સર્વે મુલાકાતીઓનો સ્નેહસભર સત્કાર કર્યો હતો.

જ્ઞાતિની વિદ્યાર્થીનીઓના મધુર કંઠે ગવાયેલ પ્રાર્થના તથા સાદરાની સાહેબના સ્વાગત પ્રવચન બાદ શ્રી ચંદ્રકાંતભાઈ તન્ના તથા શ્રી કે.આઇ. ઠક્કર સાહેબના પ્રાસંગિક ઉદબોધન થકી છાત્રાલયની પ્રવૃત્તિઓથી પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તથા સર્વે મોભીઓને માહિતગાર કર્યા હતા.







ત્યારબાદ શ્રી આણંદ લોહાણા મહાજન વાડીની મુલાકાત લીધી, ત્યા શ્રી પ્રવીણભાઈ ઠક્કર અને કારોબારી સમિતિના સભ્યોએ સૌનું સ્વાગત કર્યુ અને શ્રી પ્રવીણભાઈ ઠક્કરે સ્વાગત પ્રવચન કર્યુ. પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠ્લાણી એ તેમજ શ્રી ધર્મેશભાઈ હરીયાણી એ શ્રી લોહાણા મહાપરીષદના કાર્યો વિષે સૌને માહિતગાર કર્યા અને શ્રી પ્રવીણભાઈ ઠક્કરની મધ્ય ગુજરાત ઝોનના ઝોનલ ઉપપ્રમુખ તરીકે નિમણુંક કરીને તેમનું બહુમાન કર્યુ હતું અને તેમને પીન અર્પણ કરી. તેમજ શ્રી પરેશભાઈ કારીયા, શ્રી ભરતભાઈ, શ્રી મગનભાઈ રૂપારેલ નું પણ બહુમાન કર્યુ હતું.

આણંદ જિલ્લાના કલેકટર શ્રી દક્ષિણી સાહેબની વિશેષ મુલાકાત રીજનલ પ્રેસિડેન્ટ શ્રી પરેશભાઈ કારીયા તથા ઝોનલ ઉપપ્રમુખશ્રી પ્રવીણભાઈ ઠક્કર, શ્રી વસંતભાઇ, શ્રી રાજેન્દ્રભાઇ દ્વારા કરવામાં આવી. આ મુલાકાત દરમિયાન ગુજરાતના જરૂરિયાતમંદ કુટુંબો માટે "માં કાર્ડ" ની ઉપલબ્ધિ કરાવવાનું નક્કી કરવામાં આવ્યું તથા લાગુ પડતી સરકારી સેવાઓનું લાભ લેવા માટેનું આયોજન વિચારવામાં આવ્યું

ત્યારબાદ સમગ્ર ટીમ દ્વારા સ્પોર્ટ્સ સંકુલની મુલાકાત લીધી. શ્રી મયુરભાઈ કોટકે સૌને આવકાર્યા હતા અને રમતગમત સમિતિના ઉપાધ્યક્ષ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. ત્યારબાદ અમુલ ડેરી અને તેના ચોકલેટ પ્લાંટ ની મુલાકાત લીધી.

ત્યારબાદ શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજન ની મુલાકાત લીધી ત્યા શ્રી જયેશભાઈ કારીયા પ્રમુખશ્રી એ તેમજ કારોબારી સમિતિના સભ્યો અને તેમના ટ્રસ્ટીશ્રીઓએ સૌનું સ્વાગત કર્યુ અને યોગા કેમ્પની મુલાકાત લીધી ત્યા શ્રી રાજેશભાઈ કારીયા અને રીનાબેનએ પ્રોત્સાહીત પ્રવચન આપ્યું.

વાડીમાં શ્રી સતીષભાઇ સાહેબને સંસ્થાનો પરીચય આપ્યો અને શ્રી લોહાણા મહાપરીષદની કાર્યવાહીની ઝાંખી આપી. શ્રી લોહાણા મિત્ર મંડળ આણંદ પ્રમુખ બકુલભાઈ ઠક્કર, શ્રી જયેશભાઈ ઠકરાર, શ્રી રાજેશભાઈ કારીયા, શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી પરેશભાઈ કારીયા તેમજ મંત્રી શ્રી ભરતભાઈ ઠક્કરે પણ મોમેન્ટો આપી આભાર વ્યકત કર્યો હતો.



पोपट Plus..
YE NAMKEEN
HAI LIGHT
Navratan Mixture
Tea Time
Lite Chiwda
Any Time Snacks Namkeen
Punjabi Dal
MURUKKU
Namkeen
Factory :
Mahasamund (Chhattisgarh)
पोपट Plus..
POPAT
CAFÉ & RESTRO
: Company Outlet :
• Marine Drive, Beside Ishwari Plaza, Telibandha, Raipur (C.G.) M : 91797 31799
• Near Kanwar Ram Chowk, Opp. Shiv Mandir, Katora Talab, Raipur (C.G.)

# શ્રી લોહાણા મહાપરિષદ નિર્વાસિત ગૃહ અને મહિલા ઉદ્યોગ ગૃહ ટ્રસ્ટની માતૃસંસ્થાના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી દ્વારા શુભેચ્છા મુલાકાત

તારીખ ૨૭ જૂન ૨૦૨૧ ના રવિવારે મુલુંડ ખાતે આવેલ શ્રી લોહાણા મહાપરિષદ નિર્વાસિત ગૃહ અને મહિલા ઉદ્યોગ ગૃહ ટ્રસ્ટની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે માતૃસંસ્થાના ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર, નિર્વાસિત ગૃહના ટ્રસ્ટીશ્રીઓ શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી પ્રવીણભાઈ દૈયા, શ્રી યોગેશભાઈ ઠક્કર અને ડો. જીવરાજભાઈ ઠક્કર તેમજ શ્રી લોહાણા મહાપરિષદના પદાધિકારીઓ મુંબઈના ઝોનલ પ્રેસિડેન્ટ શ્રી પિયુષભાઈ ગંઠા, મહારાષ્ટ્રના ઝોનલ પ્રેસિડેન્ટ શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા, મહારાષ્ટ્ર ઝોનલ મંત્રીશ્રી હર્ષદભાઈ મણીધર, અધિક મંત્રીશ્રી કેતનભાઈ પોપટ, મુંબઈ રીજીયન પ્રેસિડેન્ટ શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, કોંકણ રીજીયન પ્રેસિડેન્ટ શ્રી તરૂણભાઈ લાલાઈ તથા સ્થાનિક જ્ઞાતિ શ્રેષ્ઠીઓ શ્રી નીતિનભાઈ પાંધી, શ્રી મહેન્દ્રભાઈ ચંદન, શ્રી જાદવજીભાઈ ઠક્કર, શ્રી ગીરીશભાઈ કોઠારી શ્રી ઇલાબેન રૂપારેલ શ્રી પંકજભાઈ ઠક્કર, શ્રી માયાબેન કોઠારી, શ્રી પ્રતાપભાઈ ઠક્કર તેમજ અન્ય કાર્યકર્તાઓએ હાજર રહ્યા હતા.

આ મુલાકાત દરમિયાન નિર્વાસિત ગૃહના રહેવાસીઓ તેમજ ભાડુઆતોની રજૂઆત સાંભળવામાં આવી હતી, મુખ્યત્વે મુખ્ય જરૂરિયાતોને પહોંચી વળવા, અગાસી ઉપર ગંદકી છે તેની સાફ સફાઇ કરાવવા તેમજ પુનઃવિકાસની યોજના અમલમાં મૂકે ત્યાં સુધી પાયાની જરૂરિયાતોને વ્યવસ્થિત રીતે પૂરી પાડવા માટે માતૃસંસ્થાના પ્રમુખ તેમજ નિર્વાસિત ગ્રુહના ટ્રસ્ટી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી દ્વારા વિશેષ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે માતૃસંસ્થાની આ પ્રોપર્ટીમાં લાંબા સમય પછી ટ્રસ્ટીશ્રીઓ અને રહેવાસીઓની મિટિંગનું આયોજન થયું હોવાથી રહેવાસીઓમાં પણ આ અંગેનો એક ઉત્સાહ જોવા મળ્યો હતો. મીટીગના અંતે નવનિર્મિત ટ્રસ્ટ મંડળને ભાડુઆતોને શુભેચ્છા આપી હતી અને ટ્રસ્ટીઓ તરફથી પણ સુંદર રીતે મિલકતની પાયાની સગવડો પૂરી પાડવા માટે વ્યવસ્થાની ખાતરી અપાઈ હતી.







Ultra Modern Multi Speciality Hospital...
Nidhi Hospital
Adding Health to Life
NABH
ACCREDITED
CERTIFIED
ISO
COMPANY
ENDOSCOPY
LAPAROSCOPY
ENDOSCOPY CLINIC
GASTRO SURGERY
OBESITY SURGERY
PANCREAS SURGERY
ERCP
ENDOSCOPIC ULTRASOUND
TRAUMA/FRACTURE SURGERY
NEUROSURGERY
SPINE SURGERY
JOINT REPLACEMENT SURGERY
DIALYSIS CENTRE
HEALTH CHECKS
ICU
BEST PRACTICES ✣ QUALITY SERVICES ✣ AFFORDABLE RATES ✣ NO SURCHARGES
CASHLESS MEDICLAIM AVAILABLE
Nidhi Wellness Centre
Nidhi Health Checks
NIDHI HOSPITAL
Stadium Commerce Road,
Navrangpura, Ahmedabad-380 009.
nidhihospital2011@gmail.com
www.nidhihospital.org
YouTube
Emergency 24x7 +91 9898 74 2121, 079 4023 2121, 079 2642 6631

## આફ્રિકા ઝોન



તારીખ ૧૮ જૂન ૨૦૨૧ ના રોજ ભારતીય સમય અનુસાર રાત્રે નવ વાગ્યે આફ્રિકાના લોહાણા સમાજના પદાધિકારીઓ સાથે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ની એક મિટિંગનું આયોજન થયું હતું. જેમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, મહિલા સમિતિના અધ્યક્ષ સુશ્રી રશ્મિબેન વિઠ્ઠલાણી, યુવા સમિતિના અધ્યક્ષ શ્રી ચિંતનભાઈ વસાણી તથા આઈટી અને ડિજિટલ મીડિયા સમિતિ ના સભ્ય શ્રી વૈભવભાઈ બુધ્ધદેવ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે તારીખ ૧૩ જૂન ૨૦૨૧ ના રોજ યોજાયેલ શ્રી લોહાણા મહાપરિષદ ની કારોબારી સમિતિની બેઠકમાં પણ આફ્રિકાના જ્ઞાતિ શ્રી નવીનભાઈ કાનાબાર દ્વારા પણ આફ્રિકાના લોહાણા સમાજના લોકો મહાપરિષદના કાર્યો સાથે કેવી રીતે જોડાય અને આગળ સમાજના વિકાસ માટે શું કરી શકીએ ? તે માટેની રજૂઆત થઈ હતી.

જે અનુસંધાને શ્રી સતિષભાઈ વિઠલાણી દ્વારા આ મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું અને માતૃસંસ્થા છેવાડાના રઘુવંશી વ્યક્તિ સુધી પહોંચે તે માટેના કાર્યોને વેગ આપી સમાજને જાગૃત કરવા માટે તૈયારી દર્શાવી હતી.

## પૂર્વ ભારત ઝોન

શ્રી લોહાણા મહાપરીષદ દ્વારા તા. ૨૩ જુલાઈ ૨૦૨૧ ના સાંજે ૮.૩૦ કલાકે ઝૂમ એપ ઉપર મહાપરિષદના ઝોન ૧૪ – પૂર્વ ભારત ની રિવ્યૂ મીટ યોજાઈ હતી. આ મીટિંગ માં મહાપરિષદ પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠ્ઠલાણી, ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, ભૂતપૂર્વ પ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી રવીન્દ્રભાઈ વાધાણી, મહિલા સમિતિ ના પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી, યુવા સમિતિ પ્રમુખ શ્રી ચિંતનભાઈ વસાણી, ઉત્તર પૂર્વ વિભાગ ના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી હીરાભાઈ રાજા, શ્રી વિનુભાઈ ઔંધિયા તથા હાલ ઝોન-૧૪ પૂર્વ ભારત વિભાગ ના પ્રમુખ શ્રી હેમંતભાઈ મણીલાલ કાથરાણી, તથા તેમની ટીમ ના ૪૪ સભ્યો હાજર હતા.

ખુબજ ઉત્સાહ ને હળવા વાતાવરણ માં પ્રભુની પ્રાથના સાથે મહાપરિષદ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કરે મીટિંગ શરૂ કરેલ. પ્રમુખશ્રી તથા બાકી ના સભ્યો વચ્ચે ખુબજ સરસ રીતે વિચારોની આપ-લે થઈ. પ્રમુખશ્રીએ નવા જોડાયેલા સભ્યોને મહાપરિષદની રચના, તેની યોજનાઓ, અને તેના આગળના ભવિષ્યમાં શું કાર્યો કરવાના છે જેનો લાભ જ્ઞાતિના છેવાડા ના કુટુંબ ને મળે, તે વિશે જણાવ્યું હતું. મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણીએ પણ મીટિંગમાં હાજર બહેનો સાથે તેમના વિભાગના કાર્યોની ચર્ચા વિસ્તાર માં કરેલ. હાજર રહેલા યુવાન સભ્યોને આવકારતા ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કરે આરોગ્ય અને શિક્ષા ઉપર જોર દઈ ને ચર્ચા કરેલ. વડીલ શ્રી રવીન્દ્રભાઈ, હીરાભાઈ તથા વીનુભાઈએ પોતાના આશિર્વાદ આપેલ.

અંતમાં સર્વે હાજર રહેલા સભ્યોએ પોત-પોતાનો પરિચય આપતાં પ્રમુખશ્રીને, ઝોનલ પ્રમુખ સાથે મળીને આવતા પાંચ વર્ષ મહાપરિષદના આપેલ કાર્યો ને પૂરા કરવાની બહેદારી આપેલ. પ્રમુખશ્રી સતીષ ભાઈ વિઠ્ઠલાણીએ સર્વેને શુભેચ્છા આપેલ. આમ લગભગ ૧:૩૦ કલાક પછી મીટિંગ પૂર્ણ થયેલ.

## મહારાષ્ટ્ર ઝોન

મહારાષ્ટ્ર ઝોન ની આ વર્ષની ત્રીજી ઓનલાઈન ઝુમ એપ પર મિટિંગ ગુરુવાર, તા.૨૨.૦૭.૨૦૨૧ ના રોજે રાત્રે ૯ વાગ્યે આયોજીત થઈ. જેમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠકકર (નાસિક),

મંત્રીશ્રી શ્રી સુરેશભાઈ પોપટ, મહારાષ્ટ્ર ઝોનના ઝોનલ અધ્યક્ષ ધર્મેન્દ્રભાઈ કારીયા, નવ નિયુક્ત ઝોનલ ઉપાધ્યક્ષ શ્રી બિપીનભાઈ બટાવીયા, મુંબઈ ઝોનલ પ્રમુખશ્રી પિયુષભાઇ ગંઠા, મંત્રી શ્રી સંજયભાઈ ચંદારાણા, મહારાર્ષ્ટ્ર ઝોન ના રીજનલ પ્રેસીડેન્ટશ્રીઓ અને મંત્રીશ્રીઓ કોંકણ વિભાગ (શ્રી તરુણભાઇ લાલાઈ-ઉલ્હાસ નગર, શ્રી શૈલેષભાઇ વિઠ્ઠલાણી-ખોપોલી), વેસ્ટર્ન મહારાષ્ટ્ર (શ્રી ધીરુભાઈ રાજા, શ્રી રાજેશભાઈ મદલાણી - પુના), મરાઠાવાડા (શ્રી હેમંતભાઈ ઠક્કર, શ્રી યોગેશભાઈ ઠક્કર-જલના), નોર્થ મહારાષ્ટ્ર (શ્રી જયેશભાઇ ઠક્કર, શ્રી અમીષભાઈ જોબનપુત્રા - નાસિક), શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ ઉપપ્રમુખ શ્રીમતિ ભાવનાબેન તથા યુવા સમિતિ, મહિલા સભ્યો એમ કુલ મળીને ૫૭ સભ્યોની હાજરી રહી હતી.

શ્રી ધર્મેન્દ્રભાઈ કારિયા એ જણાવ્યું કે મહારાષ્ટ્ર ના દરેક મહાજનોના મુખ્ય કાર્યક્રમો જેવા કે પરિચય મિલન, ચૈત્રી બીજ, અષાઢી બીજ, શ્રી જલારામ જયંતિ અને શૈક્ષણિક અને અન્ય ક્ષેત્રમાં અવ્વલ નંબરે ઉતીર્ણ થયા હોય તે માટે સરસ્વતી સન્માન સમારોહની સાથે એજ્યુકેશન અને મેડિકલ સહાય ને પ્રાધાન્ય મળવો જરૂરી છે ત્યારે માતૃસંસ્થાના પ્રમુખશ્રી સતિષભાઈએ જણાવ્યું હતું કે નીચે ના મુદ્દાઓ પર પણ ધ્યાન આપવો ખૂબજ જરૂરી છે.

૧) વસ્તી ગણતરી

૨) સરકારશ્રીની શૈક્ષણિક અને આરોગ્ય નીતિઓ અને મળતી મદદને સમજી આપણા સમાજના વર્ગને બહોળો ફાયદો મળે તે માટે પ્રયત્ન કરવા.

શ્રી બિપીનભાઈ બાટવીયા ને સરકારી આરોગ્ય નીતિ વિષે બહોળો અનુભવ ધરાવે છે, તેમણે જણાવ્યું કે આપણા સમાજ ના વર્ગ માટે સરકારશ્રી ની યોજનાઓ નો ફાયદો અપાવવો એવો આગ્રહ શ્રી સતિષભાઈએ શ્રી બિપીનભાઈ બાટવીયા ને કહ્યું હતું, ત્યારે શ્રી બાટવીયા સાહેબે કહ્યું કે સરકારશ્રી ની ૫ લાખની આરોગ્ય વીમાના દાયરામાં આપણા સમાજના ૧% થી ૨% જ્ઞાતિજનો આવી શકે એવુ લાગે છે.

૩) શ્રી લોહાણા મહાપરિષદની એજ્યુકેશન પોલિસી વિષેની માહિતી સર્વે મહાજનશ્રીઓના પદાધિકારીઓને હોવી જરૂરી છે.

૪) આપણા મહારાષ્ટ્રના કોઇ ગામ / શહેર /મહાજનશ્રી ના વિસ્તાર માં જો કોઇ લોહાણા વિદ્યાર્થી ભવન/હોસ્ટેલ કે વાડીની નોંધ લઇ શ્રી લોહાણા મહાપરિષદની ઓફિસે માહિતી આપવી.

૫) મહાજનો પાસે જે તે વિસ્તારમાં લોહાણા ડૉક્ટર અને કેમિસ્ટ કે જેઓ આપણી જ્ઞાતિજનોને સેવા અથવા ઓછા દરે સેવા આપી શકે તેનો ડેટા રહેવો જરૂરી છે.

શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી જીતુભાઇ ઠક્કરે જણાવ્યું કે શ્રી અખિલ મહારાષ્ટ્ર લોહાણા સમાજના ઢાંચા ને સ્વરૂપ આપવા માટે શ્રી પિયુષભાઇ ગંઠા સાથે ચર્ચા કરી આ બાબતે આગળ વધવું. માતૃસંસ્થાના પ્રમુખશ્રી એ જણાવેલ મુદ્દાઓ પર ચર્ચા થઈ અને તે સંબંધિત કાર્ય માટે આગળ વધવું જરૂરી છે એવુ મહારાષ્ટ્ર ઝોનલ પ્રેસીડેન્ટશ્રીએ જણાવ્યું પરંતુ વસ્તી ગણતરી અને વસ્તી પત્રક બનાવવાની પ્રક્રિયા મોટા શહેરો માટે ખૂબ જ જટીલ છે તો પણ એ માટેના પ્રયત્ન ચાલુ કરી દેવા એવુ જણાવ્યું અને તે જ પ્રમાણે મહારાષ્ટ્ર અને મોટા શહેરોમાં શિક્ષણ સહાય - લોન, આરોગ્ય ક્ષેત્રે મદદ કરવા બાબતે શ્રી લોહાણા મહાપરિષદ ના વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ધર્મેશભાઈ હરીયાણી, આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડો. શ્રી પ્રવીણભાઈ દૈયા અને મહારાષ્ટ્રના મહાજન પ્રમુખશ્રીઓ સાથે એક અલગથી મિટિંગ કરી તે બાબતે ચર્ચા કરી પોલિશી સમજી લેવી તેમ જણાવ્યું હતું. આ ઓનલાઇન મિટિંગમાં મહારાષ્ટ્ર ઝોનના ઘણા મહાજન પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ અને ખજાનચીશ્રીઓ ભાગ લીધેલ અને પોત પોતાના મંતવ્યો વ્યક્ત કરેલા.

અન્ય કોઇ કાર્યવાહી ના રહેતા પ્રમુખશ્રીએ શનિવાર તા. ૨૪.૦૭.૨૦૨૧ના રોજે મહારાષ્ટ્ર ઝોન અને કોંકણ વિભાગ દ્વારા આયોજિત મોટીવેશનલ સ્પીકર ડો. શ્રી જીતેન્દ્રભાઈ અઢીયાના mind power "14 steps to Success" ઓનલાઈન ઝૂમ એપ કાર્યક્રમ નો લાભ સર્વે જ્ઞાતિજનોએ લેવો એવા નિર્દેશ અને વિનંતી સાથે સર્વે હાજર રહેલા મહાનુભાવો અને સભ્યો માટે આભારની લાગણી વ્યક્ત કરી, આજની સભાને વિરામ આપવામાં આવ્યો હતો.

( Govt. Recog. )

# MUKTAJIVAN

A GROUP OF EDUCATION

## MUKTAJIVAN ENGLISH SCHOOL

Pre-Primary, Primary, Secondary, Higher Secondary

Nr. Avkar Hall, Maninagar, Ahmedabad. Ph : 25441122

## MUKTAJIVAN VIDYALAY

Pre-Primary, Primary, Secondary, Higher Secondary

Opp. Samratnagar, Isanpur, Ahmedabad. Ph. : 25730333

## MUKTAJIVAN VIDYALAY (ENG.MED.)

Pre-Primary, Primary, Secondary, Higher Secondary

Opp. Samratnagar, Isanpur, Ahmedabad. Ph. : 25730333

# મધ્ય ગુજરાત ઝોન

## શ્રી લોહાણા મહાપરિષદ મધ્ય ગુજરાત ઝોનના ઝોનલ પ્રમુખ શ્રી અશોકભાઈ ગઢિયાની આગેવાની હેઠળ તારીખ ૨ ઓક્ટોબર ૨૦૨૧ ના રોજ આણંદ નડીયાદ મહાજનની મુલાકાત યોજાઇ



તા. ૨ ઓક્ટોબર ૨૦૨૧ ગાંધી જયંતી ના દિને અમદાવાદ મધ્યસ્થ ઝોન ૭ ના ઝોનલ પ્રમુખ અશોકભાઈ ગઢિયાની આગેવાની હેઠળ નીતિનભાઈ, હર્ષદભાઈ તથા જશવંત તન્નાએ આણંદ નડીયાદ મહાજનની મુલાકાત લીધી. ૧૦ વાગે સમયસર પહોંચી ચા નાસ્તાને યોગ્ય ન્યાય આપી મીટિંગ શરૂ મીટિંગ શરૂ થઈ.

રઘુવંશી ધ્વજવંદન, દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલી આપી મીટિંગ શરૂ થઈ. આણંદ મહાજન અગ્રણીઓએ બુકેથી મહેમાનોનું સ્વાગત કર્યું, ચંદ્રકાંતભાઈ તન્નાએ મહાપરિષદ વિશે ઊંડાણ પુર્વક માહિતી આપી. આણંદમાં મુખ્ય ૩ મહાજનો આણંદ લોહાણા મહાજન, સૌરાષ્ટ્ર લોહાણા મહાજન તથા લોહાણા મિત્રમંડળ. અંદાજે ૭૫૦/૮૦૦ જેટલા પરિવારો આજુબાજુના ખંભાત, લીંબાસી, તારાપુર, સારસા, ડાકોર, વિધ્યાનગર, માતર, બોરસદ વગેરે ગામોથી પણ લોહાણા અગ્રણીઓ આવેલા. પ્રવિણભાઈ રિજીયન ચેરમેન, પરેશભાઈ રિજીયન મંત્રી, ભરતભાઈ, અતુલભાઈ સૌરાષ્ટ્ર મહાજન, મનુભાઈ આણંદ મહાજન, વિધ્યાનગર મહાજન, ડાકોર મહાજન, હસમુખભાઈ કારીયા વગેરેએ મહાપરિષદની કામગીરી હેતુ પ્રવૃત્તિઓ વગેરેની સમજ આપી. સંગઠિત થઈ સમાજ ઉત્કર્ષ માટે આહ્વાન કર્યું.

દિલીપભાઈ ઠક્કરે UPSC GPSC માટે વિધ્યાર્થીઓ પ્રયત્ન કરે તે માટે ખુબ ભારપૂર્વક જણાવ્યું. પોતાનો આર્થિક સહયોગ આપવાની તત્પરતા બતાવી. આણંદ SP ઓફિસમાં જોબ કરતા ઠક્કરભાઈએ કહ્યું લોહાણા ભાઈઓને મારા લેવલની દરેક મદદ માટે હું હરહંમેશ તૈયાર છું. ડાકોર મહાજને મહાપરિષદના ઝોનલ હોદ્દેદારોને લોહાણા જાગૃતિ માટે ડાકોર આવવા આમંત્રણ આપ્યું. દરેકને સંગઠનની મજબુતી અને જાગૃતિની આવશ્યકતા મહેસુસ થઈ. મહાપરિષદની બધી સમિતીઓના કાર્યો માટે ઉત્સાહ આનંદ થયો. મીટિંગ ખુબ સફળ રહી.

આણંદ ખેડા રિજિયનના પ્રમુખશ્રી પરેશભાઈ કારિયાએ છેલ્લા નવ મહિના દરમિયાન અને ખાસ કરીન કોવિડ-૨ વખતની પોતાના વિસ્તારની સેવાકીય પ્રવૃતિઓનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો.







## કચ્છ ઝોન

### ભુજ મધ્યે કચ્છ ઝોન ની પર્યાવરણ સમિતિ દ્વારા વૃક્ષારોપણ, ઈ-વેસ્ટ કાર્યક્રમ

પર્યાવરણ જનજાગૃતિ અભિયાન અંતર્ગત આયોજીત પર્યાવરણ ચિંતન શિબિર, ઈ-વેસ્ટ ફ્રીડમ ડ્રાઈવ અને વૃક્ષારોપણ કાર્યક્રમ તા. ૨૧ ઓગસ્ટ ૨૦૨૧ શનિવારના રોજ કે. સી. ઠક્કર પ્રમુખ લોહાણા મહાપરીષદ કચ્છના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. શ્રી કે. સી. ઠક્કર સાહેબએ તેમના વક્તવ્યમાં પર્યાવરણ સમિતિ ની કામગીરી ને બિરદાવી હતી અને સહુ ને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા શ્રી કીરીટ ભીમાણી, અધ્યક્ષ પર્યાવરણ, સજીવ ખેતી, સ્વચ્છ ઉર્જા તથા જળસંચય સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ હતા. તેઓએ પણ મુખ્ય વક્તા તરીકે વ્યક્તવ્ય આપ્યું હતું. અને આ વક્તવ્ય માં શ્રી કિરીટ ભીમાણી એ પર્યાવરણ સમિતિ દ્વારા ૨૦૧૬ થી થયેલી વિવિધ પ્રવૃતિઓ વિષે હાજર લોકોને માહિતગાર કર્યા હતા. તથા આગામી સમય માં લોહાણા મહાપરિષદ ના નવા પ્રેસિડેન્ટ શ્રી સતીશભાઈ વિઠલાણીના માર્ગદર્શન પ્રમાણે સહુ પર્યાવરણ સમિતિ ના સભ્યોને તથા આવેલ મહેમાનો ને આગામી ૫ વર્ષ દરમિયાન પર્યાવરણ ઉપરાંત સજીવ ખેતી, જળ સંચળ, સ્વચ્છ ઉર્જા તથા રિસાયકલિંગ જેવા પ્રોજેક્ટ ઉપર ભાગ લેવા પર આગ્રહ કર્યો હતો. અને પર્યાવરણ સમિતિ ના દરેક નવા વરાયેલ સભ્યોને શ્રી કિરીટ ભીમાણી, શ્રી કે. સી. ઠક્કર તથા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર દ્વારા ખેસ પહેરાવીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ આયોજનમાં સવિશેષ ઘનશ્યામભાઈ આર. ઠક્કર, નગરપતિ, ભુજ નગર સેવા સદન, ઉપસ્થિત રહેલ અને એમના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે સમાજ, શહેર, પ્રદેશ ઉપયોગી આવાં તમામ કાર્યક્રમોમાં સકારાત્મક સહયોગ આપવાની પૂરેપૂરી ખાતરી આપી હતી. આ સમગ્ર આયોજનનું સંચાલન હિતેશભાઈ, રીઝીઅન પ્રમુખ લોહાણા મહાપરીષદ (ભુજ શહેર )દ્વારા કરવામાં આવેલ તથા અન્ય સહયોગીઓ ભરતભાઈ, ઉપાધ્યક્ષ, કચ્છ ઝોન લોહાણા મહાપરીષદ, દીલીપભાઈ, મંત્રી, કચ્છ ઝોન લોહાણા મહાપરીષદ, પરેશભાઈ, રાષ્ટ્રીય કારોબારી સદસ્ય પર્યાવરણ સમિતિ લોહાણા મહાપરીષદ કચ્છ ઝોન આ આયોજન ભુજ નવી લોહાણા મહાજન વાડી ખાતે યોજાયેલ સમાજના ભુજ શહેરના અધ્યક્ષ કીરણ ગણાત્રા, નવીનભાઈ આઈયા ઉપાધ્યક્ષ, ભુજ શહેર લોહાણા સમાજના અનિવાર્ય સંજોગોવસાત એમની અનુપસ્થિતિ દરમ્યાન એમણે આ સુંદર આયોજન સફળતાપૂર્વક પાર પડે એ માટે શુભેચ્છા સંદેશાઓ પાઠવ્યા હતાં કચ્છ લોહાણા મહાપરીષદ મહિલા સમિતિના અધ્યક્ષ જિજ્ઞાબેન તથા સદસ્યો લિનાબેન , પંકજબેન રામાણી ઉપસ્થિત રહી સહકાર આપ્યો હતો. મુકેશભાઈ (રીઝીઅન પ્રમુખ, રાપર દિપેશભાઈ રેલોન (રીઝીઅન પ્રમુખ, દયાપર), દિનેશભાઈ (રીઝીઅન મંત્રી, માધાપર), તથા વિનેશભાઈ સચદે, બાલકૃષ્ણ ઠક્કર કચ્છ લોહાણા મહાપરીષદ ના સદસ્યો સાથે પર્યાવરણ સમિતિના સદસ્યો સચીન પુજારા, પ્રવિણ ઠક્કર, સુનીલ ઠક્કર, રાજેશ ઠક્કર તથા ભુજ લોહાણા મહાજન સમાજના સભ્યો મહેન્દ્રભાઈ, દીલીપભાઈ, રશ્મિકાંત, ભરતભાઈ રાજદે, ગઢસીસા થી સુરેશભાઈ ચોથાણી અને પ્રેરક ઉપસ્થિતિ 'નિત્ય પ્રવાસી' અખિલેશ અંતાણી સાથે પર્યાવરણવાદીઓની પણ સૂચક









હાજરી રહી હતી વિશેષમાં કચ્છ ઝોનના વિવિધ વિસ્તારોમાંથી આવેલા લોહાણા મહાજન સમાજના વરીષ્ઠ આગેવાન, સુરેશ ઠક્કર. ગઢશીશા લોહાણા મહાજન સમાજના અગ્રણીઓ હાજર રહી આ પર્યાવરણ જનજાગૃતિ અભિયાન અંતર્ગત આયોજીત ચિંતન શિબિર કાર્યક્રમમાં શુભકામનાઓ પાઠવી હતી.

આ શિબિરમાં પર્યાવરણ સમિતિના ભુજ શહેરના સદસ્યો તરીકે વિનેશ સચદે, રાજેશ ઠક્કર, સચીન ગણાત્રા, કિંજલ ઠક્કર, રોહિત ઠક્કર, જતીન ઠક્કર, પિયુષ ઠક્કર ની નવી નિમણુંકો કરવામાં આવી હતી આજના આ શિબિરમાં પર્યાવરણ લગતી જનજાગૃતિ અભિયાન ઝૂંબેશ ઠેર ઠેર ધર્મસ્થાનોની જગ્યાઓ પર તથા પર્યટન સ્થળો પર હાથ ધરવામાં આવે સાથે સાથે સ્વસ્થ સ્વચ્છ સ્વાસ્થ્ય તંદુરસ્ત ઈમ્યુનીટી સ્ટેમીના માટે આવનારી આપણી પેઢી માટે પ્રેરણાદાયી જળસંચય જનજાગૃતિ અભિયાન અને સંજીવની ગાય આધારિત પ્યોર ઓર્ગેનાઈઝેશન ખેતી હોય કે ફાર્મમાં કાર્યરત થઈ શુધ્ધ સાત્વિક ખોરાકનું સર્જન કરવું જેથી પ્રકૃતિપ્રેમી કુદરતી સૌંદર્ય આધારિત સુરક્ષિત જીવનશૈલી બને જળસંચય કરી જળસંકટ નિવારણ કરી શકાય દુકાળને કાયમ માટે અલવિદા કહી જલસ્તરો ઊંચા લાવીએ આપણાં ખેતીપ્રધાન ભારત દેશને સમૃદ્ધ સ્વચ્છ સ્વસ્થ સશક્ત સ્વાસ્થ્ય વર્ધક સક્ષમ સામર્થ્યવાન વિશ્વગુરૂ તરીકે બીરાજમાન કરાવીએ એવી નેમ સૌ સાથે મળીને કરીએ એમ કીરીટ ભીમાણી અધ્યક્ષ પર્યાવરણ, સંજીવની ખેતી, જળસંચય, સ્વચ્છ સ્વાસ્થ્ય જનજાગૃતિ લોહાણા મહાપરીષદ દ્વારા જણાવ્યું હતુ.

---

## શ્રી લોહાણા મહાપરિષદ(કચ્છ ઝોન) દ્વારા જ્ઞાતિના સાંસદનુ સન્માન કરવામા આવ્યુ.

રઘુવંશી લોહાણા જ્ઞાતિના ગૌરવ એવા મુલુંડ (મુંબઈ) ના મા. સાંસદ મનોજભાઈ કોટકે લોહાણા મહાપરિષદ(કચ્છ ઝોન) પ્રમુખ કે.સી. ઠકકર ના રહેણાંક પર શુભેચ્છા મુલાકાત લીધી ત્યારે કચ્છ ઝોન તથા ગાંધીધામ જ્ઞાતિના આગેવાનો દ્વારા સન્માન કરવામા આવેલ.

આ સમયે ગાંધીધામ ના ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી, અખિલ કચ્છ લોહાણા મહાજન ના પ્રમુખ બળવંતભાઈ, વાગડ રઘુવંશી પરિવાર, ગાંધીધામ ના પ્રમુખ ધીરુભાઈ, ગાંધીધામ નગરપાલિકાના કારોબારી ચેરમેન પુનિતભાઈ, કાઉન્સિલ ભરતભાઈ મીરાણી, રામજીભાઈ ધેડા, ધવલભાઈ આચાર્ય, શ્રી લોહાણા મહાપરિષદ (કચ્છ ઝોન)ના મંત્રી શામજીભાઈ, રીઝીઅન પ્રમુખ અશોકભાઈ, મંત્રી હસમુખભાઈ, યુવા પ્રમુખ ભરતભાઈ, પુર્વ યુવાપ્રમુખ અતુલભાઈ. કોમ્યુનીટી ટ્રી ના હરિભાઈ રૂપારેલ. વાગડ લોહાણા રઘુવંશી પરિવાર ના ટ્રસ્ટી નવિનભાઈ, લખમશીભાઈ, જયેશભાઈ રાજદે, હરિભાઈ મજીઠીયા, યુવા પ્રમુખ મયુરભાઈ, રવિભાઈ વિગેરે હાજર રહેલ.



મા. ધારાસભ્ય માલતીબેન નુ સન્માન ગીતાબેન અને જયશ્રીબેન ઠકકરે કરેલ.

# Striving for excellence...
# in every step forward!

ISCON Group is today among Gujarat's pre eminent real estate developers, with a widespread corporate reputation founded on benchmark performance since over 2 decades.

With innovation & efficiency as the key deciding factors, Iscon Group has today diversified into multiple sectors. Its presence in these critical industries will not only propel its own success but also boost and strengthen the economy as a whole.

JP ISCON
BUILDING THE FUTURE
OVER 01 CRORE
SQ. FT. OF PROJECTS EXECUTED

www.iscongroup.com

CHROMENI
STEELS PVT. LTD.
INDIA'S LARGEST INTEGRATED
STAINLESS STEEL PROJECT
@MUNDRA, GUJARAT.

www.chromenisteels.com

ISCON BALAJI
FOODS

www.isconbalajifoods.com

bebe
MIKAYA BRANDS
PVT. LTD.
LICENCEE & DISTRIBUTORS FOR
INDIA - BEBE
(A LEADING MULTINATIONAL
WOMEN'S FASHION RETAIL BRAND)

www.mikayabrands.com

**JP ISCON PVT. LTD.**
ISO 9001:2008, ISO 14001:2004 & OHSAS 18001:2007

'ISCON HOUSE', Opp. Associated Petrol Pump,
Off C.G. Road, Ahmedabad - 380009.
Ph:+ 91 79 26464457 / 72 / 73

With Best Compliments
**PRAVIN KOTAK** (chairman) - ISCON GROUP

# સંસ્થા સમાચાર

## ગોંડલ -

લોહાણા વિધાર્થી ભવન ગોંડલ દ્વારા તાજેતરમાં રઘુવંશી વિધાર્થીઓ માટે રાહત દરે ફુલસ્કેપ ચોપડા તથા ધો.૧ થી ૧૦ ના ગુજરાતી માધ્યમના પાઠય પુસ્તકો વિના મૂલ્યે તારીખ ૧૭-૦૬-૨૦૨૧ થી ૨૧-૦૬-૨૦૨૧ સુધી પાંચ હજાર ફુલસ્કેપ ચોપડા વિતરણ કરવામાં આવેલ. ફુલસ્કેપ ચોપડા ની બજાર કિંમત રૂ. ૫૦/- છે તે સંસ્થા ને રૂ. ૨૯/- ના ભાવે આવેલા તે ફકત રૂ. ૧૫/- માં એક ચોપડા લેખે વિધાર્થી દિઠ ૨૦ નંગ ચોપડા આપવામાં આવેલ તેનો સમાજના દરેક વિદ્યાર્થીઓએ લાભ લીધેલ હતો.

તાજેતરમાં વરિષ્ઠ લોહાણા સમાજ ગોંડલ દ્વારા જલારામ મંદિરે એક સન્માન સમારોહ યોજાઈ ગયો જેમાં અનન્ય સેવાભાવી તથા ગોંડલના જલારામ મંદિર ની આધારશિલા માં પોતાનું મહદઅંશે યોગદાન આપેલ છે તેમજ અત્યારે પણ જલારામ મંદિરનું તમામ સંચાલન સુચારૂ રૂપે ચલાવે છે. તેવા હરિભાઈ સેજપાલને સર્વસમાજને ભવ્ય જલારામ મંદિર ભેટ આપવા બદલ શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા સાથે જ એમના સહચારીણી પૂજાબેન હરિભાઈ સેજપાલ ને આવા સરસ કાર્યમાં સતત ટેકો આપતા રહેવા બદલ એમનું બુકે તથા ફુલહાર થી સન્માન કરવામાં આવ્યું.

સન્માન સમારોહ બાદ કોરોના કાળ દરમિયાનના દિવંગતો ને સર્વેએ શ્રધ્ધાંજલી અર્પિત કરી, વરિષ્ઠ લોહાણા સમાજ ના હોદ્દેદારોની વરણી કરી. જેમાં પ્રમુખ તરીકે વિનુભાઈ વસાણી, ઉપપ્રમુખ પ્રકાશભાઈ ઠકરાર, ઉપપ્રમુખ દિનેશભાઈ લાલચેતા, મહામંત્રી અશોકભાઈ પોંદા, મંત્રીઓ નટુભાઈ તન્ના તથા અશોકભાઈ બુધ્ધદેવ, ખજાનચી મહેશભાઈ કોટક, સહ ખજાનચી રાજુભાઈ પોપટ, સલાહકાર તરીકે રમેશભાઈ કટારીયા ઝવેરી, કિશોરભાઈ દાવડા, ઉમેદભાઈ પોંદા, કિશોરભાઈ સોમૈયા, સૂર્યકાંતભાઈ સેલાણી, હરિભાઈ સેજપાલ, ઘનશ્યામભાઈ રાયચુરા, ચંદુભાઈ સોમૈયા, ભરતભાઈ સાગલાણી તથા લીગલ એડવાઈઝર તરીકે એડવોકેટ રવિરાજભાઈ ઠકરાર ની સર્વાનુમતે વરણી કરેલ છે.

**સંકલન - શ્રી પ્રકાશભાઈ ઠકરાર**

---

## જામનગર -

શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ જામનગર દ્વારા લોહાણા સમાજના વિદ્યાર્થીઓને રાહત દરે નવનીત પ્રકાશનના ફૂલ સ્કેપ ચોપડાનું વિતરણ રવિવાર તારીખ ૮ ઓગષ્ટ, ૨૦૨૧ ના રોજ લોહાણા મહાજન વાડી થી સવારના ૧૦:૩૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી કરવામાં આવશે. વધુ માહીતી માટે પ્રોજેક્ટ ચેરમેન શ્રી અતુલભાઈ રાયઠઠ્ઠા મો. ૯૪૨૭૨૦૭૫૯૬ નો સંપર્ક કરવા વિનંતી.

**સંકલન - શ્રી જીજ્ઞેશભાઈ સીમરીયા**

Mumbai's Biggest furnishings Retail showroom wishes you all

# HAPPY DIWALI



50 Years ANNIVERSARY

SAFE & HAPPY SHOPPING

GOLDEN JUBILEE CELEBRATION

SALE

50%*+20% OFF

*Conditions Apply

*On selected items

Estd. 1971 www.osakafurnishings.in

OSAKA™

SPIRIT OF FURNISHING

OSAKA FURNISHINGS LIMITED

CURTAIN FABRICS & SOFA FABRICS - ALL KINDS OF HOME LINEN

READY MADE CURTAINS - MAKE TO ORDER SOFA SET - CHAIRS - MATTRESSES

Borivali (w) - Vile Parle (w) - Virar (w) - Rajkot (gujarat).

09372707524 - 9372707525 -9167444172

# ભાગ્યશાળી દાતાશ્રી

શ્રી લોહાણા મહાપરીષદ એ સમગ્ર વિશ્વમાં વસતા રઘુવંશીઓની માતૃસંસ્થા છે. સંગઠન, સેવા, સમર્પણ, સદ્ભાવ અને એકબીજાના સાથ સહકારથી જ્ઞાતિહિતની વિવિધ પ્રવૃત્તિઓ કરી માતૃસંસ્થાના આશીર્વાદ ઘર ઘર સુધી પહોંચે તે આપણા સૌની પવિત્ર ફરજ છે.

આપણાં સમાજમાં છેલ્લા કેટલાક વર્ષોમાં શિક્ષણ પ્રત્યે ખૂબ જ જાગૃતિ આવી છે તેમજ છેલ્લા કેટલાક સમયથી કોરોના મહામારી અને અન્ય બિમારીઓના કારણે આરોગ્ય માટે પણ સહાયની વધુ જરૂરિયાત ઉભી થઈ છે.

આર્થિક રીતે નાના નાના કેટલાય લોકોની એવી ઈચ્છા હોય છે કે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અવિરત ચાલતા શિક્ષણ અને આરોગ્ય સેવાયજ્ઞમાં પોતાની આહુતિ આપે.

શ્રી લોહાણા મહાપરિષદના પદાધિકારીઓ સાથે આ અંગે ચર્ચા વિચારણા કર્યા બાદ સમાજની નાની મોટી દરેક વ્યક્તિ આ સેવા યજ્ઞમાં જોડાઈ શકે તે માટે માત્ર રૂ. ૨૧૦૦/- ના દાન થકી દાતાશ્રી પોતાના વ્યક્તિગત નામે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ ના ખાતામાં ફક્ત ઓનલાઇન કે ચેક દ્વારા આ રકમ જમા કરાવી તેની વિગત મોકલવાની રહેશે. આમ, પ્રથમ ૧૦૦ વ્યક્તિઓની રકમ જમા થાય ત્યારબાદ સર્વ દાતાશ્રીઓના નામનું લીસ્ટ બનાવી તેનો કોમ્પ્યુટરાઈઝ લકી ડ્રો કરવામાં આવશે.

આ પ્રકારના કોમ્પ્યુટરાઈઝ લકી ડ્રો દર ૧૦૦ દાતાઓના ગુણાંકમાં કરવામાં આવશે અને લકી ડ્રો માં જે દાતાશ્રીનું નામ નક્કી થાય તે ભાગ્યશાળી દાતાશ્રી ના નામે તે રકમ જ્યાં સુધી જમા હશે ત્યાં સુધી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના સેવાયજ્ઞ શિક્ષણ અને આરોગ્ય સહાયમાં જરૂરિયાતમંદ પરિવારને ફાળવવા આપવામાં આવશે. આ કારણે સમાજનાં નાના મોટા અનેક લોકો પોતાનું યોગદાન આપી ગર્વથી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના સેવા કાર્યોમાં સહભાગી બનીને ગૌરવ અનુભવશે.

આમ, ભાગ્યશાળી દાતાશ્રી નું નામ શ્રી લોહાણા મહાપરિષદના મુખપત્રમાં તેમજ દરેક દાતાશ્રીઓના નામ ની વિગત માતૃસંસ્થાની વેબસાઈટ પર મુકવામાં આવશે.

ભાગ્યશાળી દાતામશ્રી યોજના થકી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના સેવાયજ્ઞમાં સહભાગી થવા માટેની -: જરૂરી સુચનાઓ :-

૧. આ યોજનામાં ફક્ત લોહાણા સમાજના સભ્યશ્રીઓ જ જોડાઈ શકશે.

૨. આપશ્રી દ્વારા કરેલ પેમેન્ટની વિગત જેવી કે UTR / RTGS / NEFT / UPI નંબર તેમજ ઓનલાઈન મોબાઈલથી પેમેન્ટ કરેલ હોય તો ફોન નો સ્ક્રીન શોટ માતૃસંસ્થાના વોટ્સએપ નંબર પર મોકલી આપવાનો રહેશે.

૩. રૂ. ૨૧૦૦/- નું દાન આપ ઓનલાઈન તથા ચેક કે ડ્રાફ્ટ થી શ્રી લોહાણા મહાપરિષદના રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ ના ખાતામાં જમા કરવાના રહેશે. જો કોઈ રોકડ જમા કરાવે તો તે સભ્ય રોકડ ભર્યાની પહોંચની નકલ અમોને મોકલવાની રહેશે.

૪. યોજનામાં ભાગ લેનાર દાતાશ્રી એ પોતાનું સંપૂર્ણ નામ, સરનામું, મોબાઈલ નંબર તથા ઈમેલ ID (હોય તો) વગેરે વિગતો અમોને મોકલી આપવાની રહેશે.

૫. આપશ્રી દ્વારા મોકલેલ વિગતના આધારે જ લકી ડ્રો કરવામાં આવશે.

૬. આ યોજના ના નિયમો, સમય અને સંજોગો અનુસાર ફેરફારને આધીન છે. તમામ માપદંડો, નિયમોના ફેરફાર કરવાના તમામ હક્ક અને અધિકાર માત્ર અને માત્ર શ્રી લોહાણા મહાપરિષદ - રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના રહેશે.

# Nothing BIG for us ...



ASHUTOSH**CFS**

**ASUTOSH CONTAINER SERVICES PVT. LTD.**

Survey No. 169/42 & 169, On the way to Mundra Port & SEZ Ltd.,
Village : Dhrub, Tal. Mundra (Kutch), Pin: 370421

PIC : Mr. Bhaven S. Thacker : +91 9825512345 - Director
E-mail : bhaven@ashutoshcfs.com
Mr. C. R. Panda : +91 9978901372 - Asst. General Manager
E-mail : crpanda@ashutoshcfs.com

**Visit us at : www.ashutoshcfs.com**

# શાબાશ રઘુવંશી



## ચિ. કૈવલ રાજુભાઈ કોટક

રાજધાની દિલ્હીમાં યોજાયેલ નેશનલ પાવર લિફટીંગ ચેમ્પિયનશિપ ૨૦૨૧માં રઘુવંશી સમાજના ગૌરવ તથા રેનાબેન અને રાજીવભાઈ કોટકના સુપુત્ર ચિ. કૈવલ કોટક ને ૨ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ જીતવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.



## શ્રી જયભાઈ વિજયકુમાર ઠક્કર, સુરત

સુરતમાં પ્રકાશન ક્ષેત્રે ૧૦૦ વર્ષ જુની સંસ્થાના સ્થાપક, શ્રી સુરત ઘોઘારી લોહાણા મહાજનના માજી પ્રમુખ અને અનેક લોહાણા સંસ્થાઓ સાથે જોડાયેલ તેમજ વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરનાર સ્વ. શ્રી હિરાલાલભાઈ છોટાલાલ ઠક્કર, શ્રી ગજાનન પુસ્તકાલય સુરતના પૌત્ર અને સામાજિક ક્ષેત્રે કાર્યરત ડૉ. વિજયભાઈ ઠક્કરના સુપુત્ર શ્રી જયભાઈ વિજયકુમાર ઠક્કરને ૨૦૨૧ માટે સિવિલ ડિફેન્સમાં ઉત્કૃષ્ઠ સેવા માટે ચીફ મિનિસ્ટર ગુજરાતનો ઍવોર્ડ એનાયત થયો છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી શુભેચ્છા સહ અભિનંદન.

## Shri Kiritbhai Bhimani, Ahmedabad



Shri Kirit Bhimani, Chairman of Shree Lohana Mahaparishad's Environment, Organic Farming, Clean Energy and Water Conservation Committee has been appointed as an Environmental Consultant to The Somnath Trust (Somnath Mahadev Temple) for a special tree plantation drive where the trust will plant 11 Lakh trees, one for every resident of the Gir Somnath Area, as a part of Azadi Ka Amrit Mahotsav, the nation-wide celebration to mark 75 years of India's independence. The drive is dedicated to planting trees that generate economic opportunities for the residents of the area.

The Somnath Trust manages Shree Somnath Temple of Lord Shiva, which is first among the twelve Aadi Jyotirlings of India. It has a strategic location on the western coast of India. The Pran-Pratistha at the existing temple was done on 11th May 1951 by then President of India, Dr. Rajendra Prasad. Currently, Prime Minister Shri Narendra Modi is the Chairman of the Trust. The other trustees are Home Minister Amit Shah, former deputy Prime Minister L. K. Advani, former Chief Secretary of Gujarat P. K. Laheri, Kolkata-based businessman Harshvardhan Neotia and J D Parmar.

## Dev Raichura





Child's Age: 6 years & 10 months
Father's Name: Pulkit Raichura
Mother's Name: Nisha Raichura
Place of Residence: Canberra, Australia

Dev's Interests : Apart from chess he likes to play Tennis, Basketball & cricket. He loves to play board games specially which involves thinking/logic like monopoly. He favourite subject is Maths and got selected for Maths program at school. Other than that he loves to play with her little sister Pushti.

Dev's Achievement: Dev has started playing chess in Aug'20 and got his 1st International Rating 1274 on 30/06/21. He was 1st in Australia under 7 & 8 age group and world ranking was at No.12 under 7.


સર્વ રઘુવંશીઓનો સર્વ રીતે વિકાસ થાય તેવી પ્રભુશ્રી રામચંદ્રજીને પ્રાર્થના

નુતન વર્ષાભિનંદન

પરેશ પોપટભાઈ ભુપતાણી
મો: ૯૮૨૫૦ ૧૯૧૦૭

ધ્રુવિન પરેશભાઈ ભુપતાણી (એડવોકેટ - ગુજરાત હાઈકોર્ટ)
મો: ૯૯૭૪૦ ૩૫૪૯૬

# શ્રી લોહાણા મહાપરિષદના અમદાવાદ વહિવટી કાર્યાલયને મણિનગરની હંગામી ઓફિસેથી ઈસ્કોન મંદિરની પાસે આવેલી વિશાળ જગ્યામાં ખસેડવામાં આવ્યું.

અમદાવાદના જ્ઞાતિ શ્રેષ્ઠી શ્રી મહેન્દ્રભાઈ રાયચાના સૌજન્યથી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના અમદાવાદ કાર્યાલયનું ઉદ્દઘાટન તા. ૨૪ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના નેતૃત્વમાં બાબુલ ગ્રુપના ચેરમેન શ્રી કૌશિકભાઈ મજીઠીયા ના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. કાર્યલયના શુભારંભ પ્રસંગે માં ગાયત્રી યજ્ઞનું આયોજન સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦ કલાકે ઓફિસના સૌજન્ય દાતા શ્રી મહેનદ્રભાઈ રાયચા અને શ્રીમતી નીલાબેન રાયચાના વરદ હસ્તે રાખેલ, જેમાં શ્રી લોહાણા મહાપરીષદના પુર્વ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ડૉ. એન.કે. માનસેતા, શ્રી રાજેનદ્રભાઈ મજેઠીયા (ઉર્મીન ગ્રુપ ઓફ કંપનીઝ) શ્રી રમેશભાઈ મશરુ તથા શ્રી અમદાવાદ (હા.ઘો.ક.) લોહાણા મહાજન અને સમગ્ર રાયચા પરિવારના સંબંધીઓ અને શ્રી લોહાણા મહાપરીષદના અમદાવાદ રીજીયનના બધાજ પદાધિકારીઓ એ યજ્ઞમાં આહુતી અર્પણ કરીને કાર્યલયના શુભારંભ પ્રસંગે પરંપરાગત પૂજન કરવામાં આવેલ. ઉપરોક્ત ઓફિસને બધીજ સુવિધા સાથે કોર્પોરેટ લુક આપવામાં રાયચા પરિવારના પુત્ર શ્રી અક્ષીત રાયચાની જહેમત સરાણીય રહી.

આ શુભ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદ ના પૂર્વ પ્રમુખ / ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ કોટક, ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભુપતાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ધર્મેશભાઈ હરીયાણી, મહામંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર, ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટ, મધ્ય ગુજરાત ઝોનના ઝોનલ પ્રેસિડેન્ટ શ્રી અશોકભાઈ ગઢીયા, ઝોનલ મંત્રી શ્રી નિતિનભાઈ ઠક્કર તથા અમદાવાદ રીજનલ પ્રમુખ શ્રી જશુભાઈ તન્ના અને સમગ્ર ટીમ, આણંદ રીજનલ પ્રમુખ શ્રી પરેશભાઈ કારીયા અને સમગ્ર ટીમ, સંયુક્ત મંત્રી શ્રી મનુભાઈ ગોકલાણી અને શ્રી ભવાનભાઈ ઠક્કર, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી રઘુકુળ વિશ્વ, પ્રેસ મિડિયા અને પબ્લીકેશન સમિતિના અધ્યક્ષ શ્રી ચંદ્રકાંતભાઈ તન્ના, ગવરમેન્ટ ઓફિસર્સ સમિતિના અધ્યક્ષ શ્રી પંકજભાઈ ઓંધીયા, કેમિસ્ટ સમિતિના અધ્યક્ષ શ્રી વિજયભાઈ અને અજયભાઈ ઠક્કર, આઈ.ટી. સમિતિના અધ્યક્ષશ્રી નિમેષભાઈ માણેક, કચ્છી લોહાણા સમાજના પ્રમુખ રંગવાલા સાથે પૂર્વ પ્રમુખ શ્રી જગદિશભાઈ અનમ તેમજ અમદાવાદના જ્ઞાતિ શ્રેષ્ઠીઓ હાજર રહ્યા હતા.

પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ કાર્યાલયના સૌજન્ય દાતાશ્રી મહેન્દ્રભાઈ રાયચા પરિવાર નો આભાર માન્યો હતો.














॥ ગાવો વિશ્વસ્ય માતરઃ ॥

# શ્રી જલારામ ગૌશાળા ભાભર

સૌજન્યઃ **પારકર યુવક મંડળ**

**આપણી માતા તો આપણને એક વર્ષ સુધી જ ધવરાવે છે,**
**જ્યારે ગૌ-માતા સદીઓથી દૂધપાન કરાવે છે.**

## આપનું દાન... અમારું જીવન...



**આપનો જન્મદિન**
**અમારો અભયદિન બનાવો.**

**આપના લગ્નોત્સવને**
**અમારો જીવનોત્સવ બનાવો.**

**સ્વજનના મૃત્યુનો શોક ગૌદાનથી હળવો બનાવો.**

**ધાર્મિક મહોત્સવને જીવદયાનો પણ મહોત્સવ બનાવો.**

**આપની માંદગીમાં પશુઓને શાતા આપી પુણ્યનું ઉપાર્જના કરો અને સાજા થાઓ.**








**અબોલ જીવો આપના પ્રત્યે આશાભરી મીટ માંડીને બેઠા છે.**

**આપ તેમના તારણહાર બની શકો છો.**

શ્રી જલારામ ગૌ સેવા ટ્રસ્ટ
(Shree Jalaram Gauseva Trust)
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ભાભર
Account No. : 30583615451
IFCcode - SBIN0002632
નામથી દાન મોકલવા વિનંતી છે.

સંસ્થાને મળતા દાન ઈન્કમટેક્ષ કલમ-૮૦-જી મુજબ કરમુક્ત છે

: દાન હેતુ સંપર્ક :

**અમદાવાદ ઓફીસ** : ૨૧૯, ટાયટેનિયમ સીટી સેન્ટર મોલ, ૧૦૦ ફૂટ આનંદનગર રોડ, સચીન ટાવર પાસે, સેટેલાઇટ, અમદાવાદ.
મો. ૯૮૨૪૦ ૩૧૧૦૧, ૯૭૧૪૭ ૩૨૦૦૦, ૯૩૭૭૭ ૯૫૭૦૨ મો. ૯૮૨૪૦ ૭૬૩૯૭ (ટંકશાળ અમદાવાદ)
મુ.તા. : ભાભર, જી : બનાસકાંઠા, ઉત્તર ગુજરાત. મો. : ૯૮૨૪૫ ૧૭૯૫૧
E-mail : jalaramgauseva@yahoo.com Web : www.jalaramgauseva.org

RNI NO. : GUJ GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2020-2022 valid upto 31st December-2022
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th Novmeber, 2021




Printed and Published by **SATISH D. VITHLANI** on behalf of **SHREE LOHANA MAHAPARISHAD** and Printed at Print Vision Private Limited, Print Vision House, Lane Opp Ashwamegh Elegance 2, Ambawadi Market Ahmedabad – 380 006 and published from Shree Lohana Mahaparishad, Iscon Mega Mall Besement, Near Iscon Temple, S.G Highway AHMEDABAD - 380 059
Editor – **CHANDRAKANT J. TANNA.**